# Superman In Islam

## સુપરમેન ઈન ઈસ્લામ

## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### આપ(અ.)ની જાબિર બિન હૈયાન સાથે વાતચીત

અબુ શાકિર અબુધ હતો પરંતુ ઈમામ જાફર સાદિક(અ.)ના શિષ્યોમાંથી કેટલાકની ગણના વૈજ્ઞાનિકોમાં થાય છે કે જેઓ તેમના શિક્ષકની સાથે ચર્ચા કરતા હતા તેમાંથી એક જાબિર બિન હૈયાન પણ હતા. ઈમામ જાફર સાદિક(અ.) પોતાના શિષ્યોની સાથે એટલા માટે ચર્ચા કરતા હતા કે તેમના શિષ્યો પોતાના વિષયોને સારી રીતે સમજી શકે.

ઈમામ જાફર સાદિક(અ.) ઈસ્લામી દુનિયાના એવા પહેલા શિક્ષક છે કે જેમણે શિક્ષક અને શિષ્યના સંબંધનો પાયો ચર્ચા ઉપર રાખ્યો હતો. આ પધ્ધતિ ત્યાર પછી આવનારા જમાનાઓમાં ઈસ્લામી મદ્રેસાઓમાં અને ખાસ કરીને શીઆહ મદ્રેસાઓમાં અપનાવી લેવામાં આવી. દરેક પાઠ પૂર્ણ થયા પછી શિષ્યો એકબીજાથી ચર્ચા વિચારણા કરતા હતા કે જેથી શિક્ષકે આપેલા પાઠને સારી રીતે સમજી શકે.

એક દિવસ ઈમામ જાફર સાદિક(અ.)એ ફિલોસૉફી સમજાવતાં કહ્યું કે દરેક વસ્તુ હલનચલન કરી રહી છે અને જો હલનચલન ન થતું હોય તો વસ્તુનું અસ્તિત્વ જ ન હોય એટલે કે જો તેમનું સ્વરૂપ આવું ન હોત કે જે દેખાઈ રહ્યું છે કે તેમનું અસ્તિત્વ હલનચલનના કારણે ટકી રહ્યું છે તો તેમની અંદર પરિવર્તન આવી ચૂક્યું હોત.

ઈમામ જાફર સાદિક(અ.)ના એક શિષ્ય જાબિર બિન હૈયાને સવાલ કર્યો, શું ખરેખર આપ એવું માનો છો કે કોઈ પણ વસ્તુ હલનચલન વગરની નથી ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કે એમાં કોઈ શંકા જ નથી. જાબિરે પૂછ્યું કે શું અવાજ પણ હલનચલન કરે છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કે હા, અય જાબિર! અવાજ પણ હલનચલન કરે છે. પરંતુ તેની ગતિ પ્રકાશની ગતિ કરતાં ઓછી છે. જ્યારે તમે દૂરથી જોતા હો છો કે લુહારની કોઢમાં એક માણસ લોખંડના હથોડાને ઓજાર ઉપર ફટકારે છે તો તેનો અવાજ અમુક સમય પછી કાન સુધી પહોંચે છે જ્યારે કે તમે જુઓ છો કે હથોડા વડે જે ક્ષણે પ્રહાર કરવામાં આવ્યો તેના કારણે જે પ્રકાશ નીકળ્યો તે એ જ ક્ષણે તમારી આંખો સુધી પહોંચી ગયો. આનું કારણ એ છે કે અવાજની ગતિ પ્રકાશની ગતિ કરતાં ઓછી છે અને અવાજ મોડો સંભળાય છે.

જાબિરે પૂછ્યું, અવાજને સાંભળવામાં કેટલું મોડું થાય છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો કે તે બાબત તે જગ્યા અને તમારા વચ્ચેના અંતર ઉપર આધારિત છે અને નજીકના સ્થાનથી થોડીક જ વારમાં તમે અવાજને સાંભળી લેશો પરંતુ દૂરના સ્થાનેથી અવાજ તમારા કાન સુધી થોડીક વાર પછી પહોંચે છે. જાબિરે પૂછ્યું કે શું તમને અંતરની લંબાઈની ખબર છે ? ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, એક યુનાની દાર્શનિક

આર્કિમિડીઝ (Archimedes) એ આ અંતરને માપ્યું છે અને તેના મત પ્રમાણે માણસના અવાજનો સ્ત્રોત(ઉદ્‌ભવ સ્થાન) ૪૦૦ ગજના અંતરે હોય તો અવાજ ૮ સેકન્ડમાં સંભળાશે અને આવી જ રીતે માણસના અવાજનો સ્ત્રોત જેટલો વધતો જશે એટલી અવાજ સંભળાવામાં વાર થશે.*

જાબિરે કહ્યું કે જે ગણતરી આર્કિમિડીઝે કરી છે એના આધારે જોઈએ તો જ્યારે પણ અલ્લાહ તઆલા પોતાના કોઈ પણ નબી સાથે વાત કરવા ઈચ્છત તો હજારો વર્ષ લાગી જાત કારણ કે અલ્લાહ સાતમા આસમાન ઉપર છે અને આ દુનિયાથી ત્યાં સુધીનું અંતર એટલું બધું છે કે માણસની બુધ્ધિમાં પણ ન આવે. ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું કે જો એવું કહેવાતું હોય કે અલ્લાહ તઆલા સાતમા આસમાન ઉપર છે તો તે એટલા માટે કહેવાય છે કે સામાન્ય માણસ અલ્લાહ તઆલાની અઝમતને સમજી શકે નહિતર અલ્લાહ તો દરેક જગ્યાએ મોજુદ છે. કોઈ એવી જગ્યા નથી કે જયાં અલ્લાહ ન હોય. માટે દરેક જમાનામાં જ્યારે પણ અલ્લાહ તઆલા પોતાના કોઈ નબી સાથે વાતચીત કરવા ઈચ્છત તો અલ્લાહ તેના નબીની એટલી નજીકથી વાત કરત કે જેવો અલ્લાહ તઆલાનો અવાજ પેદા થતો કે તરત જ તેને નબી સાંભળી લેત. પરંતુ જો અલ્લાહ તઆલા સાતમા આસમાન ઉપર પણ હોત તો પણ તેનો અવાજ એક સેકન્ડમાં તેના નબી સુધી પહોંચી જાત કારણ કે અલ્લાહ તઆલાનો અવાજ ઈન્સાન અને અન્ય મખ્લૂકના જેવો નથી કે તેને સાંભળવા માટે સમય લાગી જાય અને તે અંતર કાપતાં કાપતાં સાંભળનાર સુધી પહોંચે.

પરંતુ અહીં અલ્લાહે **‘કુન’** કહ્યું ત્યાં **‘યકૂન’** થઈ ગયું અને આ કાઈનાત આવી જ રીતે અસ્તિત્વમાં આવી છે. અલ્લાહ તઆલા પોતાના અવાજને કાઈનાતની દૂર સુદૂરની જગ્યાઓથી એક સેકન્ડમાં પોતાના નબી સુધી પહોંચાડી શકે છે. જાબિરે પૂછ્યું કે જો દુનિયા એક સેકન્ડમાં અસ્તિત્વમાં આવી છે તો પછી એવું શા માટે કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલાએ તેને છ દિવસમાં ખલ્ક ફરમાવી ?

ઈમામ જાફર સાદિક(અ.)એ જવાબ આપ્યો, દુનિયાનો અસલ પાયો એક સેકન્ડમાં મૂકવામાં આવ્યો અને છ દિવસ તેની અંદર પરિવર્તન આવવામાં લાગ્યાં ત્યાર પછી દુનિયા હાલના સ્વરૂપમાં જાહેર થઈ અને આ વાતમાં કોઈ શંકા નથી કે ખિલ્કતની શરૂઆતમાં કાઈનાત હાલના સ્વરૂપમાં ન હતી અને એક લાંબી મુદ્દતના પરિવર્તન પછી દુનિયા આજના સ્વરૂપમાં આવી અને અલ્લાહના કલામમાં જે છ દિવસનું વર્ણન છે તે એટલા માટે છે કે સામાન્ય લોકો તેને સમજે.

તમે એમ ન વિચારો કે અલ્લાહ તઆલાના

---

* અવાજના હલનચલન વિશે આર્કિમિડીઝની ગણતરી ભૂલભરેલી છે એ વાત વાંચકોથી છૂપી નથી. ખાસ કરીને એ વાત કે આર્કિમિડીઝના સમયમાં અમને ભરોસો નથી કે એક સેકન્ડ તેને જ કહેવાતી હશે કે જેને આજકાલની આપણી ઘડિયાળો સેકન્ડ કહે છે. પરંતુ અમે એ વાત જાણીએ છીએ કે પ્રાચીન યુનાનમાં સેકન્ડ શું છે તે વિશે લોકો જાણતા હતા અને યુનાની આર્કિમિડીઝ કે જે એક ફિલોસોફર, એન્જિનિયર અને ભૌતિકશાસ્ત્રી હતો કે જેનો પરિચય આપવાની કોઈ જરૂર નથી, તેણે ભૂમિતિ અને ભૌતિકશાસ્ત્ર વિશે નવ કિતાબો લખેલી છે કે જે આજ સુધી સુરક્ષિત છે અને આજે પણ ઈસવી સન પૂર્વે ત્રીજી સદીની જેમ કે જે આર્કિમિડીઝનો જમાનો હતો, તેની કિતાબોથી લોકો ફાયદો ઉઠાવે છે અને બધા સમુદ્રી જહાજો પાણીમાં ડૂબકી લગાવવાવાળા પદાર્થના વજનને નિશ્ચિત કરવા માટે આર્કિમિડીઝના પ્રખ્યાત સિધ્ધાંતનો ઉપયોગ કરે છે. વિજ્ઞાનની એ ખૂબી છે કે તે જૂનું થતું નથી. એવી જ રીતે વૈજ્ઞાનિક સિધ્ધાંત પણ માણસ અને અન્ય મખ્લૂકના જીવનના અંત સુધી બાકી રહેશે.

છ દિવસ મારા અને તમારા છ દિવસના જેવા છે પરંતુ એ વાત સાબિત છે કે પરિવર્તનના છ તબક્કા પછી આ કાઈનાત હાલના સ્વરૂપમાં આવી ગઈ.

જાબિરે પૂછ્યું, શું આપ બતાવી શકો છો ખરા કે અલ્લાહ તઆલાનો એક દિવસ કેટલો છે ? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, અય જાબિર ! જો હું તમને એવો જવાબ આપું કે જેના સાચા હોવામાં મને શંકા હોય તો પછી હું શા માટે એવા જવાબને જીભ ઉપર લાવું ? જો હું અલ્લાહ તઆલાની જાતને સમજી શકત તો તમને બતાવી શકત કે અલ્લાહ તઆલાનો એક દિવસ કેટલો છે. હું અલ્લાહ તઆલાના દિવસની મુદ્દત વિશે જે કંઈ તમને કહું તે મારું મંતવ્ય જ હશે જેનો અલ્લાહ તઆલાના દિવસની મુદ્દત સાથે કોઈ પણ સંબંધ નહીં હોય. હું તમને ફક્ત આટલું જ કહી શકું કે અલ્લાહ તઆલાનો દિવસ ઘણો લાંબો છે અને તમે તમારા માપદંડ વડે અલ્લાહ તઆલાના દિવસને સમજી શકો નહીં.

જાબિરે પોતાના શિક્ષકને પૂછ્યું, શું આપ એવું કહો છો કે અલ્લાહ તઆલા દરેક જગ્યાએ મોજુદ છે અને કોઈ જગ્યા એવી નથી કે જ્યાં અલ્લાહ ન હોય? ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, હા, અય જાબિર! મેં આ વાત કહી છે અને આ જ મારો અકીદો છે. જાબિરે સવાલ કર્યો, જ્યારે આપ એવું કહો છો કે અલ્લાહ દરેક જગ્યાએ છે તો પછી આપ એ વાતને સમર્થન આપશો જ કે અલ્લાહ દરેક વસ્તુમાં પણ છે. ઈમામ જાફર સાદિક(અ.)એ તેનો હકારાત્મક જવાબ આપ્યો. જાબિરે કહ્યું, જો આવું હોય તો જે લોકો એમ કહે છે કે ખાલિક અને મખ્લૂક એક જ છે તેમનું માનવું સાચું હોવું જોઈએ કારણ કે જ્યારે આપણે એ વાત માનીએ છીએ કે અલ્લાહ દરેક વસ્તુમાં છે તો આપણે એ વાતને પણ સમર્થન આપવું જોઈએ કે દરેક વસ્તુ, પછી તે પથ્થર હોય, પાણી હોય કે ઝાડ હોય, તે અલ્લાહ છે.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું, એવું નથી. તમે ભૂલ કરો છો. અલ્લાહ પથ્થર, પાણી અને ઝાડમાં તો છે પરંતુ પથ્થર, પાણી અને ઝાડ અલ્લાહ નથી, જેવી રીતે કે તેલ દીવામાં હોય છે પરંતુ દીવો તેલ નથી. અલ્લાહ તઆલા દરેક વસ્તુમાં છે પરંતુ તેના માટે તે વસ્તુ પહેલાં અસ્તિત્વમાં આવવી જોઈએ અને બીજું એ કે તે વસ્તુ પોતાના તાત્વિક, વનસ્પતીય અને પ્રાણીય જીવનને ચાલુ રાખે અને નાશ ન પામે. દીવાના પ્રકાશનું કારણ એટલે કે તેનું જીવન તેલ અને દિવેટ છે પરંતુ દીવો તેલ અને દિવેટ નથી. તેલ અને દિવેટ દીવાની અંદર આગ પેદા કરે છે અને દીવો પોતે એવો દાવો ન કરી શકે કે તેલ અને દિવેટ મારી અંદર જ છે માટે હું તેલ અને દિવેટ છું.

મખ્લૂક કે જે ખાલિકની પેદા કરેલી છે તે ખાલિક બની જાય એ બાબત અશક્ય છે અને પહેલાંના જમાનામાં જે બધા લોકો ખાલિક અને મખ્લૂક વચ્ચેની વહદતનો અકીદો ધરાવતા હતા તેઓ પોતાની દલીલોના જાહેરી સ્વરૂપથી પોતે જ ધોખો ખાઈ જતા હતા. તેમના મત પ્રમાણે કાઈનાતમાં જે કંઈ છે તેની અંદર અલ્લાહ મોજુદ છે માટે જે કંઈ છે તે અલ્લાહ છે. જો આ અકીદો સાચો હોય તો બધી મખ્લૂક અલ્લાહ જેટલી શક્તિ ધરાવત પરંતુ આખી કાઈનાતમાં એક પણ મખ્લૂક એવી નથી કે જે અલ્લાહની કુદરત ધરાવતી હોય.

એ લોકો કે જેઓ આવો અકીદો ધરાવતા હતા એમાંથી કોઈ એક જણ પથ્થરનું પણ સર્જન કરી શક્યો નથી કારણ કે ખાલિક અને મખ્લૂક વચ્ચેની વહદતનો અર્થ એ છે કે માણસ પણ અલ્લાહ છે અને માણસના અલ્લાહ હોવાનો પુરાવો એ છે કે તે એ બધાં કાર્યો કરી શકે કે જે અલ્લાહ કરે છે, ફક્ત **'કુન'** શબ્દ વડે આખી કાઈનાતનું સર્જન કરે અને એક ટીપામાંથી એક માણસને અસ્તિત્વમાં લાવે. (ક્રમશઃ)

# ગ ડ મ થ લ ૨૪૯

:::: સંપાદક::::
**મો.ગુલામમહંમદ પટેલ**
**(ઝહીરાબાદ)**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | ૬ | ■ |
| | ■ | ૭ | | | ■ | ■ | ૮ | | ૯ |
| ૧૦ | ૧૧ | ■ | | ■ | ૧૨ | | | | |
| ૧૩ | | | | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ■ | ૧૪ | | ૧૫ | ■ | ■ | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ૧૮ | ■ | |
| | ■ | ૧૯ | ■ | | ■ | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | ૨૩ | | ૨૪ | ■ | ૨૫ | | ■ | | ■ |
| ■ | | ■ | | ■ | | ■ | ૨૬ | | ૨૭ |
| ૨૮ | | | | | | ■ | | ■ | |

**:::: આડી ચાવીઓ ::::**

(૧) ઈસ્લામી ધર્મશાસ્ત્ર (૪)
(૪) નાપાકી, ગંદકી (૪)
(૭) પ્રવેશ, શામેલ, અંદર (૩)
(૮) ન્યાય કરનાર (અલ્લાહનું નામ) (૩)
(૧૦) ઘેન, મસ્તી (૨)
(૧૨) અલ્લાહ તમને તેનો બદલો આપે (૫)
(૧૩) અનુભવેલું, માલૂમ પડેલું (૪)
(૧૪) સંખ્યા, મૂળાક્ષરનું અંકમૂલ્ય (૩)
(૧૬) અવાજ (૨)
(૧૭) ઉચ્ચ મરતબાવાળુ (૨)
(૨૦) ગુપ્ત અંગ (૪)
(૨૨) કયામત, મહાપ્રલય (૪)
(૨૫) કા'બામાંથી તોડી નાખેલ એક બુતનું નામ (૨)
(૨૬) પર્વત (અરબીમાં) (૩)
(૨૮) પરહેઝ કરનાર, સંયમ-નિયમનું પાલન કરનાર(૬)

**:::: ઊભી ચાવીઓ ::::**

(૧) ઝાકળ, તુષાર, ઓસ (૪)
(૨) હાવભાવ, પધ્ધતિ, ઢબ (૨)
(૩) (શાયરો-લેખકોનાં) ઉપનામ (૪)
(૫) સચ્ચાઈ (૪)
(૬) અહલેબૈતના મોહિબ્બો સાથે મોહબ્બત રાખવી તે (૩)
(૯) અલ્લાહની રહમત (૬)
(૧૧) યુવરાજ, રાજકુમાર, શાહનો પુત્ર (૪)
(૧૨) નવું, નવીન, **'કદીમ'**નો વિરોધી શબ્દ (૩)
(૧૪) જ્ઞાતા, જાણકાર, અલ્લાહનું એક ગુણદર્શક નામ(૩)
(૧૫) ડર, ભય, બીક, ખૌફ, આતંક (૪)
(૧૬) ગંભીર, શાંત, સહનશીલ (એક નામ) (૩)
(૧૮) ઉષ્ણ, ઊનું, ઠંડાનું વિરોધી (૨)
(૧૯) અલ્લાહ કરે, ખુદા કરે, એક ઉદ્ગાર (૨)
(૨૧) પ્રખ્યાત ઉર્દૂ કવિ, ફતેહમંદ, વિજેતા (૩)
(૨૩) તુચ્છ, શુદ્ર, નિમ્ન (૩)
(૨૪) યુધ્ધભૂમિમાં કરવામાં આવતો પોતાના કુળનો પરિચય (૩)
(૨૫) નિર્બળ, અશક્ત, કમજોર (૩)
(૨૬) મુશ્કેલી, આપત્તિ (૨)
(૨૭) હોઠ, ઓષ્ઠ (૨)

**કુરઆન શરીફમાં દુઆના સ્વરૂપે આવેલ આયતો**

## કુરઆની દુઆઓ

૩૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ لَا تَذَرْنِيْ فَرْدًا وَّاَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ﴿٨٩﴾

**રબ્બે લા તઝર્ની ફરદંવ વ અન્ત ખૈરુલ વારેસીન.**

(પારો-૧૭, સૂરએ અંબિયા, આયત-૮૯)

અર્થ : (અય અમારા પરવરદિગાર ! મને એકલો (અટુલો વારસદાર વગરનો) રાખીશ નહીં, જો કે તું જ સૌથી બેહતર વારસદાર છે.) ✻

# અલ્લાહની પહેચાન

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

<u>બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ</u>

***આકાશ એક છે અને વિશાળ છે અને આપણી ઉપર છવાયેલું છે*** *તેથી જ્યારે* ***દૂરના*** *બે અલગ અલગ દેશોમાં રહેતા* ***બે મિત્રો*** *એક જ સમયે આકાશ તરફ જુએ છે તો* ***તેઓ એક સરખા આકાશને જોશે.*** *વળી તે આકાશ* ***<u>બન્ને જણથી સરખા અંતરે હશે.</u>*** *ઉદાહરણ તરીકે ધારો કે કોઈ માણસ ભારતમાં રહીને આકાશ તરફ જુએ છે અને બરાબર એ જ સમયે ઈરાનમાં રહેતો તેનો મિત્ર પણ એ જ દિશામાં જુએ છે તો તેઓ બન્ને એક જ આકાશને જોશે અને તે બન્ને જણથી તે આકાશ* ***બરાબર સરખું દૂર અથવા નજીક*** *હશે.*

*જો હવે તેમને આકાશના આકારનું વર્ણન કરવાનું કહેવામાં આવે કે શું તે વર્તુળ આકારનું છે, ચોરસ છે કે પછી લંબચોરસ છે ? તો તેમનો પ્રતિભાવ શું હશે ? મારું માનવું છે કે તેઓ એવું જ કહેશે કે આકાશના આકાર વિષે ધારણા કરવી મુશ્કેલ છે કેમકે* ***<u>તે અમારા ઉપર બધી બાજુએથી છવાયેલું છે અને અમારી નજર તેના આકારને પકડી શકતી નથી.</u>***

→ ઉપરના ઉદાહરણની રોશનીમાં ચાલો આપણે અલ્લાહ(સુ.વ.ત.)ની વ્યાપકતા(વિશાળતા) અને અમર્યાદિતતાને સમજવાનો પ્રયત્ન કરીએ. ચાલો આપણે કુરાન તરફ ફરીએ અને અલ્લાહની મહાનતાની આ ઈલાહી વિશેષતાને સમજવાનો પ્રયત્ન કરીએ :

- 'તેને **આંખો જોઈ શકતી નથી ન તો દુનિયામાં કે ન આખેરતમાં** અને તે લોકોની નજરોને તો ખૂબ સારી રીતે જુએ છે અને તે મહાન સુક્ષ્મદર્શી (અને) જાણવાવાળો છે....'

(સૂરએ અન્આમ, આયત-૧૦૩)

આપણી દૃષ્ટિ મર્યાદિત છે અને જેવી રીતે આપણે માત્ર આકાશના આકારને પણ ન જોઈ શકતા હોઈએ તો આવી મર્યાદાઓ સાથે અલ્લાહ (સુ.વ.ત.)ને જોવો આપણા માટે ખૂબ મુશ્કેલ છે. તે આપણા બધાયના ઉપર છવાયેલો છે અને તેથી તેની વ્યાપકતાને ઝડપી લેવી આપણી આંખો માટે મુશ્કેલ છે. તે સઘળી સમજશક્તિથી પર છે પરંતુ તે પોતાની મખ્લૂકાતને જુએ છે અને વળી તે સઘળુ જાણનારો પણ છે. તો પછી તે ક્યાં છે ? કુરાન તેની સમજૂતી નીચે મુજબ આપે છે :

- '(અય રસૂલ !) જ્યારે મારા બંદાઓ તમને મારી હાલત વિશે પૂછે તો (કહી દો કે) **હું તેમની નજીકમાં જ તો છું.**'

(સૂરએ બકરહ, આયત-૧૮૬)

અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે કે તે આપણા બધાયની ખૂબ નજીક છે પરંતુ **કેટલો નજીક છે?**

- 'અને અમે તો તેની **ધોરી નસ કરતાં પણ વધારે નજીક છીએ.**'

(સૂરએ કાફ, આયત નં.૧૬)

અલ્લાહ(સ.વ.ત.) ઉપરની આયતમાં ઈશારો કરે છે કે તે આપણી **ધોરી નસ કરતાં ય વધારે નજીક** છે.

→ તેથી ચાલો આપણે આ ઈલાહી વિશિષ્ટ બાબતને હવે સમજીએ :

- અલ્લાહ(સુ.વ.ત.)ને જોવો અઘરો છે કારણ કે તે અનંત છે અને તેને કોઈ ખાસ આકારમાં અને કદમાં કેદ કરી શકાતો નથી. તેથી તે આપણી

નજરોથી પર છે.

- જે રીતે આકાશ પૃથ્વીના બધા **લોકોથી સરખા અંતરે** છે એવી જ રીતે **અલ્લાહ (સુ.વ.ત.)** આ પૃથ્વી ઉપર દરેક વ્યક્તિ માટે તેની **ધોરી નસ કરતાં ય વધારે નજીક** છે.

તેથી જો **તે જોઈ ન શકાય તેવો છે** પરંતુ તે ધોરી નસ કરતાં **વધારે નજીક** છે તો આપણે તેને કેવી રીતે ઓળખીશું ? શું તેણે પોતાની કોઈ ઓળખને પેદા કરી છે ખરી કે જેના દ્વારા આપણે તેને જોઈ શકીએ અને સમજી શકીએ ? જેમ જેમ આપણે આ લેખમાં આગળ વધીશું તેમ તેમ આપણે તેને શોધી કાઢવાનો પ્રયત્ન કરીશું પરંતુ તે પહેલાં ચાલો આપણે નીચેના મુદ્દા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કરીએ.

આપણે તો માત્ર એટલું જ જોયું કે અલ્લાહ (સુ.વ.ત.)ને કોઈ ખાસ આકાર અને કદમાં મર્યાદિત કરવો મુશ્કેલ છે અને જો કોઈ એવું કરે તો તે **અલ્લાહના સર્વવ્યાપીપણાને માનવાનો ઈન્કારી બનશે** આ બાબતને મનમાં રાખીને ચાલો આપણે નીચેની આયતો ઉપર ચિંતન કરીએ :

- ‘જે **(મખ્લૂક)** જમીન ઉપર છે તે બધી **ફના થવાવાળી છે** અને **માત્ર તમારા પરવરદિગારનો ચહેરો** કે જે અઝમત અને કરામતવાળો છે, **બાકી રહેશે.**’

(સૂરએ રહમાન, આયત-૨૬-૨૭)

ઉપરની આયતો જણાવે છે કે આ પૃથ્વી પરનું બધું જ ફના થશે સિવાય કે મોટા મનવાળો, પ્રભાવશાળી અને પ્રતિષ્ઠિત **અલ્લાહનો ચહેરો** (وَجْهُ رَبِّكَ)પરંતુ અલ્લાહનો કોઈ આકાર નથી અને તેથી એવું વિચારવું કે તે ચહેરો ધરાવે છે તો તેને આકાર આપવા જેવું અને તેને મર્યાદિત કરી દેવાનું થયું જે બાબત તેની સર્વવ્યાપકતા અને અનંતતાના વિશિષ્ટ ગુણનો વિરોધાભાસ દર્શાવે છે. તો પછી આયતે આવું શા માટે કહ્યું છે ? તો ચાલો આપણે એક બીજી આવી જ આયત જોઈએ અને ત્યાર પછી આ બાબત ઉપર આપણે ઊંડું વિચારીશું.

- **‘તેના ચહેરા સિવાય** દરેક વસ્તુ નાશ પામવાવાળી છે.’ (સૂરએ કસસ, આયત-૮૮)

સૂરએ રહેમાનમાંની આયત **જણાવે છે કે <u>પૃથ્વી ઉપર જે કાંઈ છે તે બધું નાશ પામશે,</u>** સિવાય અલ્લાહનો ચહેરો કે જે હંમેશના માટે રહેશે, જ્યારે સૂરએ કસસની આયત કહે છે કે **<u>અલ્લાહના ચહેરા સિવાય</u>** ( إِلَّا وَجْهَهُ ) **બધી જ વસ્તુઓ નાશ પામશે;** આ આયતમાં **‘પૃથ્વી’** શબ્દનો ઉલ્લેખ થયો નથી.

આના ઉપરથી તો આપણે ત્રણ અનુમાનો તારવી શકીએ છીએ. (૧) અલ્લાહ(સુ.વ.ત.)ને તો મર્યાદિત કરી શકાય નહીં અને તેથી જ તો **<u>અલ્લાહ દ્વારા પેદા કરેલો કોઈ એવો હોવો જોઈએ કે જે તેના ચહેરાનું પ્રતિનિધિત્વ કરતો હોય</u>** અને જે **<u>વજહુલ્લાહ</u>** છે. (૨) અલ્લાહનાં બીજાં સર્જનોની સાથે સાથે ‘અલ્લાહનો ચહરો’ પણ પૃથ્વી ઉપર હાજર છે. (૩) અલ્લાહના ચહેરા સિવાય અલ્લાહ(સુ.વ.ત.)નાં બીજાં બધાં સર્જનોમાંનાં દરેક કે જે પૃથ્વી ઉપર અને અન્યત્ર છે તે નાશ પામશે. તેથી **<u>જ્યારે એકે એક વસ્તુ નાશ પામશે ત્યારે જે વજહુલ્લાહ છે તે બાકી રહેશે.</u>**

હવે ચાલો આપણે નીચેની આયત ઉપર મનન કરીએ :

- ‘અને તે લોકોએ ખુદાની જેવી કદર કરવી જોઈતી હતી તેવી તેની (કાંઈ પણ) કદર ન કરી જો કે (તે એવો કાદિર છે કે) કયામતના દિવસે **<u>સઘળી જમીન તેની મુઠ્ઠીમાં હશે</u>** અને **સઘળાં આસમાન તેના જમણા હાથમાં લપેટાયેલાં**

**છે** જેને એ લોકો પોતાનો શરીક (ભાગીદાર) બનાવે છે તે તેનાથી પાક અને બરતર છે.'

(સૂરએ અઝ ઝુમ્ર, આયત-૬૭)

ઉપરની આયત મુજબ કયામતના દિવસે આખી દુનિયા અલ્લાહની પકડમાં હશે અને આસમાનો **તેના જમણા હાથમાં** વીંટળાયેલાં હશે. ઉપરની આયત ઉપરથી તારણોમાંથી એક તારણ એવું કાઢી શકાય તેમ છે કે શબ્દ **'પકડ'** અને અલ્લાહ(સુ.વ.ત.) દ્વારા ઉપયોગમાં લેવાયેલ **'જમણો હાથ', એ દિવસે તેનો જે કબજો થવાનો છે તેને પ્રદર્શિત કરે છે.** પરંતુ અલ્લાહ(સુ.વ.ત.) તો હંમેશાં એ દરેક વસ્તુ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવે જ છે કે જે તેણે પેદા કરી છે અને પોતાની સત્તા અને અંકુશ માટે તે કયામતના દિવસ ઉપર નિર્ભર નથી; અલ્લાહ (સુ.વ.ત.) તો પોતાની મખ્લૂકાત ઉપર આજે પણ એટલી જ સત્તા અને અંકુશ ધરાવે છે. તેથી એ બાબત આપણને અનુમાન કરવા ઉપર દબાણ કરે છે કે <u>**અલ્લાહ (સુ.વ.ત.)ના 'જમણા હાથ'નું પ્રતિનિધિત્વ કરતી કોઈ નિયુક્ત થયેલી હસ્તી**</u> હોવી જ જોઈએ કે જેને <u>**(કયામતના) એ દિવસની કાર્યવાહીઓની સંપૂર્ણ**</u> સત્તા આપવામાં આવશે. <u>**અને આ હસ્તી 'વજહુલ્લાહ' (અલ્લાહના ચહેરા)થી અલગ નહીં હોઈ શકે.**</u>

→ અલ્લાહ(સુ.વ.ત.)એ પોતાની ઝાતને લોકોની આંખોથી અને નજરોથી દૂર રાખી છે. તે ન જોઈ શકાય તેવો છે અને તે કોઈ આકાર કે કદ ધરાવતો નથી. પરંતુ **તેણે પોતાના ચહેરાને (વજહુલ્લાહને) પોતાની ઓળખ અને નિશાની તરીકે પેદા કરેલ છે.** 'અલ્લાહના આ ચહેરા'ને જાણી લેવાથી અને સમજી લેવાથી આપણા ઈમાનમાં સુધારો કરવામાં અને અલ્લાહની અઝમતને સમજવામાં આપણને મદદ મળશે. અને **તેના ચહેરાનો ઈન્કાર કરવાની અને ઉપેક્ષા કરવાની બાબત આપણને નિઃશંકપણે 'કુફ્' અને અઝાબ તરફ દોરી જશે.** તેથી જ તો **અલ્લાહના ચહેરાને** શોધી કાઢવાની દિશામાં ડગ માંડવાં આપણા માટે અગત્યની બાબત છે.

આ બાબતને સમજવા માટે ચાલો આપણે સૂરએ સાદમાંથી નીચેની આયતનો સહારો લઈએ:

- 'ખુદાએ (ઈબ્લીસ)ને ફરમાવ્યું કે અય ઈબ્લીસ ! જે વસ્તુને મેં મારી ખાસ કુદરતથી પેદા કરી છે (ભલા) તેને સજદો કરવાથી તને કઈ બાબતે રોક્યો, <u>**શું તેં અહંકાર કર્યો કે પછી ખરેખર તું આલીનમાંથી છે ?**</u>'

(સૂરએ સાદ, આયત-૭૫)

ઉપરની આયત એ પ્રસંગનો સંદર્ભ આપે છે કે જ્યારે ઈબ્લીસ શેતાને આદમ(અ.)ની સામે સજદો કરવાનો ઈન્કાર કર્યો હતો. તેના અહંકારનું અને ઈન્કારનું કાર્ય તેને રજીમ (બહિષ્કૃત) બનાવી દે છે અને <u>**તે છેવટે 'કાફિર' બની જાય છે, જો કે તે હજુ પણ અલ્લાહની વહદાનિયતમાં અને અઝમતમાં માનતો હતો તો પણ.**</u>

જ્યારે આપણે આ આયતના પાછળના ભાગનું અવલોકન કરીએ છીએ તો આપણને જાણવા મળે છે કે અલ્લાહ(સુ.વ.ત.) ઈબ્લીસને આદમ(અ.)ની આગળ સજદો કરવાની બાબતમાં પૂછી રહ્યો છે કે **શું તે અહંકારી બની ગયો છે કે તેણે પોતાની જાતને આલીનમાંથી છે એવું માની લીધું છે ?** આ બાબત બતાવે છે કે આદમ(અ.)ના સર્જન પહેલાં પણ <u>**આલીન-શક્તિશાળી લોકો**</u>ની હાજરી હતી. અને અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને આદમ(અ.)થી ચઢિયાતા બનાવ્યા હતા. વળી આપણે વધુમાં એવું પણ અનુમાન કરી શકીએ છીએ કે અલ્લાહ(સુ.વ.ત.)

**અહંકારને અને અભિમાનને પસંદ કરતો નથી** અને **<u>સાથે સાથે એ પણ પસંદ કરતો નથી કે કોઈ પોતાની જાતને આ શક્તિશાળી લોકોની સાથે સરખાવે</u>** કેમકે ઉપરની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.)એ શેતાનને ખાસ કરીને આ બે બાબતો અંગે જ પ્રશ્ન કર્યો હતો. **હજુ પણ કોઈ એવું વિચારતો હોય કે તે પોતાને તેમની સાથે સરખાવી શકે છે અને મરતબામાં તેમના જેવો બની શકે છે** તો તે શેતાનના પગલે ચાલી રહ્યો છે અને આવો માણસ પોતાના જીવનમાં (આખેરતની) જે કમાણી કરી હોય તે બધું જ ગુમાવી બેસવાના ખતરામાં છે અને આ બાબત **તેને 'કુફ્ર' તરફ દોરી જશે** ભલેને પછી તે **હજુ પણ અલ્લાહની વહદાનિયતમાં અને અઝમતમાં ઈમાન ધરાવતો હોય.**

આ બાબત બતાવે છે કે **આલીન** અલ્લાહની મહાનતમ નિશાનીઓ છે અને તેમના ચઢિયાતાપણાને (અઝમતને) સ્વીકારી લેવું તે આપણા ઈમાનમાં વધારો કરવાની ચાવી છે. બીજી જાણવા લાયક બાબત એ છે કે **<u>'આલીન' શબ્દ અરબીમાં 'અલી'નું બહુવચન છે.</u>**

આપણા પ્યારા ઈમામ હસન અસ્કરી(અ.)ની તફસીરમાંના નીચેના અંશો તેમને ઓળખવામાં અને તેમની અઝમતને સમજવામાં મદદરૂપ થશે :

- ઈમામ હસન અસ્કરી(અ.)એ પોતાના બુઝુર્ગો(અ.)થી રિવાયત કરી છે કે પયગમ્બરે પાક(સ.)એ ફરમાવ્યું છે : 'જ્યારે અલ્લાહે આદમ(અ.) અને હવ્વા(અ.)નું સર્જન કર્યું તો તેઓ જન્નતમાં આમ તેમ અકડાઈને ચાલવા લાગ્યાં ત્યારે **આદમે હવ્વાને કહ્યું, 'અલ્લાહે આપણા કરતાં વધારે સારી કોઈ મખ્લૂકને પેદા કરી નથી'** તેથી અલ્લાહે જિબ્રઈલ(અ.) ઉપર આવી વહી નાઝિલ કરી : **મારી એ કનીઝને હાજર કરો કે જે ઊંચેરા જન્નતમાં છે.** ત્યાર પછી જ્યારે તેઓ જન્નતમાં પ્રવેશ્યાં તો તેમણે **જન્નતની બિછાતોમાંથી એક બિછાત ઉપર એક કનીઝને બેઠેલાં જોયાં. તેણીના માથા ઉપર એક નૂરાની તાજ હતો અને તેમના કાનોમાં નૂરાની એરિંગ હતાં. તેમના ચહેરાની સુંદરતાથી જન્નત રોશન થઈ ગયેલી હતી.** તેથી તેમણે (જિબ્રઈલે) કહ્યું, આ તમારા વંશજોમાંથી આખર જમાનામાં પેદા થનાર પયગમ્બર **મોહંમદ(સ.)નાં દીકરી ફાતેમા(સ.) છે.** તેથી તેમણે કહ્યું, તેમના **માથા ઉપરનો આ તાજ** શું છે ? તેમણે કહ્યું, **તેમના શૌહર અલી બિન અબીતાલિબ(અ.)** છે. તેમણે પૂછ્યું, અને **તેમના કાનમાં જે એરિંગ છે તે શું છે ?** તેમણે કહ્યું, **તે તેમના (બે) દીકરા હસન(અ.) અને હુસૈન(અ.) છે.** તેમણે કહ્યું, અય પ્રિય જિબ્રઈલ ! શું તેમને મારા ય પહેલાં પેદા કરેલ છે ? તેમણે કહ્યું, **<u>તેઓ સર્વ શક્તિમાન અલ્લાહના અજ્ઞાત્ ઈલ્મમાં તમને પેદા કરવામાં આવ્યા તેના ચાર હજાર વર્ષ પહેલાં અસ્તિત્વ ધરાવતાં હતાં.</u>**

(સંદર્ભ : તફસીર અલ ઈમામ અલ અસ્કરી, પેજ-૨૧૯, બિહારૂલ અન્વાર, ભાગ-૨૬, પેજ-૩૨૬, તા'વીલ અલ આયાત અલ ઝહિરા, ભાગ-૧, પેજ-૪૪, કસસુલ અંબિયા, પેજ-૪૩)

આ બાબત સ્પષ્ટ કરી દે છે કે **<u>'આલીન'</u>** કે જેનો સૂરએ સાઅદમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે, તેઓ **<u>મોહંમદ(સ.), અલી(અ.), ફાતેમા(સ.), હસન(અ.) અને હુસૈન(અ.)</u>** છે. તેમનું સર્જન આદમ(અ.)થી ચાર હજાર વર્ષ પહેલાં કરવામાં આવ્યું હતું અને તેઓ સઘળી મખ્લૂકાતમાં બધાથી ચઢિયાતા છે. તેમની સાથે મોહબ્બત કરવાથી અને તેમની સર્વોપરિતાનો સ્વીકાર કરવાથી ઈમાનમાં

વધારો થાય છે અને તે નજાત તરફ લઈ જાય છે. ઈબ્લીસ આ બાબતને સમજી શક્યો નહીં અને શયતાન બની ગયો જ્યારે આદમ(અ.)ની ભૂલને માફ કરી દેવામાં આવી જ્યારે કે તેમણે તેમની સર્વોપરિતાને સ્વીકારી લીધી જેમકે કુરાન ફરમાવે છે :

- 'પછી આદમે પોતાના પરવરદિગારથી (માઝેરતના કેટલાક શબ્દો શીખી લીધા), તેથી ખુદાએ <u>**તે શબ્દોની બરકતથી**</u> આદમ(અ.)ની <u>**તૌબા કબૂલ કરી લીધી**</u> બેશક તે મહાન માફ કરવાવાળો મહેરબાન છે.'

(સૂરએ બકરહ, આયત-૩૭)

અલ્લાહ(સુ.વ.ત.)એ આદમ(અ.)ની ભૂલને માફ કરવાના હેતુથી તેમને કેટલાક શબ્દો શીખવાડ્યા અને જ્યારે આદમ(અ.)એ આ શબ્દોની તિલાવત કરી તો અલ્લાહ(સુ.વ.ત.)એ રહમતપૂર્વક તેમના તરફ નજર કરી અને તેમની ભૂલને માફ કરી દેવામાં આવી. તફસીરકારો સહમત થઈ ગયા છે કે આ પવિત્ર શબ્દો કે જેમનો ઉલ્લેખ ઉપરની આયતમાં કરવામાં આવેલ છે કે જેમની તિલાવત આદમ(અ.)એ અલ્લાહ (સુ.વ.ત.)ની રહમતને જોશમાં લાવવા માટે કરી હતી તે <u>**મોહંમદ(સ.), અલી(અ.), ફાતેમા(સ.), હસન(અ.) અને હુસૈન(અ.)**</u>નાં મુબારક નામો છે. (સંદર્ભ : દુર્રે મન્સૂર, સુયુતિ, ભાગ-૧, પેજ-૧૬)

→ ઉપરના ચિંતન-મનનથી આપણે હવે એવું તારણ તારવી શકીએ છીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ **પયગમ્બરે પાક(સ.) તેમજ તેમની પાક આલ(અ.)ને** તેની બીજી બધી મખ્લૂકાત કરતાં ચઢિયાતા પેદા કર્યા હતા અને તેમનું નામ આપ્યું હતું **આલીન - મહા શક્તિશાળી લોકો** અને તેમને **પોતાની સૌથી મોટી નિશાનીઓ** બનાવી હતી એવી રીતે કે તેમની સર્વોપરિતાનો સ્વીકાર કરવો ઈમાન છે અને **તેમનો સરદાર તરીકે સ્વીકાર કરવાનો ઈન્કાર કરવો તે 'કુફ્ર' છે.** તેઓ એટલા બધા પાકો પાકીઝા છે કે <u>**માત્ર તેમની મધ્યસ્થીથી જ**</u> અલ્લાહની રહમત જોશમાં આવી શકે છે અને <u>**આપણી દુઆઓને તે સાંભળશે અને આપણા ગુનાહ માફ કરી દેશે.**</u>

તેથી જ તો જો તેઓ 'આલીન' - શક્તિશાળી લોકો હોય અને **અલ્લાહની મહાનતમ મખ્લૂક** હોય તો એવું અનુમાન કરવું તર્કયુક્ત છે કે અગાઉ ચર્ચા થઈ ગઈ તે મુજબ તેઓ **'વજહુલ્લાહ' અને તેનો જમણો હાથ** છે. ચાલો હવે આ બાબતને આપણે કુરાનથી સાબિત કરીએ :

- **'ખુદા તો બધા આસમાન અને જમીનનું નૂર છે** તેના **નૂરની મિસાલ એવી છે કે જેવી કે તાક (સિના) હોય** જેમાં **એક રોશન ચિરાગ** હોય અને તે ચિરાગ તેના કાચની કંદીલમાં હોય અને કંદીલ જાણે કે એક ઝગમગતો રોશન સિતારો (તે ચિરાગ) ઝયતુનના એવા **મુબારક** ઝાડ(ના તેલ)થી રોશન કરવામાં આવે કે **જે ન તો પૂર્વની તરફ હોય કે ન તો પશ્ચિમની તરફ** બલ્કે વચ્ચોવચ મેદાનમાં, તેનું તેલ એવું નિર્મળ હોય કે અગર આગ સુધ્ધાં તેને સ્પર્શે પણ નહીં, જેથી એવું માલૂમ પડે કે તે આપમેળે જ રોશન થઈ જશે. ટૂંકમાં એક નૂર નહીં બલ્કે **નૂરૂન અલા નૂર (નૂરની નૂર ઉપર જ્યોત પડી રહી હોય) ખુદા પોતાના નૂરની તરફ જેને ઈચ્છે છે, હિદાયત કરે છે** અને ખુદા લોકોને સમજાવવા માટે મિસાલો બયાન કરે છે અને ખુદા તો દરેક વસ્તુથી વાકેફ છે.' (સૂરએ નૂર, આયત-૩૫)

ઉપરની આયતની સમજૂતી આપતાં આગળ પડતા આલિમો જેવા કે હસન અલ બસરી, અબ્દુલ

હસન મગાઝિલ અને શાફઈએ ઉલ્લેખ કર્યો છે કે ઉપરની આયતમાં જે <u>**તાક(ગોખલા)**</u>ની વાત કરવામાં આવી છે તે <u>**જનાબે ફાતેમા(સ.)**</u>નો સંદર્ભ આપે છે, <u>**ચિરાગ**</u> એટલે તેમના બે ફરઝંદો <u>**હસન(અ.) અને હુસૈન(અ.) છે, મુબારક ઝાડ છે પયગમ્બર ઈબ્રાહીમ(અ.)નો વંશ**</u> કે જેના દ્વારા પયગમ્બરે પાક(સ.) અને તેમની પવિત્ર આલ(અ.) ઉતરી આવી છે <u>**નૂરૂન અલા નૂર**</u> (નૂર ઉપર નૂર) <u>**એક પછી એક આવનાર ઈમામનું સૂચન કરે છે અને અલ્લાહ પોતાના નૂરથી જેની ચાહે છે તેની હિદાયત કરે છે**</u> નો અર્થ એ થાય છે કે <u>**અલ્લાહ(સુ.વ.ત.) મૌલા અલી(અ.) અને ફાતેમા(અ.)ની ઓલાદની મોહબ્બત એવા માણસના દિલોમાં પેદા કરે છે કે જેની હિદાયત કરવાનું તે ચાહે છે.**</u>

ઉપરની આયતની રોશનીમાં એવું અનુમાન કરી શકાય કે <u>**અલ્લાહ(સુ.વ.ત.) પયગમ્બરે પાક(સ.) અને તેમની પાક આલ(સ.)ના નૂરની વ્યાખ્યા કરીને પોતાની ઝાતની વ્યાખ્યા કરે છે.**</u> અને અલ્લાહ(સુ.વ.ત.)એ પોતાની ઝાતની ઓળખ તેમની સાથે કરી દીધી છે. તે કારણે <u>**પયગમ્બરે પાક(સ.) અને તેમની પાક આલ(અ.) અલ્લાહની ઓળખ છે.**</u>

પ્રખ્યાત તફસીરકારોએ ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ના હવાલાથી પયગમ્બરે પાક(સ.)ના નીચેના ખુત્બાનો ઉલ્લેખ કરેલ છે કે જે ઉપરના આપણા અનુમાનને વધારે સમર્થન આપે છે :

ઈમામ અલી બિનુલ હુસૈન(અ.)એ ફરમાવ્યું, ‘મારા પિતાએ મને રિવાયત કરી છે કે તેમના પિતાએ રસૂલિલ્લાહ(સ.)થી રિવાયત કરી છે :

‘અય અલ્લાહના બંદાઓ ! જયારે આદમ(અ.)એ પોતાની સુલ્બથી નૂર ચમકતું જોયું કેમકે અલ્લાહે અર્શના સૌથી ઊંચા ભાગમાંથી અમારી રૂહોને તેમની (આદમ(અ.)ની) સુલ્બમાં મુન્તકીલ (સ્થળાંતરિત) કરી ત્યારે તેમણે એ નૂરને જોયું પરંતુ તેમણે રૂહોને જોઈ નહીં તેથી અરજ કરી, **અય પાલનહાર ! આ નૂર સમૂહ શું છે ?** સર્વશક્તિમાન અલ્લાહે ફરમાવ્યું : <u>**તે એ રૂહોનો નૂરસમૂહ(અન્વાર) છે કે જેમને મેં મારા અર્શની સૌથી સન્માનનીય જગ્યાએથી તમારી સુલ્બમાં સ્થળાંતરિત કરેલ છે અને તે આશયથી મેં ફરિશ્તાઓને તેમને સિજદો તમારી આગળ કરવાનો હુકમ કર્યો છે કારણ કે તમે આ બધી રૂહોને ધારણ કરનારા હતા.**</u> તેથી આદમે કહ્યું, પાલનહાર ! શું તું મને તેમને બતાવીશ ? સર્વ શક્તિમાન અલ્લાહે ફરમાવ્યું, ‘અય આદમ ! અર્શના સૌથી ઊંચા ભાગ તરફ નજર કરો.’ **તેમણે નજર કરી અને અમારી રૂહોનું નૂર આદમની સુલ્બમાંથી અર્શના સૌથી ઊંચા ભાગ ઉપર પડ્યું અને ત્યાર પછી અમારી રૂહોનાં પ્રતિબિંબોનાં નૂર કે જે તેમના સુલ્બમાં છે તે તેના ઉપર અંકિત થયાં અને પ્રતિબિંબિત થયાં જેવી રીતે કે કોઈનો ચહેરો સ્વચ્છ દર્પણમાં પ્રતિબિંબિત થાય છે.** આથી તેમણે અમારી રૂહોને જોઈ અને અરજ કરી, **પરવરદિગાર ! આ (બધી) રૂહો શું છે ?** અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, **‘અય આદમ ! આ રૂહો મારા સૌથી મોટા સર્જનોની અને બંદાઓની છે.’**

- આ **મોહંમદ** છે અને <u>**હું મહમૂદ અલ હમીદ**</u> (સૌથી વધારે આભાર માનવા યોગ્ય) છું મારાં કાર્યો માટે, મેં આ નામ મારા નામ ઉપરથી પાડ્યું છે.
- આ **અલી** છે અને <u>**હું અલ અલીય્યુલ અઝીમ** (સૌથી ઊંચો અને સૌથી મહાન) છું.</u> આ

નામ મેં મારા નામ ઉપરથી પાડ્યું છે.

● આ **ફાતેમા** છે અને **હું (ફાતેર) આકાશો અને જમીનનો પ્રણેતા છું.** હું એક એવો છું કે હું મારા દુશ્મનોને કયામતના દિવસે મારી રહમતથી વંચિત રાખીશ અને મારા વલીઅલ્લાહનું તેમને થનાર નુકસાનથી રક્ષણ કરીશ; તેથી જ તો મેં તેણીનું આ નામ મારા નામ પરથી રાખ્યું છે અને

● આ **અલ હસન** અને **અલ હુસૈન** છે અને **હું અલ મોહસિન અલ મોજમેલ (સૌથી વધારે ઉપકારક અને સૌથી વધારે ઉદાર) છું.** મેં તેમનાં નામ મારા નામ ઉપરથી રાખ્યાં છે.

**આ બધાં મારાં ગુણવાન (ગુણસંપન્ન) સર્જનો છે અને મારા ખૂબ જ પ્રતિષ્ઠિત બંદાઓ છે. તેમના વાસ્તાથી હું આપું છું (અતા કરું છું), તેમના વાસ્તાથી હું સજા કરું છું. તેમના વાસ્તાથી હું જઝા આપું છું.** તેથી **અય આદમ ! તેમના વાસ્તાથી દુઆ માગો અને જો તમારે કોઈ મુસીબતનો સામનો કરવાનો વારો આવે તો તેમને તમારા મધ્યસ્થી બનાવજો** કેમકે **હું મારી ઝાતની કસમ ખાઈને કહું છું કે બેશક હું એવાને નિરાશ નહીં કરું કે જે તેમના વાસ્તાથી રહમતની આશા રાખતો હોય અને હું એવાની અરજને નહીં ઠુકરાવું કે જે એમના વાસ્તાથી માગે.'** તેથી જ્યારે તેમણે (આદમ(અ.)એ) તર્કે ઊલા કરી તો તેમણે **સર્વ શક્તિમાન અલ્લાહ સમક્ષ તેમના વાસ્તાથી દુઆ માગી તેથી તેણે તેમની તૌબાનો સ્વીકાર કર્યો અને તેમને માફી આપી દીધી.**

(સંદર્ભ : બિહારૂલ અન્વાર, પેજ-૩૨૭, ભાગ-૨૬, પેજ-૧૫૦, બાબ-૧૧, તફસીરે ઈમામ હસન અસ્કરી(અ.), પેજ-૨૧૯, તફસીરે સાફી, બાબ-૧, પેજ-૧૧૫, યનાબેઉલ મોવદ્દહ, બાબ-૫, પેજ-૨૮૮)

પંજેતન પાક(અ.)ના સર્જન વિષેની આવી જ એક બીજી વધારે હદીસ ઈમામ જાફર સાદિક(અ.) દ્વારા પણ (લખાયેલી) છે :

● ઈમામ અસ્સાદિક(અ.)એ ફરમાવ્યું : 'કોઈ પણ વસ્તુ અસ્તિત્વ ધરાવતી હતી તે પહેલાંથી અલ્લાહ તઆલા છે. તેણે પોતાની ઈલાહી શક્તિના નૂરમાંથી પાંચ તનને પેદા કર્યા અને પોતાનાં જગ જાહેર નામો ઉપરથી તેણે તેમનાં દરેકનાં નામ પાડ્યાં, કેમકે **તે હમીદ છે અને તેણે (પયગમ્બરનું) મોહંમદ નામ પાડ્યું, તે આ'લા છે તેણે અમીરૂલ મોમિનીનનું અલી નામ પાડ્યું** અને **તેનાં નામો મહાનતમ છે** તેથી **તેમના ઉપરથી તેણે હસન અને હુસૈન નામ ધર્યાં** અને **તે પ્રણેતા ફાતિર છે તેથી તેણે ફાતેમા નામ પોતાના નામોમાંથી ધર્યું.** તેથી જ તો જ્યારે તેણે તેમને પેદા કર્યા તો તેમને પરસ્પર સમજણમાં રહેવા દીધા તેથી તેઓ અર્શની જમણી બાજુએ છે.

(સંદર્ભ : તફસીરે ફુરાત, પેજ-૫૬, અલ બિહાર, બાબ-૩૭, પેજ-૬૨)

સૂરએ નૂરમાંની ઉપરની આયતની રોશનીમાં ત્યાર પછી રજૂ થયેલો પયગમ્બરે પાક(સ.)ના ખુત્બા ઉપરથી અને ઈમામ જાફર સાદિક(અ.)ની હદીસ ઉપરથી આપણે એવું કહી શકીએ કે અલ્લાહ (સુ.વ.ત.)એ તેમને કોઈ પણ મખ્લૂકના સર્જન પહેલાં પેદા કર્યા હતાં અને **પોતાના સઘળા સર્જનો કરતાં તેમને ચઢિયાતાં બનાવ્યાં હતાં અને આ રીતે તેણે પોતાની ઓળખ બનાવી દીધી.**

આ લેખના આગળના ભાગમાં સૂરએ

રહમાન અને સૂરએ કસસમાંની આયતો ઉપર મનન કરતી વેળાએ કે જેમાં અલ્લાહના ચહેરાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, આપણે એવું અનુમાન તારવ્યું હતું કે અલ્લાહને કોઈ આકારમાં કે કદમાં કેદ કરી શકાતો નથી તે કારણે અલ્લાહે પોતાની ઝાતને રજૂ કરવા માટે અલ્લાહના ચહેરાનું સર્જન કર્યું છે. જ્યારે ઉપરની સૂરએ નૂરની આયતોની છણાવટની અને બીજા સંદર્ભોની રોશનીમાં આપણે એવા તારણ ઉપર આવ્યા છીએ કે પયગમ્બરે પાક(સ.) અને તેમની આલ(અ.) અલ્લાહની ઓળખ છે અને **કોઈ પણ માણસ પોતાના ચહેરા ઉપરથી ઓળખાય છે તેથી પયગમ્બરે પાક(સ.) અને તેમની પાક આલ(અ.) અલ્લાહના ચહેરાઓ છે. આ રીતે આપણે વધુમાં એવું અનુમાન કરી શકીએ છીએ કે આપણા બારમા ઈમામ મોહંમદ મહદી(અ.સ.) કે જે ગયબતમાં છે તે (અત્યારે) પૃથ્વી ઉપર અલ્લાહના ચહેરાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે કે જે (ચહેરો) બાકીનું બીજું બધું નાશ પામશે ત્યારે પણ બાકી રહેશે.**

હવે ચાલો આપણે આ બાબતમાં થોડાક વધારે સંદર્ભો જોઈએ :

- મોહંમદ ઈબ્ને યહ્યાએ અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને ઈસાથી, મોહંમદ ઈબ્ને સિનાનથી અબુ સાલમ અલ ખન્નાસે આપણા કોઈ લોકોથી રિવાયત કરી છે કે ઈમામ મોહંમદ બાકિર(અ.)એ ફરમાવ્યું છે કે -

'અમે (પયગમ્બર મોહંમદના પરિવારજનો) મસાની (બેમાંથી એક) છીએ કે જેમને અલ્લાહે મોહંમદ રસૂલલ્લાહ(સ.)ને આપેલ છે. **અમે વજહુલ્લાહ (અલ્લાહનો ચહેરો જેનો અર્થ થાય છે અલ્લાહના લોકો સાથેના સંબંધનું અમુક પાસુ) છીએ કે જે તમારી સાથે પૃથ્વી ઉપર હરે ફરે છે.** અમે **અલ્લાહની આંખો (અલ્લાહ તરફથી જોનાર કે નિરીક્ષણ કરનાર)** છીએ, તેની મખ્લૂકાતમાં. અમે **અલ્લાહના પંજા છીએ કે જે તેના બંદાઓ માટે બરકતો સહિત ખુલ્લા છે.** તેઓ કે જેઓ અમારી માઅરેફત પ્રાપ્ત કરવા માગતા હતા તેમણે અમારી માઅરેફત પ્રાપ્ત કરી લીધી છે. કેટલાક એવા પણ લોકો છે કે જે અમારા વિષે અજાણ છે તેઓ (હજુ પણ) અમારાથી અજાણ છે અને પાક લોકોની સરદારીથી પણ અજાણ છે.'

(સંદર્ભ : કિતાબ અલ કાફી, ભાગ-૩, પ્રકરણ-૨૩, હદીસ-૩)

તફસીરે સાફીમાં પેજ નં. ૪૮૫ પર તફસીરે કુમ્મીનું અવતરણ ટાંકીને રિવાયત કરવામાં આવી છે કે ઈમામ ઝયનુલ આબેદીન(અ.)એ અહેવાલ આપતાં ફરમાવ્યું છે કે -

- '**અમે અલ્લાહનો ચહેરો છીએ** કે જેના દ્વારા **અલ્લાહની ઓળખ પ્રાપ્ત થાય છે અને જેના દ્વારા અલ્લાહનો દરેક હુકમ પહોંચે છે.'**
- ઈમામ જાફર સાદિક(અ.)ના સંદર્ભથી અલ મનાકિબમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે **'કિન્તુ બાકી રહેશે તારા રબ સુબ્હાનહુ વ તઆલાનો ચહેરો'**વાળી આયતની સમજૂતી આપતાં આપ(અ.)એ ફરમાવ્યું, **'અમે અલ્લાહનો ચહેરો છીએ.'**

(સંદર્ભ : કાઝિમી સૈયદ ઈમ્દાદહુસૈન અલ કુર્આનુલ મુબીન, લાહોર : હિમાયતે અહલેબૈત (વકફ) પેજ-૬૯૨)

- ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું છે કે **'હું અલ્લાહનો ચહેરો છું આસમાનોમાં અને**

**જમીન પર.'** (સંદર્ભ : ઈબિદ, પેજ-૨૦૬)

અને આપ(અ.) અલ્લાહનો ચહેરો છે એ કારણે જ તો પયગમ્બરે પાક(સ.)એ મૌલા અલી(અ.)ના ચહેરાની પ્રશંસા નીચે પ્રમાણે અને નીચે આપેલી હદીસમાં કરી છે :

**'અલી(અ.)ના ચહેરા તરફ નજર કરવી ઈબાદત છે.'**

(સંદર્ભ : સૈયદ મોહંમદ સાલેહ કશફી કૌકબે દુર્રે ફી ફઝાઈલે અલી, લાહોર, ઈમામીયા કુતુબખાના, ૧૯૬૩, પેજ-૧૬૧)

અગાઉના વિભાગમાં આપણે સૂરએ ઝુમ્રમાંની ૬૭મી આયત ઉપર પણ ચિંતન-મનન કર્યું હતું કે જે એવો ઉલ્લેખ કરે છે કે કયામતના દિવસે આસમાનો અલ્લાહના જમણા હાથ ઉપર લપેટાઈ જશે અને સમગ્ર પૃથ્વી તેની પકડમાં આવી જશે. આપણે એવું અનુમાન કર્યું હતું કે અલ્લાહનો જમણો પંજો એક એવા સત્તાધારીનો સંદર્ભ આપે છે કે જેને તે (કયામતના) દિવસની કાર્યવાહીની દેખરેખ રાખવાની સત્તાઓ અને અંકુશ આપવામાં આવશે. વળી આપણું તારણ પણ એવું જ હતું કે અલ્લાહનો પંજો અલ્લાહના ચહેરા (વજહુલ્લાહ) કરતાં અલગ નહીં હોઈ શકે. **હવે આપણે એ જાણીએ છીએ કે મૌલા અલી(અ.) અને તેમના વંશમાંના બીજા ઈમામો 'વજહુલ્લાહ' છે અને તેથી જ તો તેઓ અલ્લાહનો પંજો છે.**

- અલ્લામા ઈબ્ને હજરે એક હદીસનો ઉલ્લેખ કરેલ છે કે જેના અનુસાર પયગમ્બરે પાક(સ.)એ ફરમાવ્યું છે :

**'અય અલી ! તમે જન્નત અને દોઝખની વહેંચણી કરનારા હશો.'** તમે દોઝખને (એવું) કહેશો, 'આ તારા માટે છે અને પેલો મારા માટે છે.'

વળી પયગમ્બરે પાક(સ.)એ એવો હેવાલ આપતાં ફરમાવ્યું છે કે -

**'માત્ર એ જ વ્યક્તિ પુલે સિરાત ઉપર થઈને પસાર થઈ જશે** કે જેને **અલી પરવાનગી આપે.'**

તેથી જ તો મૌલા અલી(અ.) માત્ર વજહુલ્લાહ (અલ્લાહનો ચહેરો) જ નથી પરંતુ તેઓ નિયુક્ત થયેલા સત્તાધારી પણ છે અને **જન્નત અને દોઝખના વહેંચનાર પણ છે અને તેથી જ તેઓ 'યદુલ્લાહ' (અલ્લાહનો પંજો) છે.**

→ ચાલો હવે આપણે ઉપસંહાર ઉપર આવીએ. સૂર્ય પ્રકાશની ગેરહાજરીમાં આકાશને જોઈ શકાતું નથી અને દિવસના સમય દરમિયાન તે માત્ર સૂર્ય પ્રકાશને કારણે જ જોઈ શકાય છે, સૂર્યાસ્તના સમયે આકાશમાં અંધકાર છવાઈ જાય છે ત્યાં સુધી કે જ્યારે ચંદ્ર અને તારાઓ દેખાય. બરાબર એવી જ રીતે અલ્લાહ(સુ.વ.ત.) આપણી આંખોથી જોઈ શકાય તેવો નથી અને માત્ર **પયગમ્બરે પાક(સ.)ની હિદાયતના કારણે જ આપણે આપણા ખાલિકથી પરિચિત થયા અને તેને માનનારા (મોમિન) થયા** અને પયગમ્બરે પાક(સ.)ની વફાત પછી **મૌલા અલી(અ.) અને તેમના વંશમાંથી ઉતરી આવેલા બધા ઈમામોની હિદાયત દ્વારા જ અલ્લાહની મહાનતા આપણને સમજાશે એવી રીતે કે જેવી સમજાવી જોઈએ. તેમને બધાયને બધાના કરતાં ચઢિયાતા પેદા કરવામાં આવ્યા છે તે કારણે જ તેઓ અલ્લાહનો ચહેરો છે, તેની ઓળખ છે, આપણા માર્ગદર્શક છે અને આપણા ઉપર યોગ્ય રીતે નિયુક્ત થયેલ અલ્લાહના સત્તાધારી છે.** *

# Identity of Allah

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

***In the name of Allah, Most Gracious, Most Merciful.***

***The sky is one and vast and it is spread over us*** *so when* ***two faraway friends*** *staying in separate countries* ***look at the sky*** *at the same time* ***they would see the same sky****. Also it* ***would be equidistant from both of them.*** *For example suppose a person in India looks at the sky and at the same time his friend in Iran also looks in the same direction, they both would* ***see the same sky*** *and it would be* ***equally near or far from both of them****.*

*Now if they are asked to describe the shape of the sky; whether it is circular, square or rectangular? What would be their response? I think they would say that it is difficult to guess the shape of the sky since* ***it is spread all over us and our vision cannot grasp its shape.***

➔ In the light of above example let us try to understand the Vastness and Limitlessness of Allah (SWT). Let us turn towards the Quran and try to understand this Divine Phenomenon of Allah's Greatness:

- *"Us ko* ***aankhein dekh nahin sakti*** *na* ***duniya*** *main* ***na aakherat mein*** *aur Woh logon ki nazaron ko khub dekhta hai aur Woh Bada bareekbeen wakifkaar hai..."– ( Surah-e-Anam, ayah 103)*

  *"(****No vision can grasp Him****, but His grasp is over all vision: He is above all comprehension,* ***yet is acquainted with all things.)"***

We have a limited vision and just as we cannot see the shape of the sky it is difficult for us to see Allah (SWT) with such limitations. He is spread all around us and hence it is difficult for our eyes to grasp His Vastness. He is above all comprehension but He sees His creations and He is all knowing. So where is He? The Quran explains this as follows:

- *"(Ae Rasool) jab Mere bande Mera haal tum se poochhen to (kehdo ki)* ***Main unn ke paas hi hoon."*** *– (Surah-e-Baqra, ayah 186)*

  *"(When My servants ask thee concerning Me,* ***I am indeed close (to them))"***

Allah (SWT) says He is very close to all of us. But **how close?**

- *"Aur Hum to usske* ***shehrug*** *se hi* ***bhi zyada qareeb hain****" – (Surah-e-Qaaf, ayah 16)*

*"(For We are **nearer** to him **than (his) jugular vein**.)"*

Allah (SWT) indicates in the above ayah that He is even **closer than our jugular vein.**

➔ Hence let us understand this Divine Phenomenon now:

- Allah (SWT) is difficult to be seen because He is limitless and cannot be confined to a specific shape and size. Thus He is beyond our vision.
- The way sky is **equidistant from the people** across the globe, **Allah (SWT) is closer to the jugular vein** of every person on this earth.

So if **He is Unseen** but **nearer** than our jugular vein how do we recognize Him? Has He created His Identity which can be seen and understood by us? We would try to find out as we go further with this article, but before this let us try to focus on the following point.

We just saw that it is difficult to limit Allah (SWT) in a specific shape and size. And if somebody does it he becomes a **non-believer of Allah's Omnipresence.** With this in mind let us contemplate on the following ayahs:

- *"**Jo (Makhluq)** zameen per hai **sab fanaa hone wali hai** aur **sirf tumhare Parvardigar ki zaat** jo azmat aur karamat wali hai **baaqi rahegi**." – (Surah-e-Rehman, ayah 26-27)*

  *"(**All that is on earth** will perish: **But will abide (for ever) the Face of thy Lord**, - full of Majesty, Bounty and Honour.)"*

The above ayahs say that everything on this earth would perish except the bountiful, majestic and honourable **Face of Allah (وَجْهُ رَبِّكَ).** But Allah (SWT) does not have any shape and hence to think that He is having a Face is to give Him a shape and confine Him which contradicts the phenomenon of His Omnipresence and Limitlessness. Then why did the ayah has said so? Let us see one more similar ayah and then we would ponder upon this aspect.

- *"**Usski zaat ke siwa** har cheez fanaa hone wali hai." – (Surah-e-Qasas, ayah 88)*

  *"(Everything (else) will perish **save His Face**.)"*

The ayah from *Surah-e-Rehman* **says that all that is on earth would perish** except Allah's Face which would remain forever, while the above ayah from Surah-e-Qasas says that **everything else would perish except Allah's Face (إِلَّا وَجْهَهُ);** it does not mention the word **'earth'** in this ayah.

There are three inferences which we can draw from here. 1) Allah (SWT) cannot be confined and hence there must be **someone created by Allah (SWT) who represents His Face** and who is

***‘Wajahullah’*****.** 2) Along-with Allah’s other creations *Face of Allah* is also present on this earth. 3) Except Allah’s Face every other creations of Allah (SWT) which are on **earth and otherwise would perish**. Thus **whoever is *“Wajahullah”* would remain when everything else would perish.**

Now let us contemplate on the following ayah:

- *“Aur unn logon ne Khuda ki jaisi qadradani karni chahiye thi Uss ki (kuch bhi) qadr na ki haalanke (Wo aisa Qadir hai ki) Qayamat ki din* ***saari zameen usski muthi main hogi*** *aur* ***saare aasman Uss ke dahine haath main lipte hue hain*** *jise yeh log Uss ka sharik banate hain woh usse pakizah aur bartar hai.” – (Surah-e-Az Zumr, ayah 67)*

  *“(And they have not honored Allah with the honor that is due to Him; and* ***the whole earth shall be in His grip*** *on the day of resurrection and* ***the heavens rolled up in His right hand;*** *glory be to Him, and may He be exalted above what they associate (with Him))”*

As per the above ayah on the day of resurrection the whole earth shall be in Allah’s Grip and the heavens would be rolled up in **His Right Hand**. One of the inferences which could be drawn from the above ayah is that **the word ‘Grip’ and ‘Right Hand’ used by Allah (SWT) are to showcase His control on that day**. But Allah (SWT) is always in total control of everything which He has created and He is not dependent on the day of resurrection for His Power and Control; Allah (SWT) holds the same Power and Control even now over His Creations. Thus it further forces us to infer that there must be **an appointed authority representing “Right Hand” of Allah (SWT)** which would be given powers to **control the proceedings of that day. And this authority cannot be different from *“Wajahullah”* (Face of Allah).**

➔ Allah (SWT) has kept Himself away from our eyes and vision. He is Unseen and He does not hold any shape and size. But **He has created His Countenance *(Wajahullah)*** as **His Identity and Sign**. Knowing and understanding this “***Face of Allah”*** would help us improve our faith and understand Allah’s Greatness. And **rejecting and ignoring His Countenance would definitely lead to *‘kufr’* and punishment**. Hence it is important for us to take strides in this direction to find **Allah’s Countenance.**

In order to understand this let us take the help of the following ayah from *Surah-e-Saad:*

- *Khuda ne (Iblis se) farmaya ki ae Iblis jis cheez ko Maine apni khaas kudrat se paida kiya (bhala ) uss ko sajda karne se tujhe kisi ne roka* ***kya tune takabbur kiya ya waqayee tu Alin main se hai?****” – (Surah-e-Saad, ayah 75)*

> *"(He said: O Iblis! What hindereth thee from falling prostrate before that which I have created with both My hands?* ***Art thou too proud or art thou*** *one of the* ***Alin (Mighty one)".***

The above ayah refers to the incidence where *Iblis the Satan* refuses to prostrate in *sajda* before Aadam (A.S). This act of pride and refusal makes him the rejected one and **he ultimately becomes *'Kafir'* though he still believed in Allah's Oneness and Greatness.**

When we observe the later part of the above ayah we find that Allah (SWT) is questioning *Iblis* on his not prostrating to Aadam (A.S) by asking **whether he has turned arrogant or does he think he is from amongst the *Alin?*** This shows the presence of ***Alin* - the mighty ones** even **before the creation of Aadam (AS).** And they were made superior to Aadam (A.S) in their position by Allah (SWT). We can further infer that Allah (SWT) **dislikes arrogance and pride** and **He equally dislikes someone who compares himself to these mighty ones** since in the above ayah Allah (SWT) has specifically questioned *the Satan* on these two aspects. **If someone still thinks that he can match them and be like them in position,** he is following the footsteps of *the Satan* and such a person is at a risk of losing everything which he has earned in his lifetime and it **would lead him to *'Kufr'*;** though he **still might be a believer of Allah's Oneness and Greatness**.

This shows that *'Alin'* are the Greatest Signs of Allah and to accept their superiority is key to enhance our faith. The other thing worth knowing is that the word ***'Alin'* is the plural form of 'Ali' in Arabic.**

The following excerpts from the *tafsir* of our beloved Imam Hasan Askari (A.S) would help us identify them and their greatness:

- Imam Hasan Askari (A.S) has reported from his forefathers (pbut) that the holy Prophet (pbuh) has said: "When Allah created Adam and Eve (Allah's peace be upon them), they strutted around Heaven, then **Adam told Eve:" Allah hasn't created any beings better than us."** so Allah sent this revelation to Jibriel (A.S): **Bring me my servant who is in the higher Paradise.** Then when they entered the paradise, they saw **a female servant sitting on one of Heaven's carpets. She had a crown of light on her head and on her ears, she had earrings of light. The heavens had brightened from the beauty of her face?!** So he (Jibriel) said: This is **Fatima (pbuh) the daughter of Mohammad (pbuh)**; a prophet who your descendants will begat at the end of time. So he said: What is **this crown on her head?** He said**: Her husband Ali (pbuh) son of Abi Talib**, he said: And **what are those earrings on her ears?** He said: **Her sons Al Hasan (pbuh) and Al Hussein (pbuh)**. He said: My beloved Jibriel! Have they been created before me? He said: **They existed in the obscure knowledge of Allah Almighty, before you were created in four thousand years.**

*(Ref: Tafsir Al-Imam Al-Askari p.219, Bihar Al-Anwar vol.26 p.326, Ta'weel Al-Ayat al-Zahira vol.1 p.44, Qasas Al-Anbiaa p.43)*

This clarifies that the ***'Alin'*** so mentioned in ayah of *Surah-e-Saad* are **Mohammed (SAW), Ali (A.S), Fatema (S.A), Hasan (A.S) and Hussain (A.S).** They have been created four thousand years prior to Aadam (A.S) and they are superior to all other creations. Loving and accepting their superiority is enhancement of faith and would lead to salvation. ***Iblis*** could not understand this and **became *Satan* while Aadam (A.S)'s mistake was forgiven when he accepted their superiority**. As Quran says:

- *"Phir Aadam ne apne Parvardigar se **(Mazerat ke chand alfaaz sikhe),** pus Khuda ne **un alfaaz ki barkat se** Aadam ki **tauba qubool kar li** beshak Wo bada maaf karne wala Maherbaan hai". (Surah-e-Baqra, ayah 37)*

  *"(**Then Adam received (some) words from his Lord**, so **He turned to him mercifully**; surely He is Oft-returning (to mercy), the Merciful.)"*

Allah (SWT) in order to forgive Aadam (A.S)'s mistake, taught him some words and when Aadam (A.S) recited these words Allah (SWT) turned to him mercifully and his mistake was forgiven. The commentators have agreed that these holy words mentioned in the above ayah which Aadam (A.S) recited to invoke Allah (SWT)'s Mercy are the names of **Mohammed (SAW), Ali (A.S), Fatema (S.A), Hassan (A.S) and Husain (A.S).** *(Ref: Durr-e-Mansur, Suyuti, vol 1 P 16).*

➔ From the above contemplation we can conclude now that Allah (SWT) created **the holy Prophet (pbuh) and his holy Progeny (pbut)** superior to his every other creations and termed them as ***'Alin'*- The Mighty Ones** and made them **His Greatest Signs** as submitting to **their superiority is faith** and **rejecting to accept them as leaders is '*Kufr*'**. They are so purified that **only through their intercession** Allah's Mercy can be invoked and **would He listen to our prayers and forgive our sins.**

So if they are ***'Alin'***, the mighty ones and **Allah's Greatest Creation** it is logical to infer that they are ***'Wajahullah'* and His Right Hand** as discussed earlier. Let us now prove this in the light of Quran.

In the following ayah Allah (SWT) defines Himself:

- *"**Khuda to saare aasman wa zameen ka Noor hai,** uske **Noor ki misaal aisi hai jaise ek taak (sina) hai** jismain **ek roshan charaagh** ho aur charaagh ek shishe ki qandeel main ho aur qandeel apni goya ek jagmagata hua roshan sitara (wo charaagh) zaitun ke aise **Mubarak darakht** (ke tael) se roshan kiya jaae **jo na purab ki taraf ho aur na paschim ki taraf** balke bicho-bich maidan main uska tael aisa shafaaf ho ke agar che aag uuse*

*chuae bhi nahin taahum aisa ma'lum ho ke aap hi aap roshan ho jaeega gharaz ek Noor naihin balke* ***Noor Ala Noor (Noor ki Noor per joat pad rahi hai) Khuda apne Noor ki taraf jise chahta hai hidayat karta hai*** *aur Khuda logo ke samajhane ke waste mislain bayaan karta hai aur Khuda to har cheez se khoob waqif hai. – (Surah-e-Noor, ayah 35)*

*"(****Allah is the Light of the heavens and the earth.*** *The* ***Parable of His Light is as if there were a Niche*** *and within* ***it a Lamp****:* ***the Lamp enclosed in Glass: the glass as it were a brilliant star:*** *Lit from a blessed Tree, an Olive, neither of the east nor of the west, whose oil is well-nigh luminous, though fire scarce touched it****: Light upon Light! Allah doth guide whom He will to His Light: Allah doth set forth Parables for men: and Allah doth know all things.****)"*

While explaining the above ayah prominent scholars like **Hasan al-Basri, Abdul Hasan Maghazil and Shafei** have mentioned that **the Niche** mentioned in the above ayah refers to **Janab-e-Fatema (S.A),** **the Lamp** means her two sons - **Hasan (A.S) and Hussain (A.S)**. **Blessed Tree** is the **lineage of Prophet Ibrahim (A.S)** through which the holy Prophet (pbuh) and his holy Progeny (pbut) descended. **Light upon Light *(Noor ala Noor*)** alludes to **one Imam succeeding the another Imam** and **Allah doth guide who He wills to His Light** means that **Allah (SWT) instills love for the descendants of Mawla Ali (A.S) and Fatema (S.A) in the heart of a person whom He wishes to guide.**

In the light of the above ayah it can be inferred that **Allah (SWT) defines Himself by defining the light of the holy Prophet (pbuh) and his holy Progeny (pbut).** And since Allah (SWT) has identified Himself with them; **the holy Prophet (pbuh) and his holy Progeny (pbut) are therefore Allah's Identity.**

The prominent commentators have mentioned the following sermon of the holy Prophet (pbuh) on the authority of Imam Zainul Abedin (A.S), which further endorses our above mentioned inference:

- Imam Ali Bin Al-Hussein (pbuh) said: "My father narrated to me that his father narrated that the Messenger of Allah (pbuhp) said:

  *"O servants of Allah. When Adam saw the Light shining from his seed, for Allah had transferred our spirits from the topmost of the Throne to his seed, he saw the Light but he didn't see the spirits so he said:* ***"O Lord! What are these Lights?!"*** *Allah the Almighty said:* ***"They are Lights of spirits whom I transferred from the most honorable place in My Throne to your seed and for that purpose I have ordered the angels to prostrate themselves for you because you were the holder of those spirits."*** *Hence, Adam said: "O Lord! Would you show them to me?" Allah the Almighty said: "Adam, look at the topmost of the Throne."* ***He looked and the Light of our spirits fell from Adam's seed to the topmost of the Throne and then the images of our spirits' Lights that are in his seed***

***were printed and reflected on it as someone's face reflects on a clear mirror.*** *Hence, he saw our spirits and said:* ***"O Lord! What are these spirits?"*** *Allah, the Most High, said:* ***"O Adam, these are the spirits of my greatest creations and servants.***-

- ***This is Mohammad*** *and* ***I am Al-Mahmoud Al-Hamid (The Most Thanked)*** *for My actions, I derived this name for him from My Name.*
- ***This is Ali*** *and* ***I am Al-Ali Al-Athim (The Most High and the Greatest)***, *I derived this name for him from My Name.*
- ***This is Fatima*** *and* ***I am (Fater) the Originator of the skies and earth***; *I am the One who shall deprive my enemies from My mercy on the day of My judgment and protect my saints from what may harm them; hence, I derived this name for her from My Name and*
- ***These are Al-Hasan and Al-Hussein*** *and* ***I am Al-Mohsen Al-Mojmel (The Most Charitable and the Most Generous)***; *I derived their names from My Name.*

***These are My most virtuous creations and My most dignified servants. By them, I give. By them, I punish. By them, I reward.*** *Therefore,* ***plead by them***, ***O Adam, and if you face a hardship, let them be your interceders.*** *For,* ***I swore to Myself indeed to never disappoint anyone who hopes mercy by them and never refuse anyone who asks a request by them.***" *Thus, when he (Adam) did a mistake, he* ***pleaded Allah the Almighty by them;*** *hence,* ***He accepted his repentance and forgave him***."

*(Ref: Bihar-ul-Anwar, P 327, V 26, P 150, V 11, Tafseer-e-Imam Hasan Askari (as) P 219, Tafseer-e-Saafi, V 1, P 115, Yanabe-ul-Mawadda, V 1, P 288)*

There is one more similar *hadith* by Imam Jafar-e-Sadiq (A.S) on the creation of *Panjetan Paak (A.S):*

- Imam Al-Sadiq (A.S) said: "Allah, the Most High, has been before anything existed. He created five ones from the Light of His Majesty and gave a name for each of them from His revealed names; for **He is Al-Hamid and He named (The Prophet) Mohammed**; **He is Al-Aala and He named Amir Al-Momineen Ali** and **the Greatest Names are for Him so He derived Al-Hasan and Al-Hussein from them** and **He is the Originator so He derived for Fatima a name from His names**. Therefore, when He created them, He let them be in the Covenant; hence they are on the Right Side of the Throne." – *(Ref: Tafseer Forat p.56, Al-Bihar vol 37 p. 62)*

In the light of the above ayah from *Surah-e-Noor*, the subsequent sermon of the holy Prophet (pbuh) and the hadith of Imam Jafar-e-Sadiq (A.S) we can say that Allah (SWT) created them

before any other creations, made them **<u>superior to all His Creations and thus made them His Identity.</u>**

In the earlier part of this article while contemplating on the ayahs from *Surah-e-Rehman* and *Surah-e-Qasas,* wherein they have mentioned about Face of Allah, we inferred that since Allah cannot be limited to any shape and size **the Face of Allah is created by Allah (SWT) to represent Him.** While in the light of above analysis of *Surah-e-Noor* and other reference we have concluded that **the holy Prophet (SAW) and his Progeny (pbut) is Allah's Identity**. And **<u>a person is always identified by His Face therefore the holy Prophet (pbuh) and his holy Progeny (pbut) are the Face of Allah. Thus we can further infer that our 12th Imam Mohammed Mehdi (A.S) who is in occultation represents the Face of Allah on this earth which would remain when everything else would perish.</u>**

Now let us see few more references in this regard:

- It is narrated by Mohammed Ibn Yahya from Ahmed Ibn Mohammed Ibn Isa from Mohammed Ibn Sinan from Abu Salam al-Khannas from some of our people that Imam Mohammed Baqir (A.S) has said that:

  > *"**We (family of Prophet Muhammad)** are the **al-Mathani (one of two)** that Allah gave to Prophet Muhammad (s.a.). <u>We are the **Wajahullah (face of Allah,** meaning a certain aspect of Allah's relation with people)</u> **<u>that move among you on earth.</u>** We are the <u>**eyes of Allah** (overseers or observers from the side of Allah) in His creatures.</u> We are <u>the **hands of Allah** that are open with blessings for His servants.</u> Those who wanted to know us have known us. There are people who are ignorant about us they are ignorant of us and of the leadership of the pious people." (Ref: Kitab al-Kafi, Book # 3, Chapter 23, Hadith # 3)*

- It is narrated in *Tafsir-e-Safi* on page 485, quoting from *Tafsir-e-Qumi* that **Imam Zainul Abedin (A.S)** has reportedly said that:

  > ***<u>"We are the Face of Allah</u>*** *by means of which* ***<u>Allah is recognized and by whose means every command of Allah is reached."</u>***

- It is mentioned in *Al Manaqib* with reference to **Imam Jafar-e-Sadiq (A.S)** that while explaining the verse: "***There remaineth** but **the Countenance of thy Lord** of Might and Glory"* he said, "***<u>We are the Face of Allah."</u>*** *(Ref: Kazimi Sayyid Imdad Hussain, Al-Quran-ul-Mubin, Lahore: Himayat-e-Ahl-e-Bayt (waqf), nd, P. 692)*

- **Imam Ali (A.S)** has said that **<u>"I am the face of Allah in the heavens and on earth."</u>** *(Ref: Ibid p. 206)*

**And since he is the Face of Allah,** the **holy Prophet (pbuh) has praised Mawla Ali's face** in the following manner in the below mentioned hadith:

**"Looking at the face of Ali (AS) is *Ibadat*."** (Ref: Sayyid Muhammad Sāleh Kashfī, *Kaukab-i-Durrī fī fazāil-i Ali*, Lahore, *Imamiyya Kutub Khāna*, 1963, p.161)

In the earlier section we had also pondered upon the ayah 67 from *Surah-e-Az Zumr,* which mentions that the on the day of the resurrection the heavens would be rolled up in Allah's Right Hand and the entire earth would be in His Grip. We had inferred that Allah's Right Hand refers to the appointed authority which would be given powers and control to take care of proceedings of that day. Also our conclusion was that **Allah's Hand cannot be different from the Face of Allah (*Wajahullah*)**. **Now we know that Mawla Ali (A.S) and other Imams from his lineage are *'Wajahullah'* and hence they are Allah's Hand.**

- Allama Ibn Hajar has mentioned a tradition according to which the holy Prophet (pbuh) has said:

  "**O Ali you will be the distributor of Heaven and Hell**- you will say to Hell: "This one is for thee and that one for me."

  Also, the holy Prophet (pbuh) has reportedly said that:

  "**He alone will cross the bridge of Sirat** whom **Ali permits."**

So **Mawla Ali (A.S) is not only *'Wajahullah'*** (Face of Allah) but he is the appointed authority and **the distributor of Heaven and Hell and hence He is *'Yadullah'* (Allah's Hand).**

➔ Let us come to our conclusion. The Sky is invisible in absence of Sunlight, and during day time it is visible only due to Sunlight, at Sunset the Sky goes in darkness until Moon and Stars appear; similarly Allah (SWT) is Unseen from our eyes and it is because of **the guidance of the holy Prophet (SAW) that we became aware of Our Creator and became His Believer**. And after the holy Prophet (pbuh) **the guidance from Mawla Ali (A.S) and all Imams from his lineage would make us understand Allah's Greatness in a way it should be understood** since **they have been created superior to all, they are Allah's Face, His Identity, our guide and the duly appointed authority of Allah above us.**



# હિજાબ

:::: લેખક ::::

સૈયદ મોહંમદ રિઝવી

:::: પ્રકાશક ::::

જાફરી ઈસ્લામિક સેન્ટર, કેનેડા

(ગતાંકનું ચાલુ)

'સ્ત્રીઓને સમાન અધિકારો આપવાની વિચારધારાવાળા' (feminists) આવા કેટલાક મુસલમાનો તો એવા અભિપ્રાયવાળા પણ છે કે સ્ત્રીને તેની પોતાની સમજશક્તિ પ્રમાણે કુરાનનું અર્થઘટન કરવાનો અધિકાર છે અને વળી તેણીએ પોતાના પોષાક અંગેના નિયમો(dress code)નું કેવું અર્થઘટન કરવું તેનો પણ તેણીને અધિકાર છે. આની ચર્ચામાં તેઓ પુરાવા તરીકે સૂરા-૨, આયત-૨૫૬વાળી પ્રખ્યાત આયતને આગળ ધરે છે :

**'દીનમાં કોઈ પણ પ્રકારની બળજબરી નથી...'**

પહેલી વાત તો એ કે સૂરા-૨ ની ૨૫૬મી આયત મુજબ કુરાન કોઈ પણ મુસલમાનને પછી તે પુરૂષ હોય કે સ્ત્રી, તેને ગમતું હોય તે કરવાનો અધિકાર આપતું જ નથી. 'મુસ્લિમ' તો એને કહેવાય કે જે અલ્લાહના હુકમોનો તાબેદાર હોય. જો આપણે એવું કહીએ કે કોઈ માણસ મુસ્લિમ છે પરંતુ દરેક બાબતમાં પોતાની મરજી પ્રમાણે પસંદગી કરી શકે છે તો એ મોટામાં મોટો વિરોધાભાસ છે. બીજી બાબત આવા બિરાદરો અને બાનુઓ આ આયતની તફસીરની સિફતપૂર્વક ઉપેક્ષા કરે છે. આ આયત, ઈસ્લામ ધર્મમાં આવતાં પહેલાં - અલ્લાહની મરજીને આધીન થતાં પહેલાં - ધર્મની પસંદગી કરવાની વાત કરે છે. તેનો અર્થ એવો થાય છે કે મુસ્લિમ બનવા માટે કોઈના ઉપર બળજબરી થઈ શકે નહીં.

**'ધર્મમાં કોઈ જાતની જબરદસ્તી નથી, ખરે જ હિદાયત (સન્માર્ગ) ગુમરાહી (કુમાર્ગ)થી જુદી (જાહેર) થઈ ચૂકી છે, પછી <u>જે કોઈ જૂઠ્ઠા ખુદાઓ (બુતો)નો ઈન્કાર કરે અને અલ્લાહ પર ઈમાન લાવે</u> તો ખચીત જ તેણે અલ્લાહની મજબૂત રસ્સીને પકડી લીધી કે જે કદી તૂટનાર નથી; અને અલ્લાહ સંપૂર્ણ સાંભળનાર (તથા) જાણનાર છે.'**

(કુરાન, ૨:૨૫૬)

આ આયત સ્પષ્ટપણે શયતાનનો ઈન્કાર કરવાની અને અલ્લાહમાં ઈમાન ધરાવવાની વાત કરે છે. એનો અર્થ એવો થતો નથી કે કોઈ મુસલમાન પુરૂષ અથવા સ્ત્રી પોતે જે કંઈ ઈચ્છે તે પસંદ કરી શકે છે.

વ્યક્તિ એક વાર અલ્લાહને તાબે થઈ ગઈ ત્યાર પછી અલ્લાહ અને તેના રસૂલ(સ.)એ જે બાબતો નક્કી કરી દીધેલ છે તેમાં તેની અથવા તેણીની કોઈ પસંદગી બાકી રહેતી જ નથી. નીચેની આયત જુઓ કે જે પુરૂષો માટે અને સાથે સાથે સ્ત્રીઓ માટે પણ ફરમાબરદારીના પ્રશ્નની સ્પષ્ટતા કરે છે :

**'અને કોઈ મોમિન પુરૂષ માટે કે કોઈ મોમિન સ્ત્રી માટે આ વાત યોગ્ય નથી કે જ્યારે અલ્લાહ તથા તેનો રસૂલ એક વાત નક્કી કરે તો પછી તેઓ તે બાબતમાં પોતાની મરજી મુજબ વર્તે; અને જે કોઈ અલ્લાહ તથા તેના રસૂલની નાફરમાની કરશે તો તે નિઃસંશય ખુલ્લી ગુમરાહીમાં પડશે.'** (કુરાન, ૩૩:૩૬)

અને તેથી જ તો કુરાન બધાયના માટે છે, પુરૂષો અને સ્ત્રીઓ માટે, યુવાનો અને વૃધ્ધો માટે,

કાળાઓ અને ગોરાઓ માટે, અરબો અને બિનઅરબો માટે, પૂર્વના માણસો અને પશ્ચિમના માણસો માટે : પરંતુ તેનો અભ્યાસ તો તેની પોતાની શરતો પ્રમાણે, તેના ઉપર પોતાના વ્યક્તિગત ગમા અને અણગમાને લાદી દીધા વગર, અને આ કે તે, એવા કોઈ વાદવિવાદમાં પડ્યા વગર, કોઈ સંકૂચિતતા રાખ્યા વગર થવો જોઈએ.

## પ્રકરણ-૨

### કુરાન અને હિજાબ

ઈસ્લામે બે પરસ્પર વિરોધી જાતિ (પુરૂષ અને સ્ત્રી)ના એકબીજા સાથેના સંબંધની બાબતમાં મર્યાદા અને આદાબ જાળવવાની વિચારધારા ઉપર ખૂબ જ ભાર મૂક્યો છે. પોષાક અંગેના નિયમો (dress code) પણ એ સમગ્ર તાલીમનો એક ભાગ છે. કુરાનમાં બે આયતો એવી છે કે જેમાં સર્વશક્તિમાન અલ્લાહ તઆલાએ અદબ જાળવવાની બાબતમાં વાત કરી છે અને હિજાબની વ્યાખ્યા પહેલેથી જ નીચે મુજબ આપી દીધી છે :

**પહેલી આયત**

સૂરએ નૂર તરીકે ઓળખાતા સૂરામાં આયત નં. ૩૦માં અલ્લાહ તઆલા પયગમ્બર મોહંમદ(સ.)ને નીચે મુજબ ફરમાન કરે છે :

قُلْ لِلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ أَبْصَارِهِمْ وَ يَحْفَظُوْا فُرُوْجَهُمْ, ذَلِكَ أَزْكَى لَهُمْ.

**'(હે રસૂલ !) મોમિનોને કહે કે તેઓ તેમની આંખો નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોનું રક્ષણ કરે, આ તેમના માટે વધારે પવિત્રતાઈ ભર્યું છે...'**

આ હુકમ મુસલમાન **પુરૂષો** માટે છે કે તેમણે (પોતાની પત્નીઓ સિવાયની) સ્ત્રીઓ તરફ વાસનાભરી નજરે જોવું જોઈએ નહીં અને લોલુપતાની કોઈ શક્યતાને રોકવા માટે તેમણે પોતાની નજરોને ઝુકાવી દેવાની જરૂર છે. આ બાબત 'આંખોના **હિજાબ**' તરીકે ઓળખાય છે.

ત્યાર પછીની બીજી આયતમાં અલ્લાહ તઆલા સ્ત્રીઓને સંબોધીને પયગમ્બર(સ.)ને આવો હુકમ ફરમાવે છે :

قُلْ لِلْمُؤْمِنَاتِ يَغْضُضْنَ مِنْ أَبْصَارِهِنَّ وَ يَحْفَظْنَ فُرُوْجَهُنَّ...

**'અને તું મોમિન સ્ત્રીઓને પણ કહે કે તેણીઓ પોતાની નજરો નીચી રાખે અને પોતાના ગુપ્ત ભાગોને (બીજાઓની નજરથી) બચાવે...'**

આ પણ અગાઉની આયતમાં, પુરૂષોને 'આંખોના હિજાબ' વિષે કરેલા હુકમના જેવો જ હુકમ છે.

આંખોનો આ **હિજાબ** ઈસા(અ.)ને આપેલી તાલીમના જેવો જ છે કે જેમાં તે ફરમાવે છે : 'તમે સાંભળી લીધું છે કે પહેલાંના જમાનામાં તેમના દ્વારા એવું કહેવામાં આવતું હતું કે તમારે ઝિના (વ્યભિચાર) આચરવો જોઈએ નહીં પરંતુ હું તો તેમને એટલે સુધી કહું છું કે જે કોઈ (પરાયી) સ્ત્રી તરફ વાસનાની નજરે જુએ છે, તેણે પોતાના દિલમાં તેણીની સાથે ઝિના કર્યો છે[2] તેથી જો તમે કોઈ મુસ્લિમને તેની અથવા તેણીની આંખોને નીચી ઝુકાવતાં જુઓ જ્યારે કે તે વિરોધી જાતિના સભ્ય સાથે વાતચીત કરી રહેલ હોય તો તમારે તેને બેઅદબીભર્યું કાર્ય અથવા તો આત્મવિશ્વાસના અભાવની નિશાની ગણવી ન જોઈએ - તે અથવા તેણી માત્ર કુરાન ઈન્જીલની તાલીમની વફાદારી કરી રહેલ છે.

*****

'આંખોના હિજાબ'નો હુકમ આવ્યો ત્યાર પછી સ્ત્રીઓના પોષાક અંગેના નિયમો(dress code)નું

વર્ણન કરતો હુકમ આવ્યો :

وَ لاَ يُبْدِيْنَ زِيْنَتَهُنَّ إِلاَّ مَا ظَهَرَ مِنْهَا وَ لْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلَى جُيُوْبِهِنَّ...

**'...વલા યબ્દૈન ઝીનતહુન્ન ઈલ્લા મા ઝહર મિન્હા વલ યઝરિબ્ન બે ખુમુરે હિન્ન અલા જોયૂબેહિન્ન...'**

**'(અને પોતાના બનાવ શણગાર - કે જે આપમેળે જાહેર થાય તે સિવાય - (જાણી જોઈને) જાહેર (કરવાના પ્રયત્નો) ન કરે, અને તેમને જોઈએ કે પોતાની ઓઢણીઓ છાતી પર નાખી રાખે...'**

આ વાક્ય ઉપરથી બે સવાલો ઉત્પન્ન થાય છે.

**(૧) આ આયતમાં વપરાયેલા 'ખુમુર' શબ્દનો અર્થ શું થાય ?**

'ખુમુર' **خُمُرٌ** શબ્દ ખિમાર **خِمَارٌ** શબ્દનું બહુવચન છે જેનો અર્થ થાય છે માથાને ઢાંકવા માટેનો પડદો (બુરખો). કોઈ પણ અરબીની ડિક્ષનરી લો જેવી કે **લિસાનુલ અરબ, મજમઉલ બહરૈન** અથવા **અલ મુન્જિલ.**

**અલ મુન્જિલ** કે જે અરબ દુનિયામાં ખૂબ જ લોકપ્રિય ડિક્ષનરી છે તે **અલ-ખિમાર**ની વ્યાખ્યા આ મુજબ આપે છે : એવી કોઈ વસ્તુ કે જેનાથી સ્ત્રી પોતાના માથાને ઢાંકે છે. **'મા તગ્ની બેહિલ મરાત રાસહા.'** **ما تغطى به المرأة رأسها** ફખ્રુદ્દિન અલ તુરાયહી **મજમઉલ બહરૈન**(કે જે કુરાન અને હદીસના શબ્દોની ડિક્ષનરી છે તે)માં **અલ ખિમાર**ની વ્યાખ્યા દુપટ્ટા (સ્કાફ) તરીકે કરે છે અને તે એવી જ રીતે ઓળખાય છે કારણ કે તેનાથી માથું ઢંકાઈ જાય છે.(3)

તેથી **ખિમાર** શબ્દની વ્યાખ્યા જોતાં તો તેનો અર્થ થાય છે : માથાને ઢાંકવા માટેનો કાપડનો ટુકડો.

**(૨) તો પછી 'ઓઢણીને (ખુમરને) છાતી ઉપર નાખવી' તેનો અર્થ શું થાય ?**

કુરાનના તફસીરકારોના મત અનુસાર, ઈસ્લામ પહેલાંના જમાનામાં મદીનાની સ્ત્રીઓ પોતાની 'ખુમર' માથાના ઉપર એવી રીતે નાખતી હતી કે જેના બે છેડાની ગડી પાછળની બાજુએ વળે અને ગરદનના પાછળના ભાગમાં બંધાઈ જાય આ પ્રક્રિયામાં તેમના કાન અને ગરદન ખુલ્લાં રહે. 'તમારા ખુમરને તમારી છાતી ઉપર નાખો' આવું કહીને સર્વશક્તિમાન અલ્લાહ તઆલાએ સ્ત્રીઓને હુકમ કર્યો કે તમારા માથાના કપડાને તમારી છાતીઓ સુધી લાંબો કરો જેથી કરીને તે પોતાના કાનને, ગરદનને અને છાતીના ઉપરના ભાગને પણ ઢાંકી દે.(4)

પયગમ્બર(સ.)ના જમાનામાં મુસલમાન સ્ત્રીઓ જે રીતે અલ્લાહ તઆલાનો આ હુકમ સમજી ગઈ હતી તેનાથી આ બાબત મજબૂત બની જાય છે. સુન્ની સૂત્રો રસૂલ(સ.)નાં બીબી ઉમ્મુલ મોમિનીન આઈશાને નીચે મુજબ કહેતાં ટાંકે છે : 'મેં અન્સારની (મદીનાના રહેવાસીઓની) સ્ત્રીઓ કરતાં વધારે સારી સ્ત્રીઓને જોઈ નથી. જ્યારે આ આયત નાઝિલ થઈ ત્યારે તેમણે પોતાનાં ઉપવસ્ત્રોને પકડ્યાં ફાડીને જુદાં કરી નાખ્યાં અને તેમનો ઉપયોગ પોતાનાં માથાં ઢાંકવા માટે કર્યો.(5)

**'ખિમાર'**નો અર્થ અને જે સંદર્ભમાં આયત નાઝિલ થઈ હતી તે સ્પષ્ટપણે માથાને ઢાંકવાની વાત કરે છે અને ત્યાર પછી તે દુપટ્ટા(સ્કાફ)ના ખુલ્લા છેડાઓનો ઉપયોગ કરીને ગરદનોને તેમજ છાતીને છૂપાવવી. એવું માનવું બેહૂદી બાબત કહેવાય કે કુરાને ખિમાર (જેની વ્યાખ્યા કરવાથી અર્થ થાય છે માથું ઢાંકવાનું કપડું) શબ્દનો ઉપયોગ માથાને બાકાત રાખીને માત્ર છાતી ઢાંકવા પૂરતો જ કર્યો છે. આ

તો એવું થયું કહેવાય કે તમારી છાતીને ઢાંક્યા વગર તમારા કમરના ફરતાં માત્ર તમારા પહેરણને પહેરો.

અંતમાં, આ આયત 'મહરમ'(કુટુંબના પુરૂષ સભ્યો કે જેમની હાજરીમાં હિજાબની જરૂર નથી તેમ)ની યાદી આપવા માટે આગળ ધપે છે, જેમકે પતિ, પિતા, સસરા, દીકરા અને અન્ય લોકો.

**<u>બીજી આયત</u>**

સૂરએ અહઝાબ તરીકે જાણીતા ૩૩મા સૂરાની આયત નં.૫૯માં અલ્લાહ તઆલા મોહંમદ રસૂલિલ્લાહ(સ.)ને નીચે મુજબ હુકમ ફરમાવે છે:

**يَا أَيُّهَا النَّبِيُّ, قُلْ لأَزْوَاجِكَ وَ بَنَاتِكَ وَ نِسَآءِ الْمُؤْمِنِيْنَ: يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلاَبِيْبِهِنَّ...**

**'હે નબી ! તું તારી પત્નીઓ, તથા તારી પુત્રીઓ અને ઈમાનદારોની સ્ત્રીઓને કહી દે કે તેઓ પોતાની જલાબિબ તેમના ઉપર નાખી દે.'**

**'જલાબિબ'નો અર્થ શું થાય ?**

'જલાબિબ' **جَلاَبِيْبٌ** શબ્દ **જિલ્બાબ جِلْبَاب** નું બહુવચન છે, જેનો અર્થ થાય છે બહારનું ખુલ્લું વસ્ત્ર. જુઓ કોઈ પણ અરબી ડિક્ષનરી જેવી કે **લિસાનુલ અરબ, મજમઉલ બહરૈન** અથવા તો **અલ મુન્જિલ.**

ઉદાહરણ તરીકે **અલ મુન્જિલ** 'જિલ્બાબ'ની વ્યાખ્યા કરે છે : પહેરણ અથવા પહોળો પોષાક- **القميص أو الثوب الواسع** જ્યારે અલ તુરાયહી મજમઉલ બહરૈનમાં તેની વ્યાખ્યા આપે છે : એક પહોળો પોષાક, દુપટ્ટા (સ્કાર્ફ) કરતાં ય વધારે પહોળો અને ઝભ્ભા કરતાં ટૂંકો કે જેને સ્ત્રી પોતાના માથા ઉપર પહેરે છે અને તેની છાતી સુધી નીચે ઉતરવા દે છે.(6)

આનો અર્થ એ થાય છે કે સ્ત્રીઓ માટેના ઈસ્લામી dress codeમાં માત્ર સ્કાર્ફનો જ સમાવેશ થતો નથી કે જે માથાને, ગરદનને અને છાતીને ઢાંકે છે પરંતુ એવો પહોળો પોષાક કે જે લાંબો અને ખુલ્લો હોવો જોઈએ.

તેથી, દાખલા તરીકે એક ચુસ્ત ટૂંકુ સ્વેટર, ચુસ્ત ફિટીંગવાળો જીન્સ અને માથા ઉપર સ્કાર્ફ આ બધાનો સંગમ હોય તેવો પોષાક ઈસ્લામી ડ્રેસ કોડની જરૂરિયાતોને પરિપૂર્ણ કરતો નથી. (ક્રમશઃ)

**Notes:**

[2] *The Gospel of Matthew,* chap. 5, verses 27-28. [3] *Al-Munjid* (Beirut: Daru 'l-Mashriq, 1986) p. 195; at-Turayh¢, *Majma'u 'l-Bahrayn,* vol.1 (Tehran: Daftar Nashr, 1408 AH) p. 700. See at-Tusi, *at-Tibyan*, vol. 7 (Qum: Maktabatu 'l-I'lam al-Islami, 1409 AH) p. 428; at-Tabrasi, *Majma'u 'l-Bayan*, vol. 7 (Beirut: Dar Ihyai 't-Turathi 'l-'Arabi, 1379AH) p.138; also see the famous Sunni commentator, Fakhru 'd-Din ar-Razi, *at-Tafsiru 'l-Kabir*, vol. 23 (Beirut: Daru 'l-Kutubi 'l-'Ilmiyya, 1990) p. 179-180. Even the *Hans Wehr Dictionary of Modern Written Arabic* (Ithaca, NY: Spoken Languages Services, 1976) defines *al-khimar* as "veil covering head and face of a woman." (p. 261) No one has excluded the covering of the head from definition of *"al-khimar"*. [4] Ar-Razi, *at-Tafsiru 'l-Kabir*, vol.23, p. 179, and other famous commentaries and collections of hadith such as at-Tabataba'i, *al-Mizan*, vol. 15 (Tehran: Daru 'l-Kutub, 1397AH) p. 121; al-Kulayni, *al-Furu' mina 'l-Kafi*, vol. 5 (Tehran: Daru 'l-Kutub, 1367AH) p. 521. Also see the commentaries of al-Kashshaf, Ibn Kathir, at-Tabari, and al-Qurtubi. [5] Ibid, also see, al-Bukhari, *Sahih* (Arabic & English) vol. 6 (Beirut: Daru 'l-'Arabiyya) p. 267; Abu 'l-A'la Mawdudi, *Tafhimu 'l-Qur'an*, vol. 3 (Lahore: Idara-e Tarjuman-e Qur'an, 1994) p. 316. [6] Ibid. *al-Munjid*, p. 96; at-Turayhi, *Majma'u 'l-Bahrayn*, vol. 1, p.384.

# નહજુલ અસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

**૧૧૨ કલિમાતે કસ્સાબ**
**(સફાઈ કરનારાં બોધવચનો)**

(ગતાંકનું ચાલુ)

(૨૯) ઓરતોની ઈતાઅત કરવી તે મૂરખાઓની નિશાની છે.

(૩૦) એવા માણસને જોઈને મને નવાઈ લાગે છે કે જે એવું જાણે છે કે ખુદા રોજી આપવા માટે જામીન (બંધાયેલો) છે, તેનું પ્રમાણ નક્કી કરી દીધેલું છે અને તે માણસની કોશિશ તે રોજીને વધારી શકતી નથી કે જે તેના નસીબમાં નક્કી થઈ ચૂકી છે, તેના ઉપર પણ તે રોજીની ઈચ્છા કરવાનો લોભ રાખે છે.

(૩૧) એ માણસને જોઈને નવાઈ લાગે છે કે જે દરરોજ જુએ છે કે તેની ઉંમરમાં ઘટાડો થઈ રહ્યો છે તેમ છતાંય મોતના માટે કોઈ કામ કરતો નથી.

(૩૨) તારે એની ઈતાઅત કરવી જોઈએ કે જેની સાથે જહાલત (અજ્ઞાનતા/મૂર્ખાઈ) માફ નથી થઈ શકતી.

(૩૩) પોતાની જીભને મીઠી વાણીની અને સલામ કહેવાની ટેવ પાડ જેથી તારા દોસ્તો વધારે હોય અને દુશ્મનો થોડા હોય.

(૩૪) તમારે તમારા નબી(સ.)ની આલને દોસ્ત રાખવા જોઈએ કેમકે તે તમારા ઉપર અલ્લાહનો હક છે અને ખુદાએ તમારા ઉપર તેમની મોહબ્બતને વાજિબ કરી છે. શું તમે ખુદાના એ કોલને નથી વાંચ્યો ? : **'કુલ્લા અસ્અલોકુમ અલૈહે અજરન ઈલ્લલ મોવદ્દતા ફીલ કુર્બા.'**

(૩૫) તમારા ઉપર ખુદાએ ઈમાનને શિર્કથી પાક રાખવા માટે, નમાઝને સરકશીથી પાક રાખવા માટે, ઝકાતને રિજક વધારવા માટે, રોઝાને નિષ્કપટતાથી આજમાઈશ માટે, હજને દીનની સહાયતા માટે, જિહાદને ઈસ્લામની પ્રતિષ્ઠા માટે, અમ્રબિલ મઅરૂફને જનતાની સુધારણા માટે, નહ્ય અનિલ મુન્કર મૂર્ખાઈઓને બદશિકલથી બચાવવા માટે, સિલે રહમ સંખ્યા વધારવા માટે, કિસાસ ખૂનની નિગેહદારી (દેખભાળ) માટે, મર્યાદાઓની જાળવણી હરામકારીને ઘટાડવા, શરાબખોરીને તિલાંજલી અક્કલની હિફાઝત માટે, ચોરીથી નફરત પાકદામનીને વાજિબ બનાવવા માટે, ઝિનાને તર્ક કરવાનું કાર્ય નસબની હિફાઝત માટે, સજાતીય પુરૂષ સંબંધની બંધી ઓલાદની વિપુલતા માટે, ગવાહી આપવાનું કાર્ય નકારાત્મક વસ્તુઓ કરવા માટે, જૂઠ બોલવાનો ત્યાગ સજ્જનતા અને સચ્ચાઈ માટે, સલામ ખૌફથી અમન પ્રાપ્ત કરવા માટે, અમાનતદારી મિલ્લતના કામની વ્યવસ્થા માટે અને ઈતાઅત તેમજ ફરમાબરદારી ઈમામની અઝમત માટે વાજિબ (કરેલ છે.).

(૩૬) ઓછો ખોરાક શરીરને બીમારીઓથી સુરક્ષિત રાખે છે.

(૩૭) લોકો સાથે ઓછો મેળ મેળાપ દીનની નિગેહબાની કરે છે અને આગ્રહની નિકટતાથી સંતોષી રાખે છે.

(૩૮) કત્એ રહમ (લોકો સાથેનો સંબંધ તોડી નાખવો) નેઅમતને નષ્ટ કરી નાખે છે.

(૩૯) કોઈ માણસ માટે એટલું પૂરતું છે કે લોકોના ઐબો (શોધવા)માં મશગૂલ રહેવાને બદલે

પોતાના ઐબો(શોધવા)માં મશગૂલ રહે.

(૪૦) ગુસ્સાની વિપુલતા ગુસ્સો વધારનારને નીચે પાડી દે છે અને તેના ઐબોને જાહેર કરી દે છે.

(૪૧) વધારે ખાવું અને વધારે સૂઈ રહેવું નફસને બગાડી નાખે છે અને નુકસાન પહોંચાડે છે.

(૪૨) ખામોશીની વિપુલતા ગંભીરતાને (પ્રતિષ્ઠાને) વધારે છે.

(૪૩) મધમાખીની માફક બનીને અગર ખાય છે તો પાક વસ્તુ વધારે બહાર કાઢે છે તો પાક વસ્તુ (મધ) અને અગર કોઈ ડાળી ઉપર બેસે છે તો એટલી બધી હલકી હોય છે કે તે તેને કોઈ નુકસાન નથી પહોંચાડતી.

(૪૪) ખુદાનો ફરમાબરદાર બન અને તેના ઝિક્રથી મોહબ્બત કરનારો રહેજે; જ્યારે તું તેનાથી મોઢું ફેરવવાની ઈચ્છા કરીશ તો જો જે કે તે કેવી રીતે પોતાની ક્ષમા (માફી) તરફ બોલાવે છે અને તારા ઉપર કેવો ફઝ્લ (ઉપકાર) કરે છે.

(૪૫) આખેરતના ફરઝંદોમાંથી રહો અને દુનિયાના ફરઝંદોમાંથી ન રહો કેમકે દરેક ફરઝંદ કયામતના દિવસે પોતાની માતા સાથે વળગેલો હશે.

(૪૬) ખાવાના પહેલાં અને પછી અતરજ ખાધા કરો કેમકે આલે મોહંમદ(સ.) એવું કર્યા કરતા હતા.

(૪૭) ઈલ્મનો કમાલ (ખૂબી) હિલ્મ (નમ્રતા) છે અને હિલ્મનો કમાલ ખૂબ જ તહમ્મુલ (સહિષ્ણુતા) અને ગુસ્સાને ઘટાડે છે.

(૪૮) જેવી રીતે દિવસ અને રાત એક સ્થળે ભેગા નથી હોતાં એવી જ રીતે દુનિયાનો મોહ અને અલ્લાહની મોહબ્બત એક સ્થળે ભેગાં નથી હોતાં.

(૪૯) અનાર (દાડમ)ને તેના અંદરના ભાગ સાથે ખાઓ કેમકે તે હોજરીને સાફ કરે છે. અનારનો દરેક દાણો કે જે હોજરીમાં જાય છે તે હ્દયના માટે જીવતા રહેવાનું કારણ છે, નફસને રોશન કરે છે અને ચાલીસ દિવસ સુધી શયતાનના વસવસાઓને બેકાર બનાવતો રહે છે.

(૫૧) જે વસ્તુ દસ્તરખ્વાન પર પડી જાય તેને ખાઈ લો કેમકે તેમાં એવા સઘળા રોગો માટેની ખુદાના હુકમથી તે માણસ માટે શિફા છે કે જે તે પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય છે.

(૫૨) દરેક ચીજની એક ઝકાત હોય છે, અક્કલની ઝકાત એ છે કે જાહિલો (અજ્ઞાની લોકો)ની જહાલત (અજ્ઞાનતા)ને સહન કરે.

(૫૩) માણસ માટે બે ફઝીલતો છે; અક્કલ અને વાતચીત; તેથી અક્કલથી તે ફાયદો ઉઠાવે છે અને વાતચીતથી તે ફાયદો પહોંચાડે છે.

(૫૪) દુનિયાની મોહબ્બતનું કારણ એ છે કે કાન બુધ્ધિની અને હિકમતની વાતો સાંભળવાથી બહેરા બની જાય છે અને નૂરે બશીરત (નૂરની દૃષ્ટિ)થી દિલ આંધળાં થઈ જાય છે.

(૫૫) માણસની છાતીની અંદર એક ગોશ્તનો ટુકડો છે કે જે માણસમાં સૌથી વધારે અજબ ચીજ છે કે જેને દિલ કહે છે. તેમાં હિકમત અને બુધ્ધિથી કેટલાક મૂળ પ્રદાર્થો અને તેમના વિરૂધ્ધ તેની વિરોધી વસ્તુઓ આવેલી છે. અગર દિલના ઉપર ઉમ્મીદો છવાઈ જાય તો લાલચ તેને ધિક્કારપાત્ર અને બદનામ કરી નાખે છે અને અગર લાલચ તેમાં ખુશમાં આવે તો હિર્સ તેને હલાક કરી નાખે છે અગર માયૂસી માલિક થઈ જાય તો નિરાશા અને દુઃખ તેને મારી નાખે છે. અગર ગઝબ તેના ઉપર બીમારી સ્વરૂપે આવે તો તેની નારાજગી અને લોભ વધી જાય છે. અગર જો તેની મરજીને મેળવી લે તો ખુદ્દારી (સ્વાભિમાન)ને ભૂલી જાય છે અગર ખૌફ તેને ઘેરી લે તો કાર્યોમાંથી તલ્લીનતા ઓછી

થઈ જાય છે. અગર અમન તેના ઉપર છવાઈ જાય તો ગુરૂર તેના ઉપર કબજો કરી લે છે. તેને રંજ અને દુઃખ પહોંચે તો બેતાવી બદનામ કરે છે. અગર માલ હાથમાં આવે તો વારાતી તેને સરકશ કરી દે છે. અગર નાદારી અને ફાકાકશી આવીને ઘેરી લે તો બલાઓમાં ઘેરાઈ જાય છે. અગર ભૂખમાં ફસાયેલો હોય તો કમજોર થઈ જાય છે. અગર મીઠાશ વધારે થઈ જાય તો પેટ ભરેલું રહેવાની તકલીફ પહોંચાડે છે. તેથી દરેક પ્રકારની કમી નુકસાન પહોંચાડે છે અને દરેક પ્રકારની વિપુલતા ફસાદ અને બરબાદીનું કારણ હોય છે.

(૫૬) અવલિયા અલ્લાહની સોબતથી વધીને ભલાઈની તરફ બોલાવનારી અને બદીથી નજાત આપનારી બીજી કોઈ વસ્તુ નથી.

(૫૭) ખુદાવંદે તઆલાએ પોતાની ડરાવનારી સિફતથી બુધ્ધિઓને ખબરદાર નથી કરી અને બુધ્ધિઓ ઉપર જે કંઈ માઅરેફત વાજિબ છે તેને છૂપી રાખી નથી.

(૫૮) અગર મોત ખરીદાય તેવી વસ્તુ હોત તો અલબત્ત તવંગરો ચોક્કસ ખરીદી લેત.

(૫૯) જેણે ખુદાવંદે આલમના ગુસ્સા ઉપર લોકોની ખુશનૂદીને પ્રાથમિકતા આપી દીધી ખુદા તેની નેકીઓને રદ કરી દે છે અને લોકોમાં તેને બૂરી કરી દે છે.

(૬૦) જેણે લોકોનો ગુસ્સો હોવા છતાં ખુદાની ખુશનૂદીની ઈચ્છા કરી તો ખુદા તેની બૂરી ચીજોને નેકીઓથી બદલી દે છે. (ક્રમશઃ)




*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી ક્વીઝ નં. ૨૨૨

**(૧) આપણા બાર ઈમામોમાંથી કયા ઈમામે ઈમામતની જવાબદારી સૌથી નાની ઉંમરે ઉપાડી હતી ?**
(A) ઈમામ મોહંમદ તકી(અ.)એ
(B) ઈમામ અલી નકી(અ.)એ
(C) ઈમામ અલી રઝા(અ.)એ

**(૨) આધારભૂત રિવાયતોના આધારે હઝરત હૂદ પયગમ્બર(અ.)ને ક્યાં દફન કરવામાં આવેલ છે ?**
(A) હઝર મૌતની ગુફામાં
(B) મક્કા મોઅઝઝમામાં
(C) વાદીઉસ્સલામ કબ્રસ્તાન નજફમાં

**(૩) દુનિયામાં બનાવટી જન્નત બનાવનાર શદ્દાદ બાદશાહ કયા પયગમ્બરનો સમકાલીન હતો?**
(A) હઝરત સાલેહ(અ.)નો
(B) હઝરત હૂદ(અ.)નો
(C) હઝરત ઈબ્રાહીમ(અ.)નો

**(૪) 'બહરૂલ મઈત'** (dead sea) **કે જેને મૃત સરોવરના નામથી ઓળખવામાં આવે છે તેનો સૌથી મોટો ભાગ કયા દેશમાં આવેલો છે ?**
(A) ઈઝરાઈલ દેશમાં
(B) જોર્ડન (ઉર્દન) દેશમાં
(C) શામ (સિરિઆ) દેશમાં

**(૫) હઝરત ઝુલ્કરનૈન પયગમ્બર(અ.) એવા કયા ઝરણાની શોધમાં ગયા હતા કે જેનું પાણી પીવાથી માણસ પોતે મોતની માગણી ન કરે ત્યાં સુધી મરે નહીં ?**
(A) આબે ફુરાત (B) આબે હયાત
(C) આબે કૌસર

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## મક્કામાં સૂરએ બરાતનું લઈ જવું અને એહકામથી લોકોને જાણકારી આપવી.

(ગતાંકનું ચાલુ)

આ દાસ્તાન તો ખૂબ જ મશહૂર છે કે બુતપરસ્તો સાથેના દોસ્તીના કરારને મન્સૂખ કરવાનો અધિકાર કાંતો તેમને (એટલે કે પયગમ્બર(સ.)ને) આપવામાં આવ્યો હતો અથવા તો તેમના જાનશીનને આપવામાં આવ્યો હતો કે જે અલ્લાહ અને રસૂલ(સ.)નો મુતીઅ (ફરમાબરદાર) હોય, જલીલુલ કદ્ર હોય, જે આ'લા મરતબાવાળો હોય અને અશરફુલ મકામ હોય, જેના કામમાં કોઈને પણ શંકા ન હોય અને જેની કોઈ બાબતને કાબિલે એતેરાઝ ન સમજવામાં આવી હોય, જેનો દરજ્જો અહદો પયમાન કરવાવાળાની બરાબર હોય, જે પોતાના મામલાઓમાં એવો જ હોય જેવા મામલાઓ કરાર કરવાવાળાઓના હતા. તેણે કદી ઈસ્લામના ઉસૂલોનો વિરોધ ન કર્યો હોય, તેણે હંમેશાં શરીઅતના કાનૂનો ઉપર અમલ કર્યો હોય અને મુસલમાનોની ભલાઈ અને કલ્યાણ ઉપર અમલ કરવા તત્પર રહ્યો હોય, તેના હાથે મક્કા ફતેહ થયેલ હોય, તેણે મુસલમાનોની વ્યવસ્થાને દુરસ્ત કરી હોય. અલ્લાહ તઆલાએ આવા જ માણસને કરાર રદ કરવાનો અધિકાર આપેલો છે કે જેનું નામ મુમ્તાઝ અને મશહૂર હોય અને તેની પ્રસિધ્ધિ ઉન્નતિના બિંદુ ઉપર હોય. આનાથી સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે માત્ર એ જ માણસ કે જેના ગુણો ખાસ પ્રકારના હોય તે દરેક મામલામાં સઘળા બીજા માણસોથી અફઝલ હોય, એવા માણસની પહેચાન જ બીજા લોકોથી અલગ હોય તે જ આવાં ખાસ પ્રકારનાં કામો કરવાનો અધિકાર ધરાવે છે.

ઉપરના બયાન ઉપર વિચાર કર્યા પછી એવું જ કહી શકાય કે અમીરુલ મોમિનીન અલી ઈબ્ને અબીતાલિબ(અ.) સિવાય આ બધી જ સિફતો કોઈ બીજા માણસમાં નહોતી કે જે સિફતોનું વર્ણન ઉપર કરવામાં આવેલ છે. ઉપર જે સદ્‌ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે તેવા સદ્‌ગુણોમાં હઝરત અલી(અ.)નો કોઈ બીજો ભાગીદાર નથી.

આવા પ્રકારના દાખલા તો ઘણા બધા છે. તેમની સંખ્યા અગણિત છે. બધા દાખલાઓનું આ કિતાબમાં વર્ણન કરવું શક્ય નથી અને આ વિષય ઉપર જે ખુત્બાઓ છે તેનાં વર્ણનો લાંબાં હોવાને કારણે તે બધાનું અહીં વર્ણન કરવું મુનાસિબ નથી. આટલાથી જ આ બાબતને ખતમ કરવામાં આવે છે.

## અમીરુલ મોમિનીન(અ.)નાં ફૌજી કારનામાં

જ્યારે અલ્લાહ તરફથી જંગની ઈજાઝત મળી ગઈ તો ઈસ્લામી કાનૂનો લાગુ કરી શકાયા. તેમને લાગુ કરાયા પછી મઝહબી શરતો, કરારો અને સામૂહિક વ્યવસ્થાને અમલી સ્વરૂપ આપી શકાયું. આ વિશિષ્ઠ કામગીરીને સંપૂર્ણ બનાવવામાં અમીરુલ મોમિનીન(અ.)ની પાક ઝાત એટલી બધી સ્પષ્ટ રહી કે આપની પ્રખ્યાતીનો સિક્કો લોકોના દિલોમાં બેસી ગયો. આ બાબતમાં એટલી બધી વધારે રિવાયતો છે કે જો માત્ર તેમના ખાસ અનુયાયીઓમાં જ નહીં, બલ્કે તમામ લોકોમાં ફેલાયેલી છે. આલિમોનાં મંડળોમાં પણ આ રિવાયતોનો વિરોધ કરવામાં આવ્યો નથી કે ન તો શરીઅતી કાનૂનોના જાણકારો પણ આ હકીકતોનો ઈન્કાર કરી શકે છે. અગર થોડી ઘણી પણ શંકા (જોવા મળે છે) આ બાબતમાં (તો તેનું કારણ એ

હોઈ શકે છે) કે જાણી જોઈને ઐતિહાસિક હકીકતોને દરગુજર કરવામાં આવી છે, કોઈ પણ દૃષ્ટિ ધરાવનાર માણસ કે જે આ પ્રસંગોને જાણે છે તે તેમને રદ કરી જ શકતો નથી સિવાય એવી વ્યક્તિઓ કે જે જૂઠ્ઠા હોય અને જીદપૂર્વક જૂઠ્ઠુ બોલે અને બેશરમીથી કામ લે.

## જંગે બદ્ર

જ્યાં સુધી ગઝવાતનો સંબંધ છે ત્યાં સુધી તેનું એક ઉદાહરણ જંગે બદ્રથી આપી શકાય છે કે જેનું વર્ણન કુરાનમાં જોવા મળે છે. આ પ્રથમ લડાઈ હતી કે જેમાં મુસલમાનોના ઈમાની જોશની પરીક્ષા લેવામાં આવી હતી. ભયથી ઘણા મુસલમાનોનાં દિલ ધ્રુજતાં હતાં અને તેઓ એવું ઈચ્છતા હતા કે કોઈ પણ રીતે તેને ટાળી દેવામાં આવે જેથી તેઓ તેમાં ભાગ ન લઈ શકે. તે લોકો ખૂબ જ ગભરાઈ ગયા હતા અને જંગને પસંદ કરતા ન હતા. તેનું વર્ણન કુરાને કરીમમાં કરવામાં આવ્યું છે. અલ્લાહ જલ્લે જલાલહૂએ તે બાબતમાં ઈરશાદ ફરમાવ્યો છે, 'જે રીતે તમારા પરવરદિગારે તેમને બિલકુલ ઠીક (મસ્લેહતથી) તમારા ઘેરથી (જંગે બદ્રમાં) બહાર કાઢ્યા હતા અને મોમિનોનો એક સમૂહ (તેનાથી) નાખુશ હતો કે તે લોકો હકના જાહેર થઈ ગયા પછી પણ (નકામા) સાચી વાતમાં તમારી સાથે ઝઘડતા હતા અને એવી રીતે (કરવા લાગ્યા) જાણે કે તેઓ (જબરદસ્તી) મોતના મુખમાં ધકેલાતા જઈ રહ્યા છે. અને (તેને) પોતાની આંખોથી જોઈ રહ્યા હોય.' (સૂરએ અન્ફાલ, આયત-૫) એક બીજી આયતમાં અલ્લાહ સુબ્હાનહુએ ઈરશાદ ફરમાવ્યો છે : 'એ લોકોના જેવા ન થઈ જાઓ કે જેઓ ઘમંડ કરીને અને લોકોને ખુદાની રાહથી રોકે છે અને જે કંઈ પણ તે લોકો કરે છે ખુદા તેના ઉપર દરેક રીતે છવાયેલો છે. (સૂરએ અન્ફાલ, આયત-૪૭)

આ બાબતમાં જે બયાનો મળે છે તે લગભગ એકબીજાને મળતાં આવે તેવાં છે, જો કે સંશોધકો (અન્વેષકો)ના બયાનની પધ્ધતિમાં વિરોધાભાસ જોવા મળે છે પરંતુ બધાનો કહેવાનો ભાવાર્થ એક જ છે. આ જંગની બાબતમાં ટૂંકમાં પરિસ્થિતિઓ કંઈક આ મુજબ છે કે મુશરિકો જંગ કરવાના આશયથી બદ્રના મેદાનમાં એકઠા થયા. તેમનો પાક્કો ઈરાદો તો એ હતો કે ફતેહમંદ બને કેમકે તેમની પાસે મોટા પ્રમાણમાં જંગનો સાધન સરંજામ હતો. મોટી સંખ્યામાં લડવૈયા હતા અને ખાવા-પીવાની ચીજ વસ્તુઓ અને આમ લોકોની પણ કમી ન હતી. એ જમાનામાં મુસલમાનોની સંખ્યા ખૂબ ઓછી હતી. કેટલાક મુસલમાનો મેદાનમાં આવ્યા ખરા પરંતુ તેઓ જંગ કરવા માટે તત્પર ન હતા અને તેમણે લડાઈ કરવાથી પોતાની નાપસંદગી પ્રગટ કરી અને એવું પણ કહ્યું કે તેઓ જબરદસ્તી જંગ લડવા ઈચ્છતા નથી. કુરૈશના લોકોએ જંગના માટે એકે એક બહાદુરને મુકાબલા માટે લલકાર્યો અને મેદાનમાં સફબંધી કરવાની શિખામણ આપી. તેમણે એવું પણ કહ્યું કે જંગમાં અમે મરતબાવાળા માણસો જ કુરૈશની સાથે મુકાબલો કરી શકીએ છીએ. તેથી અન્સારો પાછા હટી ગયા. તેમને પયગમ્બર(સ.)એ પાછળની સફોમાં રહેવાની હિદાયત કરી હતી.

મેં તમને આ હિદાયત એટલા માટે આપી છે કે તે લોકો પોતાનો મુકાબલો કરવા આવનાર એવા લોકોને ઈચ્છે છે કે જે તેમના મરતબાના બરાબરના હોય. હુઝૂર(સ.)એ એવું (અન્સારને) કહ્યું. ત્યારે આપ(સ.)એ હઝરત અલી(અ.)ને હુકમ કર્યો કે તે જઈને મુકાબલો કરે. પછી હુઝૂર(સ.)એ હઝરત હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ અને ઉબૈદા બિન હારિસ(રઝી.)ને બોલાવ્યા અને કહ્યું કે તે લોકો પણ તેમની (હઝરત અલીની) સાથે જાય.

જ્યારે એ લોકો સફમાં ગોઠવાઈ ગયા તો મુકાબલામાં આવનારાઓએ પહેલાં તો જંગ લડવાથી એટલા માટે ઈન્કાર કરી દીધો કે આ ત્રણે

જાણે લોખંડની ટોપીઓ પહેરેલી છે. તેમણે સવાલ કર્યો કે તમે લોકો કોણ છો ? જવાબમાં તે લોકો (મુસલમાનો)એ પોતાના નસબ અને ખાનદાની શજરા બતાવ્યા તો તેમણે (કુરૈશે) કહ્યું કે 'તમે લોકો બરાબર અમારા જેવા ઉચ્ચ નસબવાળા છો.' ત્યાર પછી જંગની શરૂઆત થઈ.

વલીદ સફમાંથી બહાર નીકળ્યો અને અમીરૂલ મોમિનીન(અ.)ની સાથે જંગ કરવા લાગ્યો. ખૂબ જ ઝડપથી અમીરૂલ મોમિનીન (અ.)એ તેને કતલ કરી નાખ્યો. ઉતબાએ જનાબે હમ્ઝાનો મુકાબલો કર્યો અને જનાબે હમ્ઝાએ તેને કતલ કરી નાખ્યો. શયબાએ હઝરત ઉબૈદા (રઝી.)નો સામનો કર્યો. એક બીજા ઉપર તલવારના વાર થયા. એવામાં હઝરત ઉબૈદાના સાથળ ઉપર તલવાર વાગી અને તેઓ સખત જખમી થયા. અમીરૂલ મોમિનીન(અ.) મદદ માટે આગળ વધ્યા અને તલવારનો એવો કારી ઘા લગાવ્યો કે તે હલાક થઈ ગયો. આપે હઝરત ઉબૈદાને બચાવી લીધા. આ કાર્યમાં હઝરત હમ્ઝા (રઝી.)એ પણ મદદ કરી.

આ ત્રણેયના મોતથી કુફ્ફારની સફોમાં કોહરામ મચી ગયો અને કમજોરીનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. કુફ્ફાર લોકો ખૂબ જ વધારે ગભરાઈ ગયા અને તેમની તાકતે જવાબ આપી દીધો. મુસલમાનોના ભયથી તેઓ પરાજિત થઈ ગયા. એ વખતે જ એવાં ચિહ્નો દેખાવા લાગ્યાં કે જંગ મુસલમાનોએ જીતી લીધી છે. ત્યાર પછી અમીરૂલ મોમિનીન(અ.) મુકાબલા માટે આગળ વધ્યા. હવે આપનો મુકાબલો આસ બિન સઈદ બિન આસની સાથે થયો. (મુસલમાનોમાં કોઈની ય હિંમત ચાલતી ન હતી કે અમીરૂલ મોમિનીન(અ.) સિવાય બીજો કોઈ આસનો મુકાબલો કરે). થોડી રદ્દોબદલ (પરિવર્તન) પછી તે જંગના મેદાનમાંથી નાસી જવાનું વિચારી રહ્યો હતો તેવામાં અલી(અ.)ની એક ઝર્બે તેનું કામ તમામ કરી દીધું. તરત જ હન્ઝલા બિન અબી સુફયાન આપની સાથે લડવા માટે આવ્યો અને તેને પણ આપે કતલ કરી દીધો. તરત જ તઈમા બિન અદી મુકાબલા માટે આવ્યો અને તે પણ આપની તલવારથી કતલ થઈ ગયો. (ક્રમશઃ)

**ગડમથલ નં.૨૪૧નો ઉકેલ**

**આડી ચાવીઓનો ઉકેલ :** (૧) શરીઅત (૪) નજાસત (૭) દાખલ (૮) દાવર (૧૦) નશા (૧૨) જઝાકલ્લાહ (૧૩) મહસૂસ (૧૪) અદદ (૧૬) સદા (૧૭) આલી (૨૦) શર્મગાહ (૨૨) મહશર (૨૫) લાત (૨૬) જબલ (૨૮) પરહેઝગાર

**ઊભી ચાવીઓનો ઉકેલ :** (૧) શબનમ (૨) અદા (૩) તખલ્લુસ (૫) સદાકત (૬) તવલ્લા (૯) રહમતુલ્લાહ (૧૧) શાહઝાદા (૧૨) જદીદ (૧૪) અલીમ (૧૫) દહશત (૧૬) સલીમ (૧૮) ગર્મ (૧૯) કાશ (૨૧) ગાલિબ (૨૩) હકીર (૨૪) રજઝ (૨૫) લાગર (૨૬) જફા (૨૭) લબ


**મંજુરઅહેમદ આઈ. ભાગળીયા** (કાકોશીવાળા)
**ફોન : ૦૨૭૬૬ - ૨૨૦૪૨૯**
**મો. : ૯૪૨૯૩ ૮૪૧૨૪**



# ગેલેક્સી ઈન્ફોટેક

- **કોમ્પ્યુટર વેચાણ અને રીપેરીંગ.**
- **લેપટોપ વેચાણ અને રીપેરીંગ.**
- **જુના તથા નવા કોમ્પ્યુટર અને લેપટોપ મળશે.**
- **કોમ્પ્યુટરને લગતી તમામ એસેસરીઝ મળશે.**
- **દરેક કંપનીના કોમ્પ્યુટર એસેમ્બલીંગ અને લેપટોપ મળશે.**
- **Hotels & office & college CCTV Camera installation**

**ડેસ્ટોપ, લેપટોપ, પ્રિન્ટર, સ્કેનર, સોફ્ટવેર એસેસરીઝ**

(અમારા ત્યાં દરેક રીપેરીંગ કામકાજ સંતોષકારક કરી આપવામાં આવશે)

**૧૦૬, પહેલો માળ, પાલિકા બજાર, રાજમહેલ રોડ, પાટણ**

## કુરઆને મજીદના
# સૂરાઓનો પરિચય
### સૂરા નં.૭૫ સૂરએ કેયામહ

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **પછી જ્યારે આંખો અંજાઈ જશે. (૭)**

**અને ચંદ્રને ગ્રહણ લાગી જશે. (૮)**

**અને સૂર્ય તથા ચંદ્ર ભેગા કરી દેવામાં આવશે. (૯)**

**તે દિવસે મનુષ્ય કહેશે કે હવે નાસવાની જગ્યા ક્યાં છે ? (૧૦)**

**ખાતરીથી જાણો કે કોઈ આશ્રયનું સ્થાન નહીં હોય. (૧૧)**

**તે દિવસે આશ્રય લેવાની જગ્યા તો માત્ર તારા પરવરદિગારની પાસે જ હશે. (૧૨)**

**તે દિવસે મનુષ્યને તે સર્વે કાંઈ જણાવવામાં આવશે કે જે તેણે અગાઉ મોકલ્યું અને પાછળ મૂક્યું હશે. (૧૩)**

અલ્લાહ કયામતની નિશાનીઓનું વર્ણન કરે છે કે જ્યારે ભય અને બીકના લીધે ઈન્સાની આંખો અંજાઈ રહી જશે, ફાટી જશે અને ચંદ્રને ગ્રહણ લાગશે.

સૂર્ય અને ચંદ્રને ભેગા કરવામાં આવશે અને બન્નેનું તેજ ચાલ્યું જશે અને બન્ને દરિયામાં પડી જશે અને દરિયો અગ્નિની જેમ ગરમ થઈ જશે અને દુનિયામાં અંધકાર છવાઈ જશે.

તે દિવસે ઈન્સાન કહેશે કે હવે ભાગવાની જગ્યા ક્યાં છે ? હવે તેમના માટે કોઈ રક્ષણનું સ્થાન નથી.

તે દિવસે આશ્રય લેવાનું સ્થાન તારા પરવરદિગારની પાસે જ છે, નેકને જન્નત અને બૂરાને માટે જહન્નમ.

તે દિવસે ઈન્સાનને તે સર્વે કાંઈ જણાવવામાં આવશે કે જે તેણે આગળ મોકલ્યું અને પાછળ મૂક્યું હશે, એટલે આગળ અમલ મોકલ્યો અને પાછળ માલ છોડી ગયો.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **બલ્કે મનુષ્ય પોતે પોતાનો પુરાવો હશે. (૧૪)**

**પછી ભલેને તે પોતાના (ગુનાહોના) બહાનાં રજૂ કર્યા કરે. (૧૫)**

**(અય રસૂલ !) વહીને જલ્દી યાદ કરવા માટે પોતાની જીભને હલાવો (હરકત) નહીં. (૧૬)**

**બેશક તેનું ભેગું કરવું અને તેનું પડવું અમારા માથે છે. (૧૭)**

**પછી જ્યારે અમે તેને પઢીએ ત્યારે તે વાંચવાનું અનુકરણ કરજે. (૧૮)**

**પછી તેનું સમજાવી દેવું પણ અમારા માથે છે. (૧૯)**

ઈન્સાનને એ કહેવાની કાંઈ જરૂર નથી (તેના આમાલ વિશે કે) તે પોતે તેનો પુરાવો હશે.

તે પોતાના ગુનાહો માટે બહાનાં રજૂ કરશે પણ તેથી કાંઈ ફાયદો પહોંચશે નહીં. હઝરત સાદિક(અ.)એ ફરમાવ્યું કે લોકો શા માટે નેકીને જાહેર કરે છે અને બદીને છુપાવે છે ? શું તેઓ પોતાના નફસ પ્રત્યે ધ્યાન આપતા નથી ? તેઓ જાણી લે કે કદી બદી છૂપી રહી શકતી નથી. જ્યારે બાતિન સુધરે છે તો જાહેર પણ સુધરે છે. આમ ફરમાવી આપે આ આયતની તિલાવત ફરમાવી. હઝરત રસૂલે ખુદા(સ.)એ ફરમાવ્યું કે કોઈ પોતાના બાતિનને છૂપાવે, જોઈએ તો નેક હોય કે બદ તેને ખુદા જાહેર કરશે. ઝોરારાએ હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ને પૂછ્યું કે બીમારીમાં રોઝો રાખવો ન જોઈએ એની કોઈ હદ છે ? આપે આ આયતની તિલાવત કરીને ફરમાવ્યું કે ઈન્સાન પોતાની હાલતને સારી રીતે સમજી શકે છે કે તે રોઝા રાખવાની શક્તિ રાખે છે કે નહીં.

આ આયત વિશે સામાન્ય તફસીર કરનારાઓએ તેનો ભાવાર્થ એ લીધો છે કે જ્યારે જિબ્રઈલ કુરાનની આયતો લાવતા હતા તો હુઝૂર

તરત જ તેને રટવા લાગતા હતા અને યાદ કરવાની કોશિશ કરતા હતા અને જિબ્રઈલના ખતમ કરવાની પહેલે પઢવા લાગી જતા હતા તેથી ખુદાએ આપને એમ કરવાથી રોકી લીધા કે આપ કુરાન પઢવામાં જલ્દી ન કરો. જો કે આ અર્થ ઠીક નથી અને હઝરતની શાનને લાયક પણ નથી અને કુરાને મજીદના જે કાયદા કાનૂન છે તે પણ આ રીતે રજા આપતા નથી. હકીકતમાં આ સંબોધન હુઝૂરને નથી પણ કયામતના દિવસે રજૂ થનારા એ લોકોને માટે છે કે જેઓને દુનિયામાં કયામત ઉપર ખાતરી ન હતી તેમને સંબોધન કરેલ છે. જ્યારે આમાલનામુ આપવામાં આવશે તો તેને જલ્દી પઢવાની કોશિશ કરશે અને એથી મુરાદ કુરાનની તિલાવત નથી અને ન તો હુઝૂરને તે સંબોધન કરવામાં આવ્યું છે, પણ એ લોકોને કહેવામાં આવ્યું છે કે જલ્દી ન કરો ધીરે ધીરે પોતાનું આમાલનામુ વાંચો તેમાં બધું લખેલું છે.

અને તેનું ભેગું કરવું અને પઢવું અમારા માથે છે. જ્યારે અમો તેને પઢીએ તો પાછળ તમો પણ એને પઢો. પછી તેનું સમજાવી દેવું પણ અમારા માથે છે.

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **હરગિઝ નહીં (બહાનું વ્યર્થ છે) વાત આ છે કે તમે લોકો ક્ષણભંગુર સંસારના ચાહનારા છો. (૨૦)**

**અને આખેરતને ત્યાગી બેસો છો. (૨૧)**

**તે દિવસે કેટલાક ચહેરા તો ચમકતા હશે.(૨૨)**

**પોતાના પરવરદિગાર(ની નેઅમતો) તરફ એકીટશે નિહાળતા હશે. (૨૩)**

**અને કેટલાક ચહેરા તે દિવસે શોકાતુર હશે. (૨૪)**

**અને એવું ગુમાન કરતા હશે કે કેડ ભાગી નાખનારી મુસીબત તેમના પર જ પડશે.(૨૫)**

**એટલું જ નહીં (બલ્કે) જ્યારે તે (શ્વાસ) ગળા સુધી આવી પહોંચશે. (૨૬)**

**અને કહેવામાં આવશે કે કોઈ જંતર-મંતર કરનાર છે ? (૨૭)**

**અને તે (મરનાર)ને ખાત્રી થઈ જશે કે હવે વિયોગ આવી લાગ્યો છે. (૨૮)**

**અને (મૃત્યુની સખ્તાઈથી) પીંડલી પર પીંડલી ચઢી જશે. (૨૯)**

અલ્લાહ લોકોને ફરમાવે છે કે તમો કયામત અને હિસાબ-કિતાબ ન થવાનું જે અનુમાન કરો છો તો તેમ નથી. તમો જલ્દી ફના થનારી દુનિયાને દોસ્ત રાખો છો. જે આખેરત સદા બાકી રહેનાર છે તેને તમોએ છોડી દીધી છે.

કયામતના દિવસે કેટલાક ચહેરા ખુશીમાં ચમકતા હશે. તેઓ ઈન્તેઝાર કરશે કે અમોને શું અતા કરે છે ? ચહેરાથી મુરાદ નબીઓ અને મોમિનોના ચહેરા છે અને તે દિવસે તે દૂરથી ચમકતા હશે અને તે દિવસે કેટલાક ચહેરા શોકાતુર હશે.

તે લોકો એવું અનુમાન કરશે કે કેડ ભાગી નાખનારી મુસીબત તેઓ ઉપર પડશે.

જ્યારે તે શ્વાસ ગળા સુધી આવીને પહોંચશે અને તેનો આવો હાલ જોઈને તેના સગાં-વહાલાં કહેશે કે અરે કોઈ જંતર-મંતર કરનારો કે દવા કરનારો છે કે આનો ઈલાજ કરે કે જેથી શિફા પામે અને તે મરનારને ખાત્રી થઈ જશે કે હવે વિયોગ આવી પહોંચ્યો છે.

અને અંતકાળના વખતે પીંડલી એટલે પગ મોતની સખ્તીથી એકબીજાથી વિંટળાઈ જશે. રિવાયતમાં છે કે જ્યારે બંદાને કબરમાં મૂકે છે તો ચાર ફરિશ્તા આવે છે. એક માથા તરફ, બીજો પગ તરફ, ત્રીજો જમણી બાજુ, ચોથો ડાબી બાજુ. પહેલો કહે કે મોત આવ્યું અને દુનિયાની મુદ્દત પૂરી થઈ ગઈ. બીજો કહે કે માલ ચાલ્યો ગયો અને વબાલ બાકી રહ્યો. ત્રીજો કહે કે કામકાજ ચાલ્યાં ગયાં અને અમલ બાકી રહ્યા. ચોથો કહે છે કે ખુશનસીબ એ વ્યક્તિ કે ધંધો હલાલ હોય, તેનું કામ ખુદાની ખુશી માટે હોય, આ આખેરતની પહેલી મંઝિલ અને દુનિયાની છેલ્લી મંઝિલ છે. આખેરતની મંઝિલ જેવી કોઈ સખત મંઝિલ નથી. (ક્રમશઃ)

# નબવી અદાલત

**કિતાબ નહજુલ ફસાહતમાંથી : અલ્લામા સૈયદ નસીરૂલ ઈજ્તેહાદી**

**ચુકાદો નંબર-૧૭**

**ગવાહી, કસમ, શપથ**

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'હું તમારા જેવો જ ઈન્સાન છું અને જ્યારે તમે ઝઘડતા ઝઘડતા મારી પાસે આવો છો તો એવું બની શકે છે કે તમારામાંથી કોઈ પોતાની દલીલો વધારે દિલનશીન અંદાજથી બયાન કરે અને હું એના પ્રમાણે ચુકાદો આપી દઉં, એવું સમજીને કે આ સાચું છે (અને ખરેખર તે સાચો ન હોય) તો જે માણસને હું તેના ભાઈ પાસેથી હક અપાવું તો તે તેમાંથી કંઈ ન લે અને (તે એવું સમજે કે) હું તેને આગનો એક ટુકડો કાપીને આપી રહ્યો છું. હવે ચાહે તે તેને લઈ લે કે ચાહે છોડી દે.'

અને મુસન્નિફ અબી દાવૂદમાં હઝરત અલી(અ.)થી રિવાયત છે કે આપે ફરમાવ્યું,

'જ્યારે રસૂલે કરીમ(સ.)એ મને યમન મોકલવાની ઈચ્છા કરી તો મેં કહ્યું, યા રસૂલલ્લાહ! આપ મને મોકલી તો રહ્યા છો, જો કે હું કમસિન છું અને ઈન્સાફ આપવાના ઈલ્મમાં હું ખાસ પહોંચ પણ ધરાવતો નથી.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ દુઆ કરી કે અલ્લાહ તમારા દિલને હિદાયતના નૂરથી મુનવ્વર (રોશન) કરશે અને તમારી વાણીને શબાબે હક(સચ્ચાઈની અવસ્થા) અર્પણ કરશે. જુઓ, જ્યારે બે પક્ષો તમારી સામે બેસે તો જ્યાં સુધી બન્ને આદમીઓનું બયાન ન સાંભળી લો ત્યાં સુધી ફેંસલો ન કરતા કેમકે દરેકનું બયાન સાંભળીને તમે વધારે સહીહ ફેંસલા ઉપર પહોંચી શકો છો.

હઝરત અલી(અ.) ફરમાવે છે કે ત્યાર પછી હું હંમેશાં ફેંસલો કરતો રહ્યો અને કોઈ ફેંસલો આપતી વખતે મને કોઈ પણ પ્રકારની ચિંતા કે દહેશત ન થઈ.

અબ્દુલ્લાહ બિન મસઊદથી નકલ છે કે રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'જે માણસ એટલા માટે કસમ ખાય કે જેથી બીજાનો માલ હડપ કરી શકે તો તે ખુદાની સામે એવી હાલતમાં જશે કે ખુદા તેના ઉપર બેહદ ગઝબનાક હશે. તેથી આ બાબતમાં ઈરશાદ છે :

'બેશક જે અલ્લાહના અહદને અને પોતાની કસમોને થોડીક જ કિંમતમાં ખરીદે છે.'

એટલામાં અશઅશ આવ્યા કે જ્યારે અબ્દુલ્લાહ લોકોને હદીસ બયાન કરી રહ્યા હતા. તેમણે કહ્યું,

'આ આયત મારા અને એક આદમીના બારામાં ઉતરી છે.'

અશઅશ રિવાયત કરે છે કે એક આદમી હઝર મૌતનો અને એક આદમી કુન્દાથી બન્ને જણ રસૂલે કરીમ(સ.)ની પાસે એક યમની જમીનના બારામાં ઝઘડો લઈને આવ્યા.

હઝર મૌતવાળાએ કહ્યું,

'મારી જમીન આના બાપે ગસબ કરી (ઝૂંટવી) લીધી છે.'

કન્દીએ કહ્યું,

'આ જમીન મારી છે અને મેં મારા બાપથી વારસામાં મેળવી છે.'

આ સાંભળીને રસૂલે કરીમ(સ.)એ હઝરમીને કહ્યું,

'શું તારી પાસે કોઈ સાબિતી છે ?'

હઝરમીએ કહ્યું,

'ના, પરંતુ આ કન્દી જો કસમ ખાઈને એવું કહી દે કે તે પોતાના બાપની ગસબ કરવાની ક્રિયાથી વાકેફ નથી, તો હું (તે જમીન ) છોડી દઈશ.'

કન્દી કસમ ખાવા માટે તત્પર થયો તો રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'જે માણસ કોઈનો માલ કસમના દ્વારા હસ્તગત કરવાની કોશિશ કરશે તે એવી હાલતમાં અલ્લાહની મુલાકાત કરશે કે ખુદા તેના ઉપર ગઝબનાક (કોપાયમાન) હશે.'

આ સાંભળીને કન્દીએ તે જમીન છોડી દીધી.

વળી મુસન્નફ અબ્દુર્રઝ્ઝાકમાં છે કે બે માણસો રસૂલે કરીમ(સ.)ની પાસે એક જમીનના બારામાં ઝઘડતા ઝઘડતા આવ્યા અને બન્નેએ ગવાહીઓ રજૂ કરી તો રસૂલે કરીમ(સ.)એ તે જમીન એ બન્ને વચ્ચે સરખે ભાગે વહેંચી દીધી.

અને 'દલાઈલ'માં છે કે બે માણસો એક મામલાની બાબતમાં ઝઘડતા ઝઘડતા રસૂલે કરીમ(સ.)ની ખિદમતમાં આવ્યા અને તેમનામાંથી દરેકે આદિલ ગવાહ રજૂ કર્યા તો રસૂલે કરીમ(સ.)એ તે બન્ને વચ્ચે કુર્ઓ નાખ્યો અને કહ્યું,

'ખુદાયા ! તું જ આ બન્ને વચ્ચે ફેંસલો કરજે.'

અને બીજી હદીસમાં છે કે બે માણસો એક સોદાની બાબતમાં ખેંચતાણ કરતા કરતા રસૂલ(સ.)ની પાસે આવ્યા અને તેમનામાંથી કોઈની પણ પાસે ગવાહ ન હતો, તો રસૂલે કરીમ(સ.)એ કુર્ઓ નાખ્યો કે આ બન્નેમાંથી કોણ કસમ ખાય, ભલેને પછી તે ખુશીથી કસમ ખાય કે નફરતની સાથે ખાય.

અબૂ હુરૈરાથી રિવાયત છે કે રસૂલે કરીમ(સ.)એ એક જમાઅતને કસમ ખાવાનું કહ્યું તો તે તરત જ તૈયાર થઈ ગઈ. ત્યાર પછી આપ(સ.)એ ફરમાવ્યું,

'એમના વચ્ચે કુર્ઓ નાખો કે કોણ કસમ ખાય.'

વળી હદીસે સાબિતમાં છે કે રસૂલે કરીમ (સ.)એ ગવાહ અને કસમ ઉપર ફેંસલો કર્યો છે.

અને કાઝી ઈબ્ને ઝરબે ઝિક્ર કર્યો છે કે એક એઅરાબીએ રસૂલે કરીમ(સ.)થી એક ઈકરાર કર્યો. પછી તે પોતાના કરારથી ફરી ગયો અને કહેવા લાગ્યો કે મેં કોની સામે ઈકરાર કર્યો હતો ? તો રસૂલે કરીમ(સ.)એ ન તો તેના ઉપર કોઈ અત્યાચાર કર્યો કે ન કોઈ હુમલો કર્યો એટલે સુધી કે ખઝીમા બિન સાબિત આવ્યા અને કહેવા લાગ્યા,

'હાં, તેણે મારી સામે ઈકરાર કર્યો હતો.'

રસૂલ(સ.)એ તેમની ગવાહીને કબૂલ કરી દીધી અને ફરમાવ્યું,

'તેમની ગવાહી અલ્લાહની નજીક બે ગવાહીઓના બરાબર છે.'

આ બિના પર ખઝીમાને **'ઝુલ શહાદતૈન'**નો લકબ મળ્યો. *


*ખુશખબર...* *ખુશખબર...*

**થરાદરા મહેંદીહસન** મો. ૯૪૨૬૪૭૨૪૨૯
મો. ૯૮૨૪૨૦૦૩૪૦

**નૂર ઈલેક્ટ્રીક વર્ક્સ**



**લાઈટ ફીટીંગ, પલ્બર ફીટીંગ તથા ગેસ રીપેરીંગ કરી આપવામાં આવશે.**

**હોટલનો ગેસ સામાન મળશે.**

**ગ્રાહકને સંતોષકારક કામ કરી આપીશું**

**૧૧૭, સામર્થ્ય કોમ્પલેક્ષ,**
**તાવડીયા ચાર રસ્તા, સિધ્ધપુર.**

# હઝરત ઈમામ અલી(અ.)એ કરેલ
# સૂરએ કહફની તફસીર

ઈબ્ને અબ્બાસે ફરમાવ્યું,

યહૂદી આલિમોનું એક ટોળું ઉમરની પાસે આવ્યું જ્યારે કે તેઓ મુસલમાનોના ખલીફા હતા.....

પછી અલી(અ.)એ (તેમના વડાને) કહ્યું,

'પૂછો.'

તેણે કહ્યું,

'પહેલાંના સમયના એક ટોળા વિષે મને માહિતી આપો કે જેઓ મૃત્યુ પામ્યા હતા અને ત્રણસો નવ વર્ષ પછી અલ્લાહે તેમને સજીવન કર્યા હતા. તેમની કહાની શું છે ?'

અલી(અ.)એ શરૂ કર્યું અને સૂરએ કહફ વાંચવાની ઈચ્છા કરી. પેલા આલિમે કહ્યું,

'તમારા કુરાનને તો અમે કેટલું બધું સાભળ્યું છે ! જો તમે તેમના વિષે કંઈ જાણતા હો તો તેમની કહાની વિષે, તેમના નામો વિષે, તેમની સંખ્યા વિષે, કૂતરાના નામ વિષે, ગુફાના, બાદશાહના અને શહેરના નામ વિષે અમને માહિતી આપો.'

અલી(અ.)એ ફરમાવ્યું,

'અલ્લાહ તબારક વ તઆલા સિવાય બીજા કોઈની પાસે એવી શક્તિ કે તાકાત નથી. અય યહૂદી બંધુ ! મોહંમદ(સ.)એ મને ખબર આપી છે કે અકસુસ નામે એક શહેર હતું કે જે રૂમની સરહદે આવેલું હતું અને તેમાં એક ઈમાનદાર બાદશાહ રહેતો હતો. તેમનો બાદશાહ મૃત્યુ પામ્યો તેથી તેઓ (અંદરો અંદર) પોતાના વિચારોમાં અલગ અલગ પડ્યા. દક્યાનુસ નામના પર્સિયાના બાદશાહે તેમના આ મતભેદો વિષે સાંભળ્યું અને એક લાખનું લશ્કર લઈને ચઢી આવ્યો અને અકસુસ શહેરમાં ઘૂસી ગયો. ત્યાર પછી તેણે પોતાના સામ્રાજ્યના એક ભાગ તરીકે તેને પોતાના હસ્તક કર્યું અને તેની અંદર એક રાજમહેલ બનાવ્યો. રાજમહેલમાં એક મોટો ઓરડો હતો કે જે એક હજાર ક્યુબિટ* લાંબો અને એક હજાર ક્યુબિટ પહોળો અને તે પણ પૉલિશ કરેલા આરસપહાણવાળો હતો.

એ ઓરડામાં ચાર હજાર સોનેરી થાંભલા, એક હજાર સોનેરી ઝુમ્મરો આવેલાં હતાં કે જેના દરેક ઉપર ચાંદીની સાંકળો હતી અને તે ઝુમ્મર સુગંધીદાર તેલથી સળગતાં હતાં. પૂર્વની દિવાલમાં એંશી બારીઓ આવેલી હતી અને પશ્ચિમની દિશામાં પણ એ મુજબ જ હતું. જ્યારે સૂર્ય ઉગતો ત્યારે ઓરડો પ્રકાશિત થઈ જતો અને જ્યાં જ્યાં સૂર્ય જતો ત્યાં ત્યાં ઓરડામાં સૂર્યનો પ્રકાશ ફેલાઈ જતો. એ ઓરડામાં એક સોનેરી સિંહાસન હતું કે જે ૪૦x૮૦ ક્યુબિટ્સ હતું કે જેના પાયા ચાંદીના ઝવેરાતથી જડેલા હતા અને તેના ઉપર નાનાં ઓશિકાં હતાં.

સિંહાસનની જમણી બાજુએ સોનાની અને લીલા સ્ફટિકથી શણગારેલી એંશી ખુરશીઓ આવેલી હતી અને ત્યાં બતારિકાહ બેસતા. ડાબી બાજુએ માણેકથી શણગારેલી ચાંદીની એંશી ખુરશીઓ આવેલી હતી જેના ઉપર હરાકિલાહ બેસતા. ત્યાર પછી બાદશાહ સિંહાસન ઉપર આરૂઢ થતો અને પોતાના માથા ઉપર તાજ મૂકતો.'

પેલો યહૂદી તો (આ સાંભળીને) સ્તબ્ધ જ

* ક્યુબિટ (Cubit) લંબાઈનું જૂનું માપ છે. (એક ક્યુબિટ= ૧૯ થી ૨૨ ઈંચ)

થઈ ગયો અને કહેવા લાગ્યો,

'એ તાજ શાનો બનેલો હતો?'

ઈમામ અલી(અ.)એ ફરમાવ્યું,

'સાત ટેકાવાળી સોનાની જાળી અને તે દરેક ટેકા ઉપર એક એક સફેદ મોતી આવેલું હતું જે અંધારી રાતે ઝગમગતા પ્રકાશની માફક ચળકતું હતું. ત્યાં હરાકિલાહના પચાસ યુવકો રાતા રંગના કિનખાબનાં પહેરણ અને લીલા કિનખાબનો ઘેરવાળો પોષાક પહેરેલા હતા. તેમણે બધાએ મુગટ, કંગન અને ઝાંઝર પહેરેલાં હતાં. તેમની પાસે અધિકારસૂચક રાજદંડ હતા અને તેઓ બધા બાદશાહની આગળ ઊભેલા હતા. તેણે છ યુવકોને પોતાના પ્રધાનો તરીકે લીધા અને ત્રણ જણા બાદશાહની જમણી બાજુએ અને ત્રણ જણા બાદશાહની ડાબી બાજુએ ઊભા રહ્યા.'

યહૂદીએ કહ્યું,

'તેમનાં નામ શું હતાં ?'

અલી(અ.)એ ફરમાવ્યું,

'જે લોકો જમણી બાજુએ હતા તેમનાં નામ હતાં : તમ્લીખા, મકસલ્મીના અને મિશિલિના અને જેઓ ડાબી બાજુએ હતા તેમનાં નામ હતાં : મિરનુસ, દિરનુસ અને શાઝરીયુસ. તે (બાદશાહ) પોતાની બધી બાબતોમાં આ લોકોની સાથે સલાહ મશ્વેરો કરતો. દરરોજ તે પોતાના ઘરના ચોગાનમાં બતારીકાહને જમણી બાજુએ અને હરાકિલાહને ડાબી બાજુએ રાખીને દરબાર ભરતો. ત્રણ છોકરા તેમની એક બાજુએ કસ્તૂરીનો ભૂકો ભરેલા સોનાના પ્યાલા વહેંચતા અને બીજી તરફ ગુલાબજળથી ભરેલા ચાંદીના પ્યાલા હતા.

વળી બીજા એક જણના હાથમાં લાલ રંગની ચાંચવાળુ સફેદ પક્ષી હતું. જ્યારે જ્યારે બાદશાહ તે પક્ષી તરફ નજર કરતો તો તે બોલી ઉઠતું અને ત્યાં સુધી ઉડતું રહેતું કે જ્યાં સુધી તે ગુલાબજળના પ્યાલામાં પડી ન જાય કે જેમાં તે પોતાની જાતને ભીંજવી દેતું. ત્યાર પછી તે કસ્તૂરીના ભૂકાવાળા પ્યાલામાં પડતું અને જે ભૂકો તેનાં પીંછાં પર અને પાંખો પર ચોંટેલો હોય તે બાદશાહના માથા પર પડતો. ત્યાર પછી બાદશાહ ફરીથી સાદ પાડતો અને તે બાદશાહના તાજ ઉપર ઉડતું અને જે કંઈ તેનાં પીછાંમાં અને પાંખોમાં હતું તે બાદશાહના માથા ઉપર પડતું. જ્યારે બાદશાહ આ જોતો તો ખુશખુશાલ થઈ જતો અને પોતે ગર્વ અનુભવતો. ત્યાર પછી તે અલ્લાહને બદલે પોતે જ ખુદા હોવાનો દાવો કરતો અને તેના લોકોને પણ આ બાબત કહેતો. તેથી તે એવા દરેક જણને કપડાં પહેરાવતો, કપડાં આપતો અને કપડાં મંજૂર કરતો કે જેઓ આ વાતમાં તેની ફરમાબરદારી કરતા હતા. તે એવા દરેક જણને મારી નાખતો કે જે તેને વફાદાર રહેવાની બયઅત ન કરતો.

તેથી જ તો બધા લોકો તેને લબ્બૈક કહેતા. તે દર વર્ષે તેમના માટે ઉત્સવ રાખતો. એક દિવસે એક મિજબાનીમાં બતારિકાહના લોકો જમણી બાજુએ હતા અને હરાકિલાહના લોકો ડાબી બાજુએ હતા. એકાએક એક બતરિક તેની પાસે આવ્યો અને તેને માહિતી આપી કે પર્સિયા તરફના એક લશ્કરે તેના ઉપર ચઢાઈ કરી છે તેથી તે તેના કારણે દુઃખી બની ગયો તો તેનો મુગટ તેના માથા ઉપરથી નીચે પડી ગયો. તેની જમણી બાજુએ જે ત્રણ જણા ઊભેલા હતા તેમાંથી એક જણ તમ્લીખા તરીકે ઓળખાતો હતો અને તે એક યુવક હતો. તેણે પોતાના મનમાં કહ્યું,

'જો આ દક્યાનુસ તેના ધારવા પ્રમાણે ખુદા હોય તો તેણે દુઃખી બનવું ન જોઈએ કે ગભરાવું ન જોઈએ કે ન તો તેણે પેશાબ કરવો જોઈએ કે ન કુદરતી હાજતે જવું જોઈએ કે ન ઊંઘવું જોઈએ. આ બધાં કાર્યો ખુદા માટે (શોભીતાં) નથી.'

પેલા છ યુવકો દરરોજ તેમનામાંથી એકાદના ઘેર રહેતા હતા અને તે દિવસે તમ્લીખાના ઘરમાં

હતા. તેણે તેમના માટે હલાલ ખોરાક બનાવ્યો. પછી તેણે તેમને કહ્યું,

'અય ભાઈઓ ! મારા દિલમાં કંઈક એવું છે કે જેના લીધે મારું તો ખાવાનું, પીવાનું અને સૂઈ રહેવાનું બંધ થઈ ગયું છે.'

તેમણે પૂછ્યું,

'અય તમ્લીખા ! એવું તે શું થયું છે ?'

તેણે કહ્યું,

'મેં આ આકાશ વિષે લાંબા સમય સુધી વિચાર કર્યો અને મારા મનમાં કહ્યું,

'આના છતને કોઈ પણ જાતના ટેકા વગર અને તેને ઉપરથી પકડી રાખતી વસ્તુ વગર કોણે ટકાવી રાખ્યું છે ? સૂર્ય અને ચંદ્ર જેવી બે રોશન નિશાનીઓને કોણે તેની અંદર મૂકી છે ? કોણે તેને તારાઓથી સુશોભિત કર્યું છે ?'

ત્યાર પછી મેં પૃથ્વી વિષે લાંબા સમય સુધી વિચાર કર્યો અને કહ્યું,

'છલોછલ ભરેલા દરિયાની પીઠ ઉપર તેને (જમીનને) કોણે પાથરી છે ? પૃથ્વી ઉપરના પર્વતોને નીચેથી કોણે પકડી રાખ્યા છે કે જેથી તે જરા પણ આમ તેમ ડોલતા નથી ?'

ત્યાર પછી મેં મારી જાત વિષે લાંબા સમય સુધી વિચાર કર્યો,

'મારી માતાના પેટમાંથી ગર્ભ તરીકે મને કોણે બહાર કાઢ્યો ? કોણે મને ખોરાક આપ્યો અને ઉછેરીને મોટો કર્યો ? ખરેખર તો દક્યાનુસ સિવાય બીજો કોઈ ખાલિક અને વ્યવસ્થા કરનારો છે. તે બીજો કોઈ નહીં પરંતુ બાદશાહનો ય બાદશાહ અને આકાશોનો શક્તિમાન (ખુદા) છે.'

ત્યાર પછી તે લોકો તેના પગ આગળ સિજદામાં પડી ગયા, એક બીજાને બોસા આપ્યા અને કહેવા લાગ્યા,

'તારી હિદાયતથી અલ્લાહે આપણને ગુમરાહીમાં જતાં બચવાની હિદાયત કરી છે. તેથી તું જ અમને માર્ગ બતાવ.'

તમ્લીખા કૂદીને ઊભા થઈ ગયા. પોતાના બગીચાની અમુક ખજૂર ત્રણ હજાર દિરહમમાં વેચી દીધી અને તે રકમ પોતાની થેલીમાં મૂકી દીધી. તે લોકો પોત પોતાના ઘોડાઓ ઉપર સવાર થઈ ગયા અને શહેરની બહાર નીકળી ગયા. જ્યારે તેઓ ત્રણેક માઈલ દૂર ગયા હશે તેવામાં તમ્લીખાએ તેમને કહ્યું,

'અય ભાઈઓ ! બીજી દુનિયાનું રહેઠાણ આવી ગયું અને આ દુનિયાનું રાજ્ય જતું રહ્યું. તમે બધા ઘોડા ઉપરથી નીચે ઊતરો અને પગપાળા ચાલવા માંડો. અલ્લાહ તઆલા કદાચ તમને રાહત આપે અને તમને છુટકારો આપેય ખરો.'

તેઓ પોત પોતાના ઘોડાઓ પરથી નીચે ઊતર્યા અને તે દિવસે સાત ફરસખ સુધી ચાલ્યા, એટલે કે તેમના પગ લોહીલુહાણ થઈ ગયા. એક ભરવાડ તેમને મળ્યો. તેમણે કહ્યું,

'અય ભરવાડ ! તારી પાસે કંઈ દૂધ કે પાણી છે ખરું ?'

ભરવાડે કહ્યું,

'મારી પાસે તમારે જે જોઈએ તે બધું જ છે પરંતુ મને તો એવું લાગે છે કે તમારા ચહેરા રાજકુમારો જેવા લાગે છે. મને શંકા થાય છે કે તમે લોકો દક્યાનુસ બાદશાહના ત્યાંથી ભાગીને આવ્યા છો.'

તેમણે કહ્યું,

'અય ભરવાડ ! જૂઠ બોલવું અમારા માટે હલાલ નથી. જો અમે તને સાચું કહીએ તો શું અમને તારા તરફથી સલામતી મળશે ખરી ?'

ત્યાર પછી તેમણે આખી વાત માંડીને કરી. ભરવાડ તેમની આગળ સિજદામાં પડી ગયો અને તેમના બોસા લેવા લાગ્યો અને તેણે કહ્યું,

'અય લોકો ! તમારા દિલમાં જે વાત તમે સમજ્યા છો એ જ વાત મારા દિલમાં પણ હું

સમજ્યો છું. મને એટલો સમય આપો કે હું આ જાનવરોને તેમના માલિકોને પાછાં આપી આવું અને તમારી સાથે જોડાઈ જાઉં.'

તે બધા તેની વાટ જોવા લાગ્યા. તેણે જાનવર પરત આપી દીધાં અને ઝડપથી પાછો આવ્યો. તેનો કૂતરો તેમની પાછળ પાછળ આવવા લાગ્યો.

પેલો યહૂદી એકદમ ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો,

'અય અલી ! તે કૂતરાનું નામ શું હતું ? અને તેનો રંગ કેવો હતો ?'

હઝરત અલી(અ.)એ ફરમાવ્યું,

'નથી કોઈની પાસે એવી શક્તિ કે કુવ્વત સિવાય અલ્લાહના. કૂતરાનો રંગ (રાખોડી) (એટલે કે) સફેદ અને કાળાની વચ્ચેનો પરંતુ વધુ પ્રમાણમાં કાળો. કૂતરાનું નામ હતું કતમીર. જ્યારે તે યુવાનોએ કૂતરા તરફ નજર કરી તો તેમાંના કેટલાકે કહ્યું,

'અમને ભય છે કે તેના ભસવાથી આપણે જાહેર થઈ જઈશું.'

તેથી તેમણે તેના તરફ પથ્થર ફેંક્યા. અલ્લાહ તબારક વ તઆલાની કુદરતથી કૂતરો બોલવા લાગ્યો,

'મને (તમારી સાથે) રહેવા દો જેથી કરીને હું તમારા દુશ્મનોથી તમારું રક્ષણ કરું.'

ભરવાડે તેમને સતત માર્ગદર્શન આપ્યું એટલે સુધી કે તેમને એક પહાડ પર લઈ ગયો. ત્યાર પછી તેમને અલ વાસિદ નામની ગુફા તરફ નીચે લઈ આવ્યો. ગુફાના મુખ ઉપર ઝરણાં અને ફળનાં ઝાડ હતાં. તેમણે ફળ ખાધાં અને પાણી પીધું અને પછી તો રાત પડી ગઈ. તેમણે ગુફાની અંદર આશરો લીધો અને કૂતરો સૂવા માટે ગુફાના મુખ આગળ જ પડ્યો રહ્યો અને તેણે પોતાના પંજા ફેલાવ્યા. ત્યાર પછી અલ્લાહ તઆલાએ મોતના ફરિશ્તાને તેમની રૂહો કબ્ઝ કરવા માટે વહી નાઝિલ કરી અને તે દરેકના માટે અલ્લાહે બબ્બે ફરિશ્તા નક્કી કર્યા કે જેથી તેઓ તેમને જમણી બાજુથી ડાબી બાજુ અને ડાબી બાજુથી જમણી બાજુ પાસાં બદલાવતા રહે. અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ સૂર્યની દેખરેખ રાખનારા(ફરિશ્તા)ઓને વહી કરી કે તેઓ તેને ગુફાની જમણી તરફ તેને ઢળતો રાખે અને તેમને ડાબી બાજુએ રાખીને પસાર થઈ જાય.

(જુઓ કુરાન, ૧૮:૧૭)

જ્યારે દક્યાનુસ બાદશાહ ઉત્સવ ઉજવીને પાછો આવ્યો તો તેણે આ લોકો વિષે પૂછ્યું. તેને એવી માહિતી આપવામાં આવી કે તેઓ તો ભયને લીધે શહેર છોડીને નાસી ગયા છે. તેણે એંશી હજાર માણસો સાથે ઘોડા ઉપર સવારી કરી અને તેઓ તેમની નાનામાં નાની નિશાનીની સતત શોધ કરતા રહ્યા એટલે સુધી કે તેઓ પહાડ ઉપર ચઢ્યા અને તેમની ગુફા સુધી આવી પહોંચ્યા. જ્યારે તેમણે તેમના તરફ નજર કરી તો તેમણે જોયું કે તેઓ તો ઊંઘેલા હતા. બાદશાહે કહ્યું,

'જો મારે તેમને સુધારવા માટે શિક્ષા કરવી હોત તો મેં તેમને સુધારવા માટેની શિક્ષા, તેમણે જાતે કરી છે તેનાથી વધારે સારી ન કરી હોત. કડિયાઓને બોલાવો.'

તેમણે ગુફાના મુખને ચૂના અને પથ્થરની દિવાલ ચણીને બંધ કરી દીધું. બાદશાહે પોતાના સાથીદારોને કહ્યું,

'તેમને કહો કે તેઓ આકાશમાં રહેલા પોતાના ખુદાની આગળ દુઆ માગે કે જેથી તેમને તે બચાવી લે અને અહીંથી બહાર કાઢે.'

હઝરત અલી(અ.)એ પોતાની વાત આગળ ધપાવી,

'અય યહૂદી બંધુઓ ! તે લોકો ત્યાં ત્રણસોને નવ વર્ષ સુધી રહ્યા. જ્યારે અલ્લાહને તેમને સજીવન કરવાની ઈચ્છા થઈ તો તેણે ઈસરાફિલ ફરિશ્તાને તેમની અંદર રૂહ ફૂંકવાનો હુકમ કર્યો.

તેણે રૂહ ફૂંકી. પછી તેઓ તેમની ઊંઘમાંથી ઊભા થઈ ગયા. જ્યારે સૂર્ય ઉગ્યો તો તેમનામાંથી કેટલાકે કહ્યું, રાતના સમયે આકાશના રબની ઈબાદત કરવાનું તો આપણે ભૂલી ગયા.'

તેઓ ઊભા થયા (અને જોયું) તો ઝરણાનું પાણી સૂકાઈ ગયું હતું અને વૃક્ષો સૂકાઈ ગયાં હતાં. તેમનામાંથી કેટલાકે કહ્યું,

'આપણી બાબત ઘણી વિચિત્ર લાગે છે ! જેમકે આ સૂકાઈ ગયેલું ઝરણું કે જે પાણીથી ભરપૂર હતું અને એક જ રાતમાં આ વૃક્ષો પણ સૂકાઈ ગયાં.'

તેમને ભૂખ લાગી હતી તેથી તેમણે કહ્યું,

'માટે (હવે) તમે આપણામાંથી એકને આ સિક્કા સાથે શહેરમાં મોકલો કે તે (ત્યાં) જઈને જુએ કે કયો ખોરાક ઉત્તમ છે, પછી તે તેમાંથી આપણા માટે ખાવાનું લાવે અને તે ચૂપચાપ (શહેરમાં) જાય અને તમારા વિષે કોઈને પણ જાણ ન કરે.' (કુરાન, સૂરએ કહફ-૧૯)

તમ્લીખાએ કહ્યું,

'ખાવા માટેની આપણી વસ્તુઓ લેવા માટે બીજો કોઈ નહીં, પણ હું પોતે જ જઈશ. અય ભરવાડ ! મને તારાં કપડાં આપ.'

તેથી ભરવાડે તેને પોતાનાં કપડાં આપ્યાં અને તે શહેરમાં જવા નીકળી પડ્યા. તેમણે એવાં સ્થળો જોયાં કે જેમને તે ઓળખતા ય ન હતા અને રસ્તાઓ પણ એવા કે જેનાથી તેઓ અજાણ હતા, એટલે સુધી કે તેઓ શહેરના દરવાજા સુધી પહોંચી ગયા. જ્યાં લીલા રંગનો અલમ હતો કે જેના ઉપર **'લાઈલાહા ઈલ્લલ્લાહ, ઈસા રૂહુલ્લાહ'** લખેલું હતું. તેમણે અલમ તરફ નજર કરી અને પોતાની આંખો ચોળવા લાગ્યા અને કહ્યું,

'શું હું સ્વપ્નું તો જોતો નથી ને?'

પછી તેમણે શહેરમાં પ્રવેશ કર્યો એટલે સુધી કે બજારમાં આવ્યા. રોટલીવાળાની દુકાને આવીને તેમણે કહ્યું,

'અય રોટીવાળા ભાઈ ! તમારા આ શહેરનું નામ શું છે ?'

તેણે કહ્યું,

'અકસુસ.'

તેમણે પૂછ્યું,

'અને તમારા બાદશાહનું નામ શું છે ?'

તેણે કહ્યું,

'અબ્દુર્ રહેમાન.'

તેમણે કહ્યું,

'લ્યો આ પૈસાનું મને ખાવાનું આપો.'

રોટલીવાળો તો દિરહમનું વજન અને કદ જોઈને નવાઈપૂર્વક તાકી જ રહ્યો.

પેલો યહૂદી ઊભો થઈ ગયો અને કહેવા લાગ્યો,

'અય અલી ! તે એક દિરહમનું વજન કેટલું હતું ?'

આપે ફરમાવ્યું,

'દરેક દિરહમનું વજન (આજના) ૧૦ ૨/૩ દિરહમોના જેટલું હતું.'

અલી(અ.)એ કહેવાનું ચાલું રાખ્યું,

'ત્યાર પછી રોટલીવાળાએ કહ્યું,

'અલ્યા, તેં તો કોઈ ખજાનો શોધી કાઢ્યો છે કે શું ?'

તમ્લીખાએ કહ્યું,

'આ એ પૈસા છે કે જે ત્રણ દિવસ પહેલાં ખજૂર વેચવાથી મને મળ્યા છે. અને ત્યાર પછી મેં ઈબાદત કરવા માટે દક્યાનુસ બાદશાહથી છટકવા માટે આ શહેર છોડી દીધું હતું.'

રોટલીવાળાએ તેનો હાથ પકડી લીધો અને તેને બાદશાહ પાસે લઈ ગયો. બાદશાહે કહ્યું,

'આ યુવાનની કહાની શું છે ?'

રોટલીવાળાએ કહ્યું,

'આ એ માણસ છે કે જેને ખજાનો મળ્યો છે.'

બાદશાહે કહ્યું,

'અય યુવક ! તું ગભરાતો નહીં કેમકે અમારા પયગમ્બર ઈસા(અ.)એ ખજાનામાં જે કંઈ મળ્યું હોય તેનો માત્ર પાંચમો ભાગ આપવાનો હુકમ કર્યો છે. તેથી અમને પાંચમો ભાગ આપી દે અને શાંતિથી ચાલ્યો જા.'

તમ્લીખાએ કહ્યું,

'અય બાદશાહ ! જરા મારી વાત તરફ તો ધ્યાન આપો. મને કોઈ ખજાનો મળ્યો નથી. હું આ શહેરનો જ વતની છું.'

બાદશાહે કહ્યું,

'શું તમે બધા અહીંના લોકો છો ?'

તેણે કહ્યું,

'હા.'

તેણે પૂછ્યું,

'અહીંયાં કોઈ તને ઓળખે છે ખરું ?'

તેણે કહ્યું,

'હા.'

તેણે પૂછ્યું,

'તારું નામ શું છે ?'

તેણે કહ્યું,

'મારું નામ તમ્લીખા છે.'

તેણે કહ્યું,

'અમારા જમાનામાં આવું નામ તો કોઈનું ય નથી.'

વધુમાં બાદશાહે પૂછ્યું,

'આ શહેરમાં તમારું ઘર છે ખરું ?'

તેણે કહ્યું,

'હા, અય બાદશાહ! ઘોડા પર સવાર થઈને મારી સાથે ચાલો.'

બાદશાહ સવાર થયો અને તેના માણસો પણ સવાર થયા. તમ્લીખા તેમને શહેરના સૌથી ઊંચા મકાન પાસે લઈ આવ્યો. તેણે કહ્યું,

'આ જ મારું મકાન છે.'

તેણે બારણા પર ટકોરા માર્યા. એક ઘરડો માણસ બહાર આવ્યો કે જેની આંખો વૃધ્ધાવસ્થાને કારણે ઢંકાયેલી હતી. તેણે કહ્યું,

'તમારે શું જોઈએ છે ?'

બાદશાહે કહ્યું,

'આ યુવક કંઈક વિચિત્ર વાતો પોતાની સાથે લાવ્યો છે. તે એમ માને છે કે આ ઘર તેનું છે.'

વૃધ્ધ માણસે તેને કહ્યું,

'તમે કોણ છો ?'

તેણે કહ્યું,

'હું કુસ્તીકીનનો દીકરો તમ્લીખા છું.'

વૃધ્ધ માણસ તેમના પગમાં પડી ગયો અને બોસા આપીને કહેવા લાગ્યો,

'કા'બાના રબની કસમ, આ મારા દાદા છે. અય બાદશાહ ! આ છ જણા એ લોકો છે કે જેઓ દક્યાનુસ બાદશાહના ડરથી નાસી ગયા હતા.'

બાદશાહ પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતરી પડ્યો અને તમ્લીખાને પોતાના ખભા ઉપર ઊંચકી લીધો અને પછી તો લોકો તેમના હાથ-પગને બોસા આપવા લાગ્યા. તેણે પૂછ્યું,

'અય તમ્લીખા ! તમારા સાથીદારોએ શું કર્યું છે?'

તેમણે ગુફા વિષે માહિતી આપી.

એ દિવસોમાં શહેરમાં એક મુસ્લિમ બાદશાહ હતો અને એક યહૂદી બાદશાહ હતો. તે બન્ને જણા ઘોડાઓ પર પોતાના સાથીદારો સાથે સવાર થયા. જ્યારે તેઓ ગુફાની નજીક પહોંચ્યા તો તમ્લીખાએ કહ્યું,

'મને ડર છે કે મારા સાથીદારો ઘોડાઓની ખરીઓનો અવાજ સાંભળી જશે અને એવી શંકા કરશે કે દક્યાનુસ બાદશાહ તેમની પાછળ આવી રહ્યો છે. માટે મને પહેલાં (ગુફામાં) જઈને તેમને માહિતી આપવાનો સમય આપો.'

લોકો ત્યાં રોકાઈ ગયા અને તમ્લીખા આગળ ગયા એટલે સુધી કે તે ગુફામાં દાખલ થયા. જ્યારે તે લોકોએ તેમને (તમ્લીખાને) જોયા તો તેના ફરતાં વીંટળાઈ વળ્યા અને કહ્યું,

‘વખાણ એ અલ્લાહનાં કે જેણે તમને દક્યાનુસથી છુટકારો આપ્યો.’

તમ્લીખાએ કહ્યું,

‘દક્યાનુસની એ વાત છોડો.’

તેમણે કહ્યું,

‘તમે બધા (પહેલાં તો એ બતાવો કે) અહીં કેટલા સમય સુધી રોકાયા છો ?’

તેમણે કહ્યું,

‘આપણે એક દિવસ અથવા તો કંઈક ઓછો (સમય) થોભ્યા હશું;’ (કુરાન, સૂરએ કહફ-૧૯)

તમ્લીખાએ કહ્યું,

‘તમે બધા અહીં ત્રણસો નવ વર્ષ સુધી રોકાયા છો અને દક્યાનુસ તો (ક્યારનો ય) મરી ગયો છે અને સદીઓ પસાર થઈ ચૂકી છે. અલ્લાહે મરીયમના પુત્ર ઈસા(અ.) મસીહને મબઊસ કર્યા છે અને તેમને પણ અલ્લાહે (આસમાન પર) ઊઠાવી લીધા છે. બાદશાહ આપણા તરફદાર બનીને આવ્યા છે અને લોકો પણ તેમની સાથે આવ્યા છે. તેમણે કહ્યું,

‘અય તમ્લીખા ! તમારી ઈચ્છા એવી છે ખરી કે આપણે લોકો માટે કોઈ દલીલ બનીએ?’

તમ્લીખાએ કહ્યું,

‘તો પછી તમે શું કરવા માગો છો ?’

તેમણે કહ્યું,

‘અલ્લાહ આગળ દુઆ માગો કે જેનો ઝિક્ર ભવ્ય છે અને અમે પણ તમારી સાથે દુઆ માગીશું કે તે આપણી રૂહોને ફરીથી ઊઠાવી લે.’

તેમણે દુઆ માટે પોતાના હાથ ઊંચા કર્યા. ત્યાર પછી અલ્લાહે હુકમ કર્યો કે તેમની રૂહોને કબ્ઝ કરી લેવામાં આવે. પછી અલ્લાહે ગુફાના દરવાજાને લોકોની નજરોથી ઢાંકી દીધો. બન્ને બાદશાહો ત્યાં આવ્યા અને સાત દિવસ સુધી ગુફાના દરવાજાના ફરતાં પ્રદક્ષિણા કરતા રહ્યા પણ કંઈ મળ્યું નહીં. મુસલમાન બાદશાહે કહ્યું,

‘તેઓ અમારા ધર્મ ઉપર મૃત્યુ પામ્યા. હું ગુફાના દરવાજા ઉપર એક મસ્જિદ બંધાવીશ.’

યહૂદી બાદશાહે કહ્યું,

‘ના, તેઓ તો મારા ધર્મ ઉપર મૃત્યુ પામ્યા છે. હું ગુફાના દરવાજા ઉપર યહૂદીઓનું ધર્મસ્થાન (સીનાગોગ) બંધાવીશ.’

ત્યાર પછી તેઓ લડવા લાગ્યા. મુસલમાનો જીતી ગયા અને તેના ઉપર એક મસ્જિદ બાંધી.’

(મૌલા અલી(અ.)એ ફરમાવ્યું,)

‘અય યહૂદી ! શું આ બાબત તમારી તૌરેત (કિતાબ) સાથે બંધ બેસે છે ખરી ?’

યહૂદીએ કહ્યું,


‘આપે એક પણ અક્ષરનો વધારો કે ઘટાડો કર્યો નથી. અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી અને મોહંમદ(સ.) તેમના બંદા અને રસૂલ છે.’

(બિહાર-૧૪, ૪૧૧-૪૧૯, ૧)

‘Explanation of Sura al-Kahf by Imam Ali(A.)’નો ગુજરાતી અનુવાદ *


## સત્યની સુગંધ

જનાબ સૈયદ આરિફહસન જાફરીએ લખેલ ગઝલોના સંગ્રહની ઓડિયો સીડી મળશે.




**પ્રાપ્તિ સ્થાન :** મિલેનિયમ એન્ટરપ્રાઈઝ, જાફરીબાગ, સિધ્ધપુર. મો.૯૯૨૫૬૩૭૪૬૪

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
**'અર્જહુલ મતાલિબ'**નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### ઔલાદે સાલેહ

**જનાબે ઈમામ હસન(અ.)ની ઈબાદત :**

(૧) એવું કહેવાય છે કે જનાબે હસન(અ.)એ ઘણી બધી હજો પગપાળા ચાલીને કરી હતી અને ફરમાવ્યા કરતા હતા કે મને શરમ આવે છે કે હું મારા રબને મળવા જાઉં અને તેના ઘરની તરફ પગપાળા ચાલીને ન જાઉં.

(૨) અબ્દુલ્લાહ બિન ઉમૈર નકલ કરે છે કે જનાબે હસન(અ.)એ પચ્ચીસ હજ પગપાળા ચાલીને કરી હતી.

**જનાબે ઈમામ હસન(અ.)ની ખિલાફતનું બયાનઃ**

(૧) જનાબે હસન(અ.) પોતાના પિતાની શહાદત પછી જ્યારે રમઝાનના તેર દિવસ બાકી હતા ત્યારે હિજરી સન-૪૦માં ખલીફા બન્યા હતા. ચાલીસ હજાર કરતાં ય વધારે માણસોએ તેમની બયઅત કરી હતી અને એ લોકોએ તેમના વાલિદે બુઝુર્ગવારની પણ બયઅત કરી હતી અને ઈરાકમાં સાત મહિના સુધી ખલીફા રહ્યા અને ત્યાર પછી આપે ખિલાફતને છોડી દીધી.

(૨) સફીના(રઝી.અ.)થી રિવાયત છે કે મેં આં હઝરત(સ.)ને એવું ફરમાવતા સાંભળ્યા છે કે ખિલાફતનાં ત્રણ વર્ષ થશે અને ત્યાર પછી બાદશાહી થશે. આ હદીસને ઈમામ એહમદ બિન હમ્બલે અને સાહબાન સનન અરબાએ રિવાયત કરી છે અને ઈબ્ને હય્યાને તેનું સમર્થન કર્યું છે.

(૩) ઉલ્માઓ કહે છે કે ત્રણ વર્ષોમાં માત્ર ચાર ખલીફાઓ(રઝી.અ.)ની અને ઈમામ હસન (અ.)ની ખિલાફતના દિવસો હતા.

(૪) સાઅદ બિન જમ્હાન કહે છે કે મેં સફીનાથી પૂછ્યું, બની ઉમૈયાનું માનવું છે કે ખિલાફત તેમનામાં છે. તેઓ કહેવા લાગ્યા કે આ રંડીના દીકરા જૂઠ્ઠું બોલે છે, આ બાદશાહ છે સૌથી સખત બાદશાહોમાંથી અને પહેલો બાદશાહ મોઆવિયા છે.

(૫) યૂસુફ બિન સઅદથી નકલ કરવામાં આવેલ છે કે જયારે ઈમામ હસન(અ.)એ ખિલાફતને છોડી દીધી ત્યારે એક માણસે ઊભા થઈને કહ્યું, આપે મુસલમાનોનું મોઢું કાળું કરી દીધું છે. આપ(અ.)એ ફરમાવ્યું, નિઃશંકપણે આં હઝરત(સ.)એ એક વખત સ્વપ્નમાં જોયું હતું કે બની ઉમૈયા હુઝૂર(સ.)ના મિમ્બર ઉપર ચઢે છે, ઉતરે છે, તો હુઝૂર(સ.)ને (આ બાબત) ખરાબ લાગ્યું. હુઝૂર(સ.)ના આશ્વાસન માટે આ સૂરત નાઝિલ થઈ કે અમે ઊતારી શબે કદ્રમાં અને યા રસૂલિલ્લાહ ! તને શું ખબર છે કે લયલતુલ કદ્ર શું છે ? લયલતુલ કદ્ર હજાર મહિનાઓ કરતાં ય બહેતર છે. આ એ જ હજાર મહિનાઓ છે કે મારા પછી બની ઉમૈયા જેના માલિક બનશે.

(૬) જનાબે હસન(અ.)ની વફાતમાં ઈખ્તેલાફ છે. વાકદી કહે છે કે હિજરતથી ૩૯મા વર્ષે આપે ઈન્તેકાલ ફરમાવ્યો છે.

(૭) અને મદાયની કહે છે કે ૫૦મા વર્ષે આપનો ઈન્તેકાલ થયો છે.

(૮) અને હિશમ બિન અદી કહે છે કે ૪૪મા વર્ષે આપે રહેલત ફરમાવી છે.

(૯) જનાબે હસન(અ.)ના મોતનું કારણ એવું થયું કે આપની બીબી જોઅદા બિન્તે અશઅશ બિન

કૈસે ઝેર આપ્યું. એક થાળ આપના માટે રાખવામાં આવતો હતો અને તે ખૂનથી ભરેલો ઊઠાવી લેવામાં આવતો હતો. આવી જ પરિસ્થિતિ ચાર દિવસ સુધી રહી કે તેમની બીમારી વધતી ચાલી. આપે પોતાના ભાઈ ઈમામ હુસૈન(અ.)ને ફરમાવ્યું, ભાઈ! મને ત્રણ વખત ઝેર આપવામાં આવ્યું છે. મારું કાળજુ કપાઈ જઈને પડી ગયું છે. જનાબે ઈમામ હુસૈન(અ.)એ અરજ કરી, આપને કોણે ઝેર આપ્યું છે ? તો આપે ફરમાવ્યું, તમે શા માટે પૂછો છો ? શું આપનો તેની સાથે લડવાનો ઈરાદો છે ? હું તેને ખુદાને સોંપું છું. જ્યારે જનાબે ઈમામ હસન (અ.)ની વફાતનો સમય નજીક આવ્યો તો જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા(રઝી.અ.)ની ખિદમતમાં સમાચાર મોકલ્યા કે આપ મને આં હઝરત(સ.)ની નજીક દફન થવાની રજા આપો. જનાબે ઉમ્મુલ મોમિનીને તેને મંજૂર કર્યું. જનાબે હસન(અ.) પોતાના ભાઈ હુસૈન(અ.)ને ફરમાવવા લાગ્યા, જ્યારે મારો ઈન્તેકાલ થઈ જાય તો આપ જનાબે ઉમ્મુલ મોમિનીનને મને દફન કરવાની બાબતમાં કહેણ મોકલજો. તેમણે મને કદાચ શરમને લીધે ઈકરાર કરી લીધો છે કે આં હઝરત(સ.)ની પાસે મને જગ્યા આપવામાં આવશે. તેથી જો તે ઈજાઝત આપી દે તો મને જનાબે રસૂલિલ્લાહ(સ.)ની પાસે દફન કરજો. પરંતુ મારો ખયાલ તો એવો છે કે બની ઉમૈયા... આપને ત્યાં દફન કરવાની મનાઈ કરશે, તો એમની સાથે ઝઘડતા નહીં અને આપ મને બકીઅ ગર્કદમાં દફન કરી દેજો. જ્યારે જનાબે ઈમામ હસન(અ.)નો ઈન્તેકાલ થયો તો જનાબે ઈમામ હુસૈન(અ.) હઝરત ઉમ્મુલ મોમિનીન આઈશા સિદ્દીકા (રઝી.)ની પાસે તે બાબતે તશરીફ લઈ ગયા. તો આપે ફરમાવ્યું, બેહતર છે અને તેમનું દફન થવું ઐન કરામત છે. આ ખબર મરવાન અને બની ઉમૈયાને પહોંચી. કહેવા લાગ્યા, અમે તે જગ્યાએ કદાપિ દફન નહીં થવા દઈએ. જ્યારે જનાબે ઈમામ હુસૈન(અ.)એ આ સાંભળ્યું તો જંગના હથિયાર શરીર પર પહેરી લીધાં અને મરવાને પણ હથિયાર બાંધી દીધાં. આ સાંભળીને અબુ હુરૈરા કહેવા લાગ્યા, ખુદાની કસમ છે, આ તો મોટો જુલમ છે કે જનાબે ઈમામ હસન(અ.)ને એમના વાલિદે માજિદ અલ તહીય્યત વ અલ શાઅની પાસે દફન થવાની મનાઈ કરવામાં આવે. ખુદાની કસમ, તે આં હઝરત(સ.)ના દીકરા છે. પછી ઈમામ હુસૈન(અ.)ની પાસે હાજર થઈને અરજ કરી કે હું આપને ખુદાની કસમ આપું છું કે આપ જંગ ના કરતા. શું આપને આપના બિરાદરે બુઝુર્ગવારે નહોતું કહ્યું કે અગર આપને કોઈ પણ પ્રકારનો ભય હોય તો મને મુસલમાનોના મકબરામાં દફન કરજો. તેથી જનાબે ઈમામ હુસૈન(અ.) હઝરત હસન(અ.)ના જનાઝાને જન્નતુલ બકીઅમાં લઈ ગયા અને બની ઉમૈયામાંથી કોઈ માણસ આપના જનાઝા પર હાજર ન થયો.

(ક્રમશઃ)


*<u>ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ</u>*

આયુર્વેદિક દવા શરીરમાં આડઅસર કર્યા વિના રોગને જડમૂળથી મટાડે છે.

**શિફા આયુકેર કલીનીક**

**ડો.આબિદઅલી ટી. ધરખડ**

(જન.ફીઝીશીયન એન્ડ આયુ.કન્સલ્ટન્ટ)

દરેક જાતના સ્ત્રી રોગો, ચામડીના રોગો, પાચનતંત્રના રોગો, મસા, હરસ, વજન વધારવા-ઘટાડવા, હાડકાના રોગો, શ્વસનતંત્રના રોગોની આયુર્વેદિક સારવાર માટે ખાસ મળો.

**નોંધ** : બહારના દર્દીઓએ ફોન કરીને જ આવવું.

**સરનામુ**

મસ્જિદની સામે, બાદરપુર, તા. વડનગર, જિ. મહેસાણા. મો. ૯૮૨૪૧ ૧૪૮૨૭

# જાફરી પંચાંગ

**ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવો.**

| અંગ્રેજી તારીખ | ઈસ્લામી તારીખ | વાર | તા.૧૬, માહે સપ્ટેમ્બર-૨૦૧૨ થી તા. ૧૫, માહે ઓક્ટોબર-૨૦૧૨ મુ.તા. ૨૮, શવ્વાલ-૧૪૩૩ થી મુ.તા. ૨૮, ઝિલકાદ-૧૪૩૩ |
|---|---|---|---|
| સપ્ટે. | ઝિલકાદ | - | |
| 19 | ૨ | બુધ | વફાત : જનાબા સૈયદા ખૈરૂન્નિસા બેગમ સાહેબા ✻ ગણેશ ચતુર્થી |
| 20 | ૩ | ગુરૂ | વિંછુડો બેસે : બપોરે ૧૨-૧૦ |
| 21 | ૪ | શુક્ર | વિંછુડો |
| 22 | ૫ | શનિ | વિંછુડો ઉતરે : બપોરે ૨-૪૨ |
| 28 | ૧૧ | શુક્ર | વિલાદત : ઈમામ અલી રઝા(અ.) |
| ઓક્ટો. | | | |
| 2 | ૧૫ | મંગળ | વફાત : પીર સૈયદ અબ્દુલ મજીદ(રહે.અ.) ✻ ગાંધી જયંતિ |
| 12 | ૨૫ | શુક્ર | હજ્જતુલ વિદાઅ |
| 15 | ૨૮ | સોમ | ઉર્સ : પીર સૈયદ એહમદહુસૈન બાવા(રહે.અ.), મેતા |

## દાડમ

(કવર પેજ-૨નું અનુસંધાન ચાલુ)

**દાડમના ઘટકો :**

દાડમમાં કેલરિ ૬૫ છે, તેના રસમાં સાકરનું પ્રમાણ ૧૪ ટકા જેટલું છે. તેમાં ખનિજ તત્વો જેવાં કે કેલ્શિયમ, મેગ્નેશ્યમ, ફોસ્ફરસ, લોહી, સોડિયમ, પોટેશિયમ, કોપર, સલ્ફર, અને વિટામિન 'બી' અને 'સી' છે. તેના મૂળમાં તથા છાલમાં ટેનિક ઍસિડનું પ્રમાણ ઘણું છે, આશરે ૨૦ થી ૨૫ ટકા જેટલું છે અને એક જાતનું દ્રવ્ય આલ્કેલોઈડ્ઝ હોય છે. પેટમાં કૃમિ હોય અને તેમાં જે ચપટા કૃમિ હોય તેના માટે દાડમ ઘણો અકસીર ઈલાજ છે.

**દાડમની જાતો :**

દાડમ ત્રણ જાતનાં જોવા મળે છે.

(૧) મીઠાં દાડમ(૨) ખટમીઠાં દાડમ અને (૩) ખાટાં દાડમ.

મીઠાં દાડમ તૃપ્તિવર્ધક, ધાતુવર્ધક, સ્નિગ્ધ(કોમળ), મેધાકર, શક્તિદાયક, મધુર તથા પાચક હોય છે. તે પિત્ત, કફ અને વાયુ તથા તરસ, બળતરા, તાવ, હૃદયરોગ, મુખરોગ અને કંઠરોગમાં ફાયદાકારક છે.

ખટમીઠાં દાડમ રૂચિકર, દીપન(ઉત્તેજક) તથા લઘુ હોય છે અને વાયુનો તથા પિત્તનો નાશ કરે છે. ખાટાં દાડમ પિત્તકારક તથા રક્તપિત્ત કરનારાં હોય છે અને વાયુનો નાશ કરે છે.

અમીરુલ મોમિનીન(અ.)ના ફરમાન મુજબ (દરેક) દાડમમાં જન્નતનો એક દાણો છે તેથી જો દાણા પડી જાય તો એને વીણીને ખાઈ જાઓ.

ઈમામ જાફર સાદિક(અ.)એ ફરમાવ્યું છે કે ચાર ચીજો સ્વભાવમાં સમતોલપણું લાવે છે તેમાં દાડમનો પણ સમાવેશ થયો છે.

ઈમામ અલી રિઝા(અ.)એ પણ દાડમમાં જન્નતનો એક દાણો હોવાનું ફરમાવ્યું છે.

(સંદર્ભ : 'કુદરતી વનસ્પતિ અને તેના ફાયદા' ડો.એ.ટી.રંગવાલા)

હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

**● સત ગુરૂ પીર મશાયખ વાચા ●**

### બયાન નં.૧૧૪

**જો પીયા કેરા નાંમ તુજકું રે ભાવે,**
**તો ભીતર હરદમ કાહે નાં આવે ?**

(હઝરત પીર મશાયખ બાવા(રહેમતુલ્લાહ અલૈહે) ફરમાવે છે કે જો પીયુજીનું નામ તને ભાવતું હોય, તને પસંદ પડતું હોય તો તે નામ તારા ભીતરમાં હર હંમેશ કેમ આવતું નથી?)

**જો તુજે પીયુ નાંમ, પીયા દેખ કે'ના,**
**તો પીયુ પીયુ બિન દમ રે નાં લેના.**

(જો પીયુજીને જોઈને તું પીયુજીનું નામ વારંવાર લેતો હોય તો પીયુજી વગર તારે એક શ્વાસ પણ ન લેવો જોઈએ.)

**જો ભીતર પીયુજી તુજકું રે પાયા,**
**તો પીયુ બિના કાહે દમ ખાલી ગમાયા?**

(જો તેં તારા પીયુજીને તારા ભીતરમાં સમાવી દીધો હોય તો પછી પીયુજીના રટણ વગર તેં ખાલી શ્વાસ શા માટે ગુમાવી દીધો ?)

**નાંમ લેના પીયુકે કાજ તુજે જાંના,**
**તો વાસ્તે અવર ભીતર નાં આંના.**

(જો પીયુજીનું નામ લેવાનું તેં પીયુજી ખાતર જાણી લીધું હોય તો પીયુજી સિવાય બીજાને તારા ભીતરની અંદર સ્થાન આપવું ન જોઈએ.)

**રખે ભિસત કાજ તું કમાઈ રે કરતા,**
**પીયુજી કે મનથી યું રે ઉતરતા.**

(જો તું (આખેરતની) કમાણી જન્નત મેળવવા માટે જ કરતો હોય તો તું પીયુજીની નજરમાંથી ઉતરી જવાનો. (અર્થાત પીયુજીની નજરમાં તારું સ્થાન રહેશે નહીં.)

**દોઝખ ડર રખે મન લાવે,**
**ને કમાઈ ઉસ ડર કે કાજ રે કમાવે.**

(અને જો તું તારા મનની અંદર દોઝખનો ડર લાવે અને (આખેરતની) કમાણી એવો ડર રાખીને જો કરે...)

**તો પીયુજી તેં તનથી આપ બિસારા,**
**તો પીયુ કેરે નેહસું તું હુવા રે નસારા.**

(જો દોઝખના ડરથી કમાણી કરીશ તો સમજી લેજે કે તેં તારા તનથી પીયુજીને વિસારી દીધો છે અને તું પીયુજીના નેહથી અલિપ્ત થઈ ગયો છે, નઠારો બની ગયો છે.)

**તો ઉસ પીયા કાજ તેં કમાઈ નાં કીતી,**
**જો પીત પીયાકી તેં ચંત નાં દીતી.**

(જો પીયુજીની પ્રીત કરવાની ચિંતા તેં ન કરી તો તેં જે કમાણી કરી છે તે તારા પીયુજીને ખાતર કરી નથી, એવું ગણાશે.)

**પીયુજી રે ઢોલન હે રે વે ઢોલા,**
**તનમાં સંગાતી હે રે મીઠા બોલા.**

(પીયુજી ઢોલન (પ્રિયતમ) છે, અને તે ઢોલો (પતિના સ્થાને) પણ છે. તે તનની અંદર સંગાથે રહેલો છે અને મીઠા બોલ બોલે છે.)

**તો રૂપ પીયાકા હે રે અપારા,**
**ને તલ ઉસ રૂપથી સબ સરજા સંસારા.**

(તો પીયુજીનું રૂપ પાર વગરનું છે, અપરંપાર છે અને તેણે પોતાના રૂપમાંથી થોડુંક રૂપ લઈને

સંસારનું સર્જન કર્યું છે.)

**આદમને ભિસત તલ ઉસ રૂપથી નિપાઈ,**
**તો એથી રે રોશની ભિસતને પાઈ.**

(હઝરત આદમ(અ.)ને અને જન્નતને તેણે થોડાક રૂપથી ઉત્પન્ન કર્યાં અને તેથી જ તો જન્નતને રોશની પ્રાપ્ત થઈ છે.)

**એ તલ રૂપ કાજ તું મુરખ ગમાવે,**
**એ રૂપ અપારા મનમાં નાં લાવે.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે એ થોડાક રૂપ ખાતર હે મૂરખ ! તું તારી જિંદગી ગુમાવી દે છે. પીયુજીના પાર વગરના એ રૂપને તું તારા મનમાં લાવતો નથી.)

**પીયુજી મેરેકા હે રૂપ અપારા,**
**ભિસતથી પીયાકું બોત કર પ્યારા.**

(મારા પીયુજીનું રૂપ તો પાર વગરનું અપરંપાર છે. જન્નતને પ્યાર કરવા કરતાં તો તું પીયુજીને વધારે પ્યાર કર.)

**મન નેહ ભિસતકા પીયા બિના લાવે,**
**તો હકીકતી, મુરખ કદી નાં કે'લાવે.**

(પીયુજીને પ્રેમ કર્યા વગર જો તું તારા મનમાં જન્નતનો નેહ રાખીશ તો અય મૂરખ ! તું કદી હકીકતી નહીં કહેવાઈશ.)

**ભો રે દોઝખ, મુરખ, મન માંહી રાખે,**
**સો પીયાજી કે કાજ ઈતના નાં દાખે.**
**-: રે તુંહી :-**

(અય મૂરખ ! તું તારા મનમાં દોઝખનો ભય રાખે છે પરંતુ તું પીયુજી ખાતર દોઝખનો ભય પણ જતો કરવાનું સૌજન્ય દાખવતો નથી.)

**દોઝખ પાંણી બુઝાય કર, ભિસત દે આગ જલાય રે,**
**ભિસત દે આગ જલાય;**
**હકીકતી યું મન સાફ કર, તું મન સંગ પીયુ લગાય રે,**
**તું મન સંગ પીયુ લગાય.**

(હઝરત પીર મશાયખ(રહે.અ.) હકીકતીને સલાહ આપતાં ફરમાવે છે કે દોઝખની આગને પાણીથી બુઝાવી નાખ અને જન્નતને આગથી સળગાવી દે. આવી રીતે તું તારા મનને નિર્મળ અને સાફ બનાવી દે અને ત્યાર પછી તું તારા મનને પીયુજીની સોબતમાં લગાવી દે.)

## બયાન નં.૧૧૫

**પીયુજી મેરેકા હે રૂપ અપારા,**
**એસો રે પીયુકું બોત કીજે પ્યારા.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે મારા પીયુજીનું રૂપ તો પાર વગરનું અપરંપાર છે. તો આવા પીયુજીને તો તારે ખૂબ પ્યાર કરવો જોઈએ.)

**પીયા જેસા રૂપ અવર રે નાંહાં,**
**પીત એસો પીયાકી રાખ જીવ માંહાં.**

(પીયુજીનું જેવું રૂપ છે એવું રૂપ તો સમગ્ર કાઈનાતમાં બીજા કોઈનું નથી. માટે હે જીવ ! આવા પીયુજી સાથે તું પ્રીત રાખ.)

**હકીકતી ભિસતમાં નિત ઉઠ કહીએ,**
**જો પીત પીયાકી ઉસ તન લહીએ.**

(હકીકતી તો એને કહેવાય કે જે નિત ઊઠીને, હર હંમેશ જન્નતમાં હોવા છતાંય તેના તનમાં પીયુજીની પ્રીત હોય.)

**ભિસ્તી રે વેસા દુજા નાં કોહી,**
**કે પીત પીયા રંગસુ રે'વે રે સોહી.**

((સાચો) બેહિશ્તી, જન્નતી તો બીજો કોઈ નહીં પણ એવો હોય કે જે હંમેશાં જન્નતમાં પણ પીયુજીની પ્રીતના રંગમાં શોભિતો રહે, રંગાયેલો રહે.)

**બોત ખુશાલી ને પીયુ રંગ રાતા,**
**પીયા પીત નેહકા નિત ઉઠ માતા.**

(બેહિશ્તી તો એવો હોય કે જે પીયુજીના રંગમાં રંગાયેલો હોય અને એમાં જ ખૂબ ખુશાલી અનુભવતો હોય અને પીયુજીની પ્રીતમાં હર હંમેશાં મદમસ્ત રહેતો હોય.)

**ભિસત રે અદકી ઉસથી રે નાંહાં,**
**તો પિયુજી રે બસીયા તુજ તન માંહાં.**

(જો તારા તનની અંદર પીયુજી વસેલો હોય તો તું જન્નતને તારા પીયુજીની પ્રીત કરતાં અધિક ગણતો નહીં.)

**નિત ઉઠ દોઝખ હકીકતી તંના,**
**જિસ દિન પીયુજી નાં બસીયા રે મંના.**

(જે દિવસે પીયુજી હકીકતીના મનની અંદર વસેલો ન હોય તે દિવસને તે હંમેશાં દોઝખ સમાન ગણતો હોય છે.)

**તબ હકીકતી તંના આગ રે લગાઈ,**
**જિસ દિન પીત પીયાકી મનમાં નાં આઈ.**

(જે દિવસે હકીકતીના મનમાં પીયુજીની પ્રીત ન હોય તો તે દિવસે હકીકતી પોતાના તનમાં આગ લાગી હોય તેવો અનુભવ કરે છે.)

**દોઝખ આકરી ઉસથી રે નાં હોવે,**
**જેસી હકીકત તન માંહી જોવે.**


હસનઅબ્બાસ જી સેલીયા મો. ૯૯૦૯૯૦૬૧૮૯

**મોઝેઈક આર્ટ્સ**

ડીઝાઈન & પ્રીન્ટ્સ

**હોટલ, રેસ્ટોરન્ટ તથા અન્ય ધંધાઓને લગતી તમામ સ્ટેશનરી, માર્કેટીંગ અને પેકેજીંગ મટીરીયલનું ડીઝાઈનીંગ અને પ્રીન્ટીંગ માટે મળો**

- વીઝીટીંગ કાર્ડ
- ફાઈલ
- મેનુ
- બોક્ષ
- સ્ટેશનરી
- નેપકીન પ્રીન્ટીંગ
- સ્ટીકર
- આમંત્રણ કાર્ડ
- બ્રોશર
- લગ્ન કંકોત્રી
- પેમ્ફલેટ
- ફલેક્ષ બેનર

૬, રંગોલી કોમ્પ્લેક્ષ, વી.એસ. હોસ્પીટલ ની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૬.


(જે દિવસે પીયુજીની પ્રીત ન હોય તે દિવસે હકીકતી પોતાના તનમાં એવી આગનો અનુભવ કરે છે કે એવી આકરી આગ તો દોઝખમાં પણ ન હોય.)

**બિરહા તો આગ રૂં રૂં ઝાલે,**
**હકીકત પીયુકી જો તનમાં સંભાલે.**

(હકીકતી જો પોતાના તનમાં પીયુજીની ગેરહાજરી અનુભવે છે તો તેના શરીરના રૂંવે રૂંવામાં, રૂંવાટે રૂંવાટામાં પ્રેમના વિરહની જ્વાળાઓની આગનો અનુભવ કરે છે.)

**પીયા બિના દોઝખ સો હકીકતી જાંને,**
**જે રે આપ તનમાં પીયુ પિછાંને.**

(જે માણસ પોતાના પીયુની પ્રીતને જાણતો હોય અને જ્યારે પીયુજીની ગેરહાજરી હોય તો પીયુજી વગર હકીકતી દોઝખનો અનુભવ કરે છે.)

**હકીકત તનમાં નિત દો રે બાસા,**
**તાં ભિસત કહીએ જાં પીયુ હે રે પાસા.**

(હકીકતીના તનની અંદર જ્યારે પોતાના પીયુજીનો વાસ હોય અને પીયુજી તેની પાસે હોય ત્યારે તે જન્નત જેવો અનુભવ કરે છે.)

**દોઝખ તબ તન અગન જલાવે,**
**જો હકીકતી પાસથી પીયુ ઉઠ જાવે.**
**-: રે તુંહી :-**

(જો હકીકતીની પાસેથી તેનો પીયુજી ઊઠીને જતો રહે છે ત્યારે તેના શરીરમાં એવી આગ લાગે છે જાણે કે દોઝખની આગ હોય.)

**દોઝખ પીયુ બિના તુજ તન, ભિસત હે પિયુ કે સાથ રે,**
**ભિસત હે પિયુ કે સાથ;**
**અવર નાં લીજે પીયા બિના, ભિસત દોઝખકું હાથ રે,**
**ભિસત દોઝખકું હાથ.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે કે તારા પીયુજી વગર તારું તન દોઝખના જેવું છે અને પીયુજી તારી સાથે હોય તો જન્નત જેવું છે. જો પીયુજી મળતો હોય તો પીયુજી વગર તું જન્નતને કે દોઝખને હાથમાં ધરતો નહીં.) *

# શહીદે આઝમ : હઝરત ઈમામ હુસૈન(અ.)

લેખન : મો.હનીફ જે. દુકા (વાઘરોલ-અમદાવાદ)

**ઝબાં પર બારે ઈલાહા ! યે કિસ્કા નામ આયા,**
**કે મેરી નુત્કને બોસે મેરી ઝબાંકે લિયે.**

નામ : હુસૈન(અ.), કુન્નિયત : અબા અબ્દિલ્લાહ, જમાનાના ઈમામ, અહલિલ જન્ન અને રૈહાનતુન્નબી તેમના સુશોભિત લકબ. વાલિદે મોહતરમ રસૂલ(સ.)ના દામાદ મૌલા અલી મુશ્કિલકુશા, વાલિદા મોહતરમા રસૂલ(સ.)ની લખ્તે જિગર ખાતૂને જન્નત હઝરત ફાતેમા ઝહરા(સલા.) સૈયદતુન્નિસાઈલ આલમીન. નાના તમામ અંબિયાના સરદાર હઝરત મોહંમદ મુસ્તફા (સ.) અને નાનીજાન હઝરત ખદીજતુલ કુબરા. આપનો શજરો જોઈએ તો હુસૈન(અ.) બિન અલી(અ.) બિન અબી તાલિબ બિન અબ્દુલ મુત્તલિબ બિન અબ્દેમનાફ. ખાનદાન હાશમી અને વંશવેલો છેક પયગમ્બર હઝરત ઈબ્રાહીમ(અ.) સુધી પહોંચે છે.

કુફાના ગવર્નરનો અને સાથીઓનો કાગળ મળતાંની સાથે જ ઈમામ હુસૈન(અ.)એ કુફા જવાનો વિચાર કર્યો. ઈમામ હુસૈન(અ.)ના સાથીઓએ ઈમામને પૂછ્યું,

'શું કુફા જવું જરૂરી છે ?'

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

હું રાતના સમયે ખ્વાબમાં નબીએ કરીમ(સ.)ની ઝિયારત કરી ચૂક્યો છું. મને જે હુકમ થયો છે તેને હું જરૂર પૂરો કરીશ. મારા નાનાજાનનો વાયદો પૂરો કરીશ.

ઈમામના સાથીદારોએ પૂછ્યું,

એ ખ્વાબ શું છે ?

ઈમામ(અ.)એ ફરમાવ્યું,

એ ખ્વાબનું બયાન ન તો મેં કોઈને કર્યું છે કે ન તો હું બયાન કરવાનો છું, એટલે સુધી કે નાનાજાનની ઉમ્મતને બચાવવા હું મારા ખુદાને મળું.

**છૂટ જાયે અગર દૌલતે કૌનેન તો ક્યા ગમ,**
**છૂટે ન મગર હાથસે દામને મુસ્તફા.**

આગાહી થઈ ચૂકી હતી. હુર બિન યઝીદની સાથે ઈબ્ને ઝિયાદ અને યઝીદ તરફથી આપને ગિરફતાર કરવા માટે એક હજારનું લશ્કર મોકલવામાં આવ્યું હતું.

બપોરનો સમય. સખત ગરમી. ગરમ હવા તેજ રફતારથી ચાલતી હતી. જનાબે હુરના સિપાહીઓને અને ઘોડાઓને ખૂબ જ પ્યાસ લાગી હતી. સાકીએ કૌસરના લાલ હુસૈન(અ.)એ પોતાની પાસે જે પાણી હતું તેનાથી લશ્કરે હુરને સયરાબ કર્યું. ઈમામ હુસૈન(અ.)ના આ બુલંદ અખ્લાકની અસર દુશ્મન લશ્કરના સરદારના દિલ ઉપર કાયમ થઈ ગઈ. પરંતુ હુરના જાહેર થવાનો સમય હજુ આવ્યો નહોતો. હુરના દિલમાં અને દિમાગમાં લડાઈ ચાલવા લાગી કે આ બુઝુર્ગનો હક કેવી રીતે અદા કરું ? હુર ઈમામ સાથે ગુફતગૂ કરવાની ચિંતામાં હતા.

કરબલામાં આવ્યા પછી ઈમામ હુસૈન (અ.)એ હુરના લશ્કર સમક્ષ પૂરજોશ ખુત્બો આપ્યો જેમાં આપ(અ.)એ ફરમાવ્યું :

અય લોકો ! રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું છે કે જો કોઈ માણસ એવા જાલિમ બાદશાહને જુએ કે જે જુલ્મ અને જબરદસ્તી કરતો હોય, રસૂલ(સ.)ના ફરમાનોની વિરૂધ્ધ ચાલતો હોય, અલ્લાહના બંદાઓ ઉપર ગુનાહ અને જબરદસ્તીપૂર્વક હુકૂમત કરતો હોય, જે માણસ આવા બાદશાહનાં કાર્યોને, બદઆ'માલને નહીં રોકે તો અલ્લાહ તઆલાને હક છે કે તે એ જાલિમ બાદશાહની જગ્યાએ એને દોઝખમાં નાખી દેશે.

ત્યાર પછી ઈમામ(અ.)એ ફરમાવ્યું,

અય લોકો ! તમને ખબર નથી કે બની ઉમૈયાએ

શેતાનની ઈતાઅત ઈખ્તિયાર કરી છે અને અલ્લાહની ઈતાઅતથી મોઢું ફેરવી દીધું છે. મુલ્કમાં ફસાદ ફેલાવ્યો છે, ગનીમતના માલને પોતાના માટે સુરક્ષિત કરી દીધો છે. આવી હાલતમાં મારા કરતાં વધારે કોના ઉપર ફરજ છે કે આને રોકવાની કોશિશ કરે ? મારી પાસે તમારા દૂત અને કાસિદ આવેલા. તેમણે કહ્યું છે કે તમે બયઅત કબૂલ કરેલી છે કે તમે મને યાર બનાવશો અને મદદગાર થશો. અગર તમે લખેલા કાગળ મુજબ તમે બયઅત પૂરી કરશો તો રાહેરાસ્ત પર પહોંચી જશો. હું મુર્તઝા અલી(અ.) અને ફાતેમા(સ.) બિન્તે રસૂલ(સ.)નો ફરઝંદ હુસૈન છું. મારું વ્યક્તિત્વ તમારા માટે નમૂનો છે. જો તમે માન્ય નહીં રાખો તો તમે અલ્લાહની તૌહીદને અને બયઅતને તોડી નાખશો. તમે આવું આના પહેલાં મારા વાલિદ અને મારા બુઝુર્ગો સાથે કરી ચૂક્યા છો. જે કોઈએ તમારા ઉપર ભરોસો કર્યો તેઓ તમારા ધોખામાં આવી ચૂક્યા છે. તમે તમારાં કાર્યોથી મોટી ખરાબ મિસાલ કાયમ કરી દીધી છે. ઈન્શાઅલ્લાહ થોડા સમયમાં અલ્લાહ તઆલા મને તમારી મદદથી બેનિયાઝ કરી દેશે. વસ્સલામ અલૈકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહૂ.

એ વખતે એક માત્ર હુર જ એવા માણસ હતા કે જેમના દિલ ઉપર ઈમામના ખુત્બાની અસર થઈ અને... હુર ઈમામના કદમોમાં હાજર થઈ ગયા અને પોતાની ગુલામી નોંધાવી દીધી. જ્યારે જ્યારે લોકો કરબલાની દાસ્તાનને વાગોળશે ત્યારે ત્યારે હુરને અવશ્ય યાદ કરશે અને કહેશે કે **હુરકી તો બાત હી મત પૂછો**.

**ગુલામ ભી ઐસે બનો, ખુદ શહેનશાહ બન જાઓ.**

ત્યાર પછી ઈમામ હુસૈન(અ.)એ પોતાના સાથીઓને ભેગા કર્યા અને ખુત્બો ઈરશાદ ફરમાવ્યોઃ

તમામ તા'રીફ અલ્લાહની છે. સુખ અને દુઃખ હર હાલતમાં અલ્લાહનો શુક્ર છે. યા અલ્લાહ ! હું તારો શુક્ર અદા કરું છું કે તેં અમને અહલેબૈતે નબુવ્વતની ઈજ્જત અતા કરી, કુરાનનું ઈલ્મ અતા કર્યું અને દીનની સમજણ અતા કરી, સાંભળવા માટે કાન, જોવા માટે આંખો અને ખાવા માટે દાણા, પીવા માટે પાણી, ધડકન માટે દિલની નેઅમતથી માલમાલ કરી દીધા.

ત્યાર પછી ફરમાવ્યું,

દુનિયામાં હું કોઈના સાથીઓને નથી જાણતો કે મારા સાથીઓ જેટલા વફાદાર અને બેહતર હોય અને કોઈના ઘરવાળાઓને મારા ઘરવાળાઓ જેટલા રહમદિલ જોયા હોય. અલ્લાહ તઆલા તમામ બુઝુર્ગોને દુઆએ ખૈર અતા કરે. મને પૂરું યકીન થઈ ગયું છે કે સવારે દુશ્મનોના હાથે અમારી શહાદત થવાની છે. એટલા માટે હું તમને ખુશીથી ઈજાઝત આપું છું કે તમે રાતના સમયે તમારું દિલ માને એ જગ્યાએ જઈ શકો છો. મારા તરફથી તમને કોઈ રોકટોક નથી.

ઈમામનો ખુત્બો સાંભળીને ઈમામના સાથીદારોએ તકબીરનો નાઅરો બુલંદ કર્યો અને અલ્લાહની તૌહીદનો એકરાર કર્યો.

શબે આશુરે - મોહલતની રાતે વિદાય લીધી. દસમી મોહર્રમની સવાર નુમૂદાર થઈ. હઝરત ઈમામ હુસૈન(અ.)એ અહલબૈત અને સાથીઓની સાથે સુબ્હની નમાઝ અદા કરી. પેશાનીઓને સિજદામાં ખૂબ રગડી અને જબાનો ઉપર કુરાનની તિલાવત અને ઝિક્રે ઈલાહીની તસ્બીહનો લુત્ફ ઉઠાવ્યો. શોહદાએ કરબલાની આ આખરી નમાઝ હતી. નમાઝ બાદ ઈમામ(અ.)એ બધાના હકમાં સાબિતકદમ રહેવાની દુઆ માગી. દસમી મોહર્રમનો સૂરજ નીકળવાની તૈયારીમાં હતો. આલે મોહંમદ(અ.) માટે કયામતનો દિવસ હતો. એહલેહરમ ત્રણ ત્રણ દિવસનાં ભૂખ્યાં-તરસ્યાં હતાં. જુલ્મ અને સિતમ કરવા માટે હજારોની સંખ્યામાં દુશ્મન લશ્કર તૈયાર ખડું હતું. ઈમામ હુસૈન(અ.)ને મહેમાન તરીકે બોલાવનાર કોમે જાન પર ખેલવાની દાવત આપી. ત્યાર પછી ઈમામે કરબલાના મેદાનમાં તશરીફ લાવીને ખુત્બો ઈરશાદ ફરમાવ્યોઃ

હમ્દ અને સલામ પછી આપે ફરમાવ્યું,

અય લોકો ! મારા હસબ-નસબ પર વિચાર કરો કે હું કોણ છું ? પછી તમારા ગિરેબાનમાં મોઢું નાખીને વિચારો કે મને શહીદ કરવો અને મારી તૌહીન કરવી શું તમારા માટે જાઈઝ છે ? શું હું તમારા નબીનો નવાસો નથી ? શું હું નબીએ કરીમ(સ.)ના પિત્રાઈ ભાઈ હઝરત અલી(અ.)નો ફરઝંદ નથી ? શું શહીદ હઝરત હમ્ઝા મારા વાલિદે બુઝુર્ગવારના કાકા અને હઝરત જાફરે તૈયાર મારા કાકા નથી ? શું તમારામાંથી કોઈએ નથી સાંભળ્યું કે રસૂલે કરીમ(સ.)એ મારા માટે અને મારા ભાઈ માટે ફરમાવ્યું છે કે આ બન્ને જન્નતના જવાનોના સરદાર છે? આમ છતાંય જો તમને મારી વાત પર ભરોસો પડતો ન હોય તો ઈસ્લામી દુનિયામાં જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી, અનસ બિન માલિક અને ઝૈદ બિન અરકમ મૌજૂદ છે, જે અસ્હાબે કિરામ મારા નાના રસૂલે ખુદાનાં પીછાં છે તમે જઈને તેમને પૂછી લો.

હઝરત ઈમામ હુસૈન(અ.)ના પછી આપના બીજા તમામ સાથીઓએ તકરીર કરી. પરંતુ કુફીઓની આંખો ઉપર ગફલતના પડદા પડી ચૂક્યા હતા. એમના દિલો ઉપર મુહર લાગી ચૂકી હતી. કોઈના પર અસર ન થઈ. પછી ઈબ્ને ઝિયાદના લાલચુ, દુનિયાપરસ્ત સિપાહીઓએ ઈમામને કહ્યું,

અમને આપના બધા જ ફઝાએલની ખબર છે પરંતુ અત્યારે વાદવિવાદ કરવાનો સમય નથી. આપ જંગ માટે મેદાનમાં કોઈને મોકલો.

અને ત્યાર પછી વાતચીત બંધ કરી.

કરબલાનો જંગ શરૂ થયો અને સમાપ્ત પણ થઈ ગયો. યઝીદીઓ એવું સમજ્યા કે અમે હુસૈન (અ.)ને કતલ કરી નાખ્યા. પરંતુ એમને ક્યાં ખબર હતી કે ઈમામ(અ.) તો ઝિંદએ જાવેદ બની ગયા છે. તેમણે તો ઈસ્લામને પણ જીવતો કરી દીધો છે.

**મૌતકે સૈલાબમેં હર ખુશ્કોતર બેહ જાએગા,**
**હાં, મગર નામે હુસૈન ઈબ્ને અલી રેહ જાએગા.**


**RJ ADVISORY**

*Zaroorat Tamari, Salah Amari !*

| | |
|---|---|
| Mutual Funds | મ્યુચ્યુઅલ ફંડ |
| FDs / Bonds | એફ.ડી/બોન્ડસ |
| Life Insurance | લાઈફ ઈન્સ્યોરન્સ |
| Health Insurance | હેલ્થ ઈન્સ્યોરન્સ |
| Tax Planning | ટેક્ષ પ્લાનીંગ |

દરેક પ્રકારના રોકાણને લગતી સચોટ માહિતી માટે આજે જ સંપર્ક કરો

**Abbasali Mava**
**Mo. 9974004161**
EMAIL : gomzee_abs@yahoo.com
Zahirabad, Bh. Fatema Girls Hostel,
Po. Savgadh, Ta. Himatnagar Dist. S.K.

**બેસ્ટ ઈલેક્ટ્રીકલ**

::::::::: ઓર્થોરાઈઝ ડીલર :::::::::

વાયર કેબલ : જેનશન, પોલિકેબ, ફિનોલેક્સ, દર્શન, આર આર, રૂબિકોન
એમ.સી.બી. : ઈન્ડો એશિયન, એલ એન્ડ ટી, બિનટેક્સ, એચ.પી.એલ.
મોટર પમ્પ : હિતેશ, કિલોસ્કર, કોમ્પટ્રન, સર્જન
લાઈટીંગ : કોમ્પટ્રન, હેવલ્સ, ફિલિપ્સ, ઓસરામ, હેનોલેક્સ
ઈલેકટ્રીક એસેસરીઝ : હાઈફાઈ, ઓલવીન, પોઈન્ડર, વન્ડર, એન્કર

ઈલેકટ્રીકને લગતો તમામ માલ સામાન મળશે

૯૯૯૮૧૮૫૭૦૭ મહેદીહુસૈન મોમિન
૯૯૭૯૨૬૦૫૯૭ બાકરઅલી મોમિન

૧૩, ધનરાજ કોમ્પલેક્ષ, અંબિકા પેટ્રોલ પંપની સામે, પ્રકાશ ઓટોની બાજુમાં, ઉજાલા સર્કલ, સરખેજ, અમદાવાદ.

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

## ‘ગુલિસ્તાન’માંથી પસંદ કરેલ પંક્તિઓ

### Separation (વિયોગ/જુદાઈ)

سود دریا نیک بودی، گر نبودی بیم موج
صحبت گل خوش بدی، گر نیستی تشویش خار
دوش چون طاووس می نازیدم اندر باغ وصل
دیگر امروز از فراق یار می پیچم چو مار

**સૂદ દર્યા નેક બૂદી ગર ન બૂદી બીમ મૌજ**
**સોહબતે ગુલ ખુશ બદી ગર નિસ્તી તશ્વીશે ખાર**
**દોશ ચૂન તાઊસ મી નાઝીદમ અંદર બાગો સલ**
**દીગર અમરોઝ અઝ ફિરાકે યાર મી પૈચમ ચૂ માર**

(જો તમને દરિયાનાં મોજાંનો ડર ન હોય તો દરિયામાંથી મેળવેલી કિંમતી વસ્તુઓ આકર્ષક લાગશે. ગુલાબના ફૂલોની સોહબતને તમે આવકારશો જો તમને કંટકો વાગવાની કોઈ ચિંતા ન હોય. ગઈ કાલે રાત્રે હું મોરની માફક મારી પ્રિયતમા સાથે બગીચામાં મ્હાલી રહ્યો હતો પરંતુ આજે હું તેણીના વિયોગમાં દર્દથી પીડાતા સાપની માફક અમળાઈ રહ્યો છું.)

### Servility (ગુલામીની હાલત)

به دست آهک تفته کردن خمیر
بِه از دست بر سینه پیش امیر

**બો દસ્ત આહક તફતા કર્દન ખમીર**
**બો અઝ દસ્ત બાર સીના પેશે અમીર**

(કોઈ અમીરની તહેનાતમાં હાથ જોડીને ઊભા રહેવું એના કરતાં તો મકાનના ચણતરકામ માટે પોતાના હાથથી ચૂનાનો ગારો ગુંદવો વધારે સારી બાબત છે.)

چون درآید مه از تویی به سخن
گرچه بِه دانَی، اعتراض مکن

**ચૂન દરાયદ મે અઝ તવી બો સુખન**
**ગરચે બો દાની એતેરાઝ મુકન**

(જ્યારે તમારાથી હોદ્દામાં ચડિયાતો માણસ બોલતો હોય ત્યારે તેની વાતમાં કોઈ વાંધો ઉઠાવવો નહીં. પછી ભલેને તમે તેના કરતાં વધારે ઈલ્મ ધરાવતા કેમ ન હો.)

### Sham Piety (ઢોંગી ધર્મનિષ્ઠા)

آن که چون پسته دیدمش همه مغز
پوست بر پوست بود همچو پیاز
پارسایان روی در مخلوق
پشت بر قبله میکنند نماز

**આન કે ચૂન પુસ્તા દીદમશ હમા મગર**
**પૂસ્ત બાર પૂસ્ત બૂદ હમચૂ પિયાઝ**
**પારસાયાન રવી દર મખ્લૂક**
**પુશ્ત બાર કિબ્લા મીકનન્દ નમાઝ**

(તે માણસ કે જે મને પિસ્તાના ભરાવદાર ઝાડ જેવો લાગ્યો પરંતુ હકીકતમાં તો એ જુદા જુદા પડવાળી ડુંગળી જેવો નીકળ્યો. ધાર્મિક હોવાનો ડોળ કરનારા માણસો કે જેઓ પોતાની ધર્મનિષ્ઠાનો ઢોંગ કરતા હોય છે તેઓ હકીકતમાં તો તેઓ કિબ્લા (કા’બા) તરફ પીઠ રાખીને નમાઝ પઢતા હોય છે.)

تا مرا هست و دیگرم باید
گر نخوانند زاهدم، شاید

**તા મરા હસ્ત વ દીગરમ્ બાયદ**
**ગર નખવાનદ ઝાહદમ્ શાયદ**

(હું તવંગર હોઉં અને તેમ છતાંય જ્યારે હું બીજાઓના ધનની લાલસા રાખતો હોઉં ત્યારે જો લોકો મને ધાર્મિક ન માનતા હોય તો તે બાબત અયોગ્ય નહીં ગણાય.)

پارسا بین که خرقه در بر کرد
جامهٔ کعبه را جُلِ خر کرد

**પારસા બીન કે ખિર્કા દર બાર કર્દ**
**જામા કા’બા રા જુલે ખર કર્દ**

(ઝોહદવાળા કોઈ સાધુ ફકીરને જુઓ કે જેણે પોતાનું શરીર એક લાંબા કોટ (ખિર્કા)થી ઢાંકી દીધું છે અને એવું કરીને તેણે પોતાની માફક કા'બાના પવિત્ર ગિલાફને ગધેડાને ઢાંકવા માટેનું આવરણ બનાવી દીધું છે.)

## Silence (ચૂપકીદી)

چو کاری بی فضـول مـن بـرآیـد
مرا در وی سخـن گفتـن نشـاید
وگـر بینم کـه نابینـا و چاه است
اگر خاموش بنشینم، گـنـاه است

**ચૂ કારી બી ફુઝુલ મન બર આયદ**
**મરા દર વી સુખન ગુફતન નશાયદ**
**વગર બીનમ કે નાબીના વ ચાહ અસ્ત**
**અગર ખામોશ બનશીનમ, ગુનાહ અસ્ત**

(જો કોઈ બાબત (ઝઘડો) મારા હસ્તક્ષેપ વગર પતી જતી હોય તો તે વિષય ઉપર કોઈ અભિપ્રાય વ્યક્ત કરવો મારા માટે અયોગ્ય કહેવાય. પરંતુ જો કોઈ આંધળો માણસ કોઈ કૂવાની નજીક જઈ રહ્યો હોય તો (તેને સાવધ કર્યા વગર) ચૂપકીદી ધારણ કરવી મારા માટે ગુનો બનશે.)

تـا مـرد سخـــن نگفته بـاشـد
عیــب و هنرش نهـفتـه بـاشـد

**તા મર્દ સુખન ન ગુફતા બાશદ,**
**ઐબ વ હુનરશ નહફતા બાશદ**

(જ્યાં સુધી માણસ (મૌન ધારણ કરીને) એક શબ્દ પણ ન બોલે ત્યાં સુધી તેની ખામીઓ અને સિધ્ધિઓ અજાણી રહે છે.)

هـر کـه تأمّل نکـنـد در جـــواب
بیشتـر آیـد سخـنـش نـا صـواب
یا سخن آرای چو مردم بـه هـوش
یا بـنـشـین چون حـیـوانان خموش

**હર કે તામ્મુલ નકનદ દર જ્વાબ**
**બીશ તર આયદ સુખનશ ના સવાબ**
**યા સુખન આરી ચૂ મર્દુમ બો હવશ**
**યા બનશીન ચૂન હયવાનાન ખમૂશ**

(એવા માણસની વાણી મોટા ભાગે તો દોષપૂર્ણ હોય છે કે જે જવાબ આપતાં પહેલાં વિચારતો નથી. કાં તો માણસોની માફક બુધ્ધિપૂર્વક વાત કરો અથવા તો જાનવરોની માફક મૂંગા રહો.) (ક્રમશઃ)


# માઅરેફતે નૂરાનિયત

**::::: મૂળ ઉર્દૂ લેખક :::::**
જનાબ મુઝફ્ફરઅલીખાન સાહેબ
**::::: ગુજરાતી અનુવાદ :::::**
જનાબ સૈયદ વહીદએહમદ એમ. જાફરી
સિધ્ધપુર

**ઉપરોક્ત કિતાબ પ્રગટ થઈ ચૂકી છે, જાફરીબાગમાંથી મળી શકશે.**

**: ખાસ નોંધ :**

ઉપરની કિતાબમાં પેજ નંબર-૯૩, લાઈન નંબર-૧૮ માં આપણા નબી(સ.)ની શરીઅત '<u>ઈબ્રાહીમ(અ.સ.)ની શરીઅતને રદ કરનાર છે</u>' એ વાક્યને બદલે આ આયત -

قُلْ إِنَّنِي هَدَانِي رَبِّي إِلَىٰ صِرَاطٍ
مُّسْتَقِيمٍ دِينًا قِيَمًا مِّلَّةَ إِبْرَاهِيمَ
حَنِيفًا ۚ وَمَا كَانَ مِنَ الْمُشْرِكِينَ ﴿١٦١﴾

(હે રસૂલ ! તું કહે કે બેશક મને મારા પરવરદિગારે સન્માર્ગની હિદાયત કરી છે, (તે ધર્મ તરફ કે જે) સત્ય ધર્મ એક જ અલ્લાહને માનનારા ઈબ્રાહીમનો હતો, અને તે મુશરિકો માંહેનો ન હતો.) (સૂરએ અન્આમ, આયત-૧૬૧)

ના આધારે આપણા નબી(સ.)એ '<u>ઈબ્રાહીમ(અ.)ની શરીઅતને ચાલુ રાખી છે</u>' એવું કહેવું વધારે યોગ્ય છે. **- અનુવાદક**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### નખ કાપવા, મૂછો કાતરવી અને કંગી કરવા વિષે

(૩૦૧) હિશામ બિન સાલિમે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત કરી છે કે આપ (અ.)એ ફરમાવ્યું કે જુમ્આના દિવસે નખ કાપવાથી રક્તપિત્ત, ગાંડપણ, સફેદ કોઢ અને અંધાપાથી સુરક્ષિત રહેવાય છે અને જો કદાચ તેમને કાપવાની જરૂર ન પણ હોય તો તેમને થોડાક ઘસી લો.

(૩૦૨) અને બીજી હદીસમાં છે કે જો કદાચ તેને કાપવાની જરૂર ન પણ હોય તો તેના ઉપર છરી અથવા કાતર ફેરવી લો.

(૩૦૩) અને અબ્દુર્રહીમ કસીરે હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)થી રિવાયત કરી છે કે આપ(અ.)એ ફરમાવ્યું, જે માણસ જુમ્આના દિવસે પોતાના નખ કાપશે અને પોતાની મૂછો કાતરશે અને કાતરતી વખતે એવું કહેશે કે **બિસ્મિલ્લાહે વબિલ્લાહ વ અલા સુન્નતે મોહંમદિંવ વ આલે મોહંમદિન સલ્વાતુલ્લાહે અલૈહિમ** તો કાપેલો ભાગ જે નીચે પડશે અલ્લાહ તેના નામે એક બંદાને આઝાદ કરવાનો સવાબ લખશે અને તે મોતની બીમારી સિવાય બીજા કોઈ રોગમાં નહીં સપડાય.

(૩૦૪) અને એક બીજી હદીસમાં છે કે જે માણસ જુમ્આના દિવસે પોતાના નખ કાપે તો પોતાના ડાબા હાથની ટચલી આંગળીએથી શરૂ કરે અને જમણા હાથની ટચલી આંગણીએ પૂર્ણ કરે.

(૩૦૫) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે એક જુમ્આથી બીજા જુમ્આ સુધી મૂછો કાતરવાથી રક્તપિત્તથી અમાન અને સુરક્ષા (મળે) છે.

(૩૦૬) એક વખત હુસૈન બિન અબી અલ ઉલાએ હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને પૂછ્યું, જે માણસ દર જુમ્આએ પોતાની મૂછો કાતરે અને નખ કાપે તો શું સવાબ મળશે? આપ(અ.)એ ફરમાવ્યું, તે (માણસ) આ જુમ્આથી બીજા જુમ્આ સુધી સતત પાક અને તાહિર રહેશે.

(૩૦૭) રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો, તમારામાંથી કોઈ પણ પોતાની મૂછો લાંબી ન રાખે એટલા માટે કે શયતાન તેમાં પોતાની સંતાઈ રહેવાની જગ્યા બનાવી લે છે અને તેમાં છુપાયેલો રહે છે.

(૩૦૮) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ જુમ્આના દિવસે પોતાના નખ કાપશે તેની આંગળીઓ પરેશાન નહીં થાય.

(૩૦૯) વળી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જુમેરાત (ગુરૂવાર)ના દિવસે જે પોતાના બધા નખ કાપી નાખે અને જુમ્આના દિવસે (કાપવા) માટે એક નખ બાકી રાખે તો અલ્લાહ તઆલા તેનાથી નિર્ધનતાને દૂર કરશે.

(૩૧૦) એક વખત અબ્દુલ્લાહ બિન અબી યાફૂરે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ની ખિદમતમાં અરજ કરી, હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, એવું કહેવાય છે કે ફજ્રથી લઈને સૂર્ય ઉગે તે દરમિયાન તા'કીબાતની માફક રોઝી માગવા માટે બીજી કોઈ ચીજ નથી. આપ(અ.)એ ફરમાવ્યું, એ દુરસ્ત છે પરંતુ હું તમને એના કરતાંય બેહતર એક ચીજ બતાવું, તે છે જુમ્આના દિવસે

મૂછો કાતરવી અને નખ કાપવા. વળી ગુરૂવારના દિવસે નખ કાપવાથી આંખોનો દુઃખાવો દૂર થાય છે.

(૩૧૧) હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે જે માણસ ગુરૂવારના દિવસે નખ કાપશે તેનાં બાળકો કદી આંખોના દુઃખાવામાં નહીં સપડાય.

(૩૧૨) રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે જે માણસ શનિવારે અને ગુરૂવારે મૂછો કાતરશે તે દાંતના અને આંખોના દરદથી સુરક્ષિત રહેશે.

(૩૧૩) એક વખત મૂસા બિન બક્રએ હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ને અરજ કરી કે અમારા અસ્હાબો કહે છે કે મૂછો અને નખ જુમ્આના દિવસે કાપવામાં આવે છે. તો આપ(અ.)એ ફરમાવ્યું, સુબ્હાનલ્લાહ, તમે જો ઈચ્છો તો તેમને જુમ્આના દિવસે કાપો અને જો ઈચ્છો તો બધા દિવસોમાંથી કોઈ પણ દિવસે (કાપો).

(૩૧૪) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જ્યારે તે વધી જાય તો કાપી નાખો.

(૩૧૫) રસૂલલ્લાહ(સ.)એ પુરૂષો માટે ફરમાવ્યું કે તમે લોકો તમારા નખ કાપ્યા કરો અને ઓરતોના માટે ફરમાવ્યું કે તમે બધાં પોતાના નખનો અમુક ભાગ છોડ્યા કરો, તે તમારા માટે શણગારનું કારણ છે.

(૩૧૬) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે માણસ જયારે પોતાના નખ અને બાલ કાપે તો તેને દફન કરી દે. આ સુન્નત (કાર્ય) છે.

(૩૧૭) અને એક રિવાયતમાં છે કે બાલ, નખ અને લોહીને દફન કરવું સુન્નતમાં શામેલ છે.

(૩૧૮) હઝરત અબુલ હસન ઈમામ રિઝા(અ.)થી ખુદાના કોલ :

...خُذُوْا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ...

(દરેક નમાઝના સમયે પોતાનો શણગાર કર્યા કરો. સૂરએ અઅરાફ, આયત-૩૧)ના વિષે સવાલ કરવામાં આવ્યો તો આપે ફરમાવ્યું કે તેનાથી મુરાદ દરેક નમાઝના સમયે કંગી કરવી છે. (બાલ ઓળવા તે છે.)

(૩૧૯) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે માથામાં કંગી કરવાથી (કાંસકો ફેરવવાથી) વબા દૂર થઈ જાય છે અને દાઢીમાં કાંસકો ફેરવવાથી દાઢો (દાંતનાં મૂળ) મજબૂત બને છે.

(૩૨૦) હઝરત અબુલ હસન ઈમામ મૂસા બિન જાફર(અ.)એ ફરમાવ્યું કે જ્યારે તમે તમારી દાઢી અને માથામાં કંગી કરો તો કાંસકાને પોતાની છાતી ઉપર ફેરવ્યા કરો. આવું (કરવું) દિલના બોજને અને સુસ્તીને દૂર કરે છે.

(૩૨૧) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, જે માણસ પોતાની દાઢી ઉપર ૭૦ વખત કંગી કરીને તેને એક વખત શુમાર

**રંગકે ચહેરે કે રૂસ્વા હુએ બીમારે ઈશ્ક,**
**ઈશ્કકો યારો ! છૂપા નહીં સકતા ઈન્કારે ઈશ્ક. -સૌદા**

(ઈશ્કના રોગીઓ તો તેમના ચહેરાના રંગથી જ બદનામ છે. ઈશ્કની બીમારી જેને લાગી ગઈ હોય તે જાણી લે કે આ બીમારીને છૂપાવી શકાશે નહીં.)

(ગણતરી) કરે તો ૪૦ દિવસ સુધી શયતાન તેની નજીક નહીં આવે. વળી હાથીદાંતનો કાંસકો, સુરમાદાની અને તેલની બોટલ રાખવામાં પણ કંઈ વાંધો નથી.

(૩૨૨) અને હઝરત મૂસા(અ.) બિન જાફર (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે હાથીના હાડકાનો કાંસકો વાપરો તેનાથી વબા દૂર થઈ જાય છે.

(૩૨૩) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે કાંસકાનો ઉપયોગ કરવાથી જે વબા દૂર થાય છે તે તાવ છે અને અહમદ બિન અબી અબ્દુલ્લાહ બરકીની રિવાયતમાં છે કે એ(કાંસકો) વબા દૂર કરે છે અર્થાત સુસ્તી અને કમજોરી. આથી વબા શબ્દ(નો ઉપયોગ પણ) અલ્લાહ તઆલાના આ કોલમાં છે :

...وَلَا تَنِيَا فِي ذِكْرِي

(અર્થાત તમે બન્ને મારા ઝિક્રમાં સુસ્તી અને કમજોરી ન કરતા). (સૂરએ તાહા, આયત-૪૨)

(૩૨૪) હઝરત અબૂલ હસન મૂસા બિન જાફર(અ.)એ ઈરશાદ ફરમાવ્યો , ત્રણ વસ્તુઓ એવી છે કે જે એનાથી વાકેફ હશે તેને તે કદાપિ નહીં છોડે; બાલને કાપવા, કપડાંને સમેટતા રહેવાં અને કનીઝો સાથે નિકાહ કરવા.

(૩૨૫) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ કોઈ સહાબીને કહ્યું કે તમારા બાલ તેમના મૂળમાંથી કાપો તેનાથી મેલ, થાક અને તકલીફ અને ગંદકી દૂર થઈ જશે, ગરદન મોટી થશે, આંખોમાં રોશની તેજ થશે, બદનને રાહત પહોંચશે.

(૩૨૬) રસૂલલ્લાહ(સ.)એ ફરમાવ્યું કે જે માણસ બાલ રાખે તો તે તેની સારી રીતે માવજત કરે નહિતર તેને કાપી નાખે.

(૩૨૭) અને ઈમામ(અ.)એ ફરમાવ્યું કે બેહતરીન બાલ અલ્લાહના તરફથી એક સરપાવ (ભેટ) છે તેનો ઈકરામ (ઈજ્જત) કરો.

(૩૨૮) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે જે માણસ બાલ રાખે વળી તેને કાંસકાથી ન ઓળે તો અલ્લાહ તઆલા જહન્નમની કરવતથી તેને ઓળશે અને

## શબ્દ પરિચય

### શહાદત

**શહાદત** ( شہادت ) અરબી ભાષાનો શબ્દ છે. તેના મુખ્ય બે અર્થ થાય છે. (૧) સાક્ષી, સાબિતી, ગવાહી, શાહેદી, પ્રમાણ / અલ્લાહની વહદાનિયતની અને રસૂલ(સ.)ના સાચા હોવાની ગવાહી (૨) ધર્મ કે દેશ માટે કુરબાની / બલિદાન આપવું, અલ્લાહ ખાતર બલિદાન આપવું. **શહાદતગાહ** : શહીદ થવાની જગ્યા **શહાદતકદા** પણ એવો જ અર્થ બતાવે છે શહીદ થવાનું સ્થળ **શહાદતનામા** : (૧) પ્રમાણપત્ર અથવા ગવાહીપત્ર (૨) જે પુસ્તકમાં શહીદ થવાનું વર્ણન હોય તેવું પુસ્તક ખાસ કરીને ઈમામ હુસૈન(અ.)ની શહાદતનું વર્ણન **શહાદતે ઈમામ(અ.)** : હઝરત ઈમામ હુસૈન(અ.)ની શહાદત **શહાદતે મન્કૂલ / મન્કૂલા** : એવી સાક્ષી કે જે અન્ય કોઈની જુબાની પર આધારિત હોય **શહાદતે રૂયત** : પ્રત્યક્ષ સાક્ષીએ નજરે જોયેલું બયાન (જુબાની) આપવું **શહાદતે સમઈ**: સાંભળેલી સાક્ષી **શહાદતે હક્કા** : (૧) સાચી/ખરી સાક્ષી (૨) સત્ય/હક માટેનું બલિદાન. શહાદતનું દ્વિવચન થાય છે : **શહાદતૈન** - એનો અર્થ થાય બે ગવાહી, ખાસ કરીને અલ્લાહની વહદાનિયતની ગવાહી અને રસૂલે ખુદા(સ.)ની સચ્ચાઈની ગવાહી **કલ્મએ શહાદત** : ગવાહી આપતો કલમો એટલે કે **અશ્હદુ અલ્લાઈલાહા ઈલ્લલ્લાહ વ અશહદુ અન્ના મોહંમદુર્રસૂલુલ્લાહ.** મુહાવરા : **શહાદત દેના** - સાક્ષી/ગવાહી આપવી **શહાદતકી ઉંગલી** - જમણા હાથની અંગૂઠા પાસેની આંગળી.

રસૂલિલ્લાહ(સ.)ના બાલ કાનપટ્ટી સુધી રહેતા હતા એવડા (નાના) ન હતા કે ઓળી ન શકાય.

(૩૨૯) રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું, મૂછોના વાળ કાપો અને દાઢીને છોડો અને યહૂદીઓના જેવા ન બનો.

(૩૩૦) એક વખત રસૂલિલ્લાહ(સ.)એ એક માણસને જોયો કે તેની દાઢી લાંબી હતી તો આપે ફરમાવ્યું, આ માણસને શું થઈ ગયું છે, કાશ, પોતાની દાઢીની ઈસ્લાહ (સુધારણા) તો કરી લેત. જ્યારે આ ખબર તે માણસને પહોંચી તો તેણે પોતાની દાઢી મધ્યમસરની કરી દીધી. પછી નબી(સ.)ની ખિદમતમાં હાજર થયો તો આપ (સ.)એ જોયું અને ફરમાવ્યું, હાં, તમે લોકો આવું જ કરો.

(૩૩૧) રસૂલિલ્લાહ(સ.)એ ફરમાવ્યું, મજૂસી(અગ્નિપૂજક) લોકો દાઢી મુંડાવી નાખે છે અને મૂછો વધારે છે અને અમે લોકો મૂછો કતરાવીએ છીએ અને દાઢી વધારીએ છીએ અને આ ફિતરત (સ્વભાવગત બાબત) છે.

(૩૩૨) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે દાઢી અગર એક મુઠ્ઠી કરતાં વધારે હોય તો તે જહન્નમમાં જશે.

(૩૩૩) મોહંમદ બિન મુસ્લિમનું બયાન છે કે મેં હઝરત ઈમામ મોહંમદ બાકિર(અ.)ને જોયા કે હજામ આપની દાઢીને દુરસ્ત કરી રહ્યો હતો તો આપે કહ્યું કે ગોળાઈમાં કરો.

(૩૩૪) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું, તમારી દાઢીને મુઠ્ઠીમાં પકડો અને બાકીની કાપી નાખો.

**ઈસ્લામી કવીઝ નં. ૨૨૨ના જવાબો**

(૧) ઈમામ મોહંમદ તકી(અ.)એ (૨) વાદીઉસ્સલામ કબ્રસ્તાન નજફમાં (૩) હઝરત હૂદ(અ.)નો (૪) જોર્ડન (ઉર્દન) દેશમાં (૫) આબે હયાત

## નુસ્ખા

**બાળ રોગો**

(ગતાંકનું ચાલુ)

* બાળકોને ગાજરનો રસ પીવડાવવાથી દાંત નીકળવામાં સરળતા થાય છે અને દૂધ પણ સારી રીતે પચે છે.
* તુલસીના પાનનો રસ મધમાં મેળવીને પેઢા પર ઘસવાથી બાળકના દાંત તકલીફ વગર સરળતાથી આવે છે.
* બાળકોને દાંત આવે ત્યારે લીંડીપીપરનું ચૂર્ણ અથવા ફુલાવેલી ટંકણખાર મધમાં મેળવીને પેઢા પર ઘસવાથી અને ટંકણખારનું ચૂર્ણ મધમાં ચટાડવાથી સરળતાથી પીડા વગર દાંત આવે છે.
* એક શેર પાણીને ખૂબ ઉકાળીને તેમાં પાંચ તોલા કાંદાની છીણ નાખી પાણી ઠંડુ થયા બાદ ગાળી તેમાંથી એક ચમચી પાણી લઈ તેમાં પાંચ ટીપાં મધ મેળવી પાવાથી બાળક ઘસઘસાટ ઊંઘે છે. (ક્રમશઃ)

(૩૩૫) રસૂલિલ્લાહ(સ.)એ ઈરશાદ ફરમાવ્યો કે ઘડપણની શરૂઆત માથાના આગળથી થાય એ ખુશનસીબીની નિશાની છે અને માથાના પાછળના ભાગથી નહૂસત (અશુભતા) છે.


(૩૩૬) હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે જ્યારે સૌથી પહેલાં હઝરત ઈબ્રાહીમ(અ.) ઉપર ઘડપણનાં ચિહ્નો પ્રગટ થયાં ત્યારે તેમણે પોતાની દાઢી મુબારકને બમણી કરી તો તેમાં સફેદ બાલોની એક લટ નજરે પડી. આપ (અ.)એ ફરમાવ્યું, અય જિબ્રઈલ ! આ શું છે ? તેમણે કહ્યું, આ વકાર (પ્રતિષ્ઠા/મોટાઈ) છે. હઝરત ઈબ્રાહીમ(અ.)એ કહ્યું, (જો આ વકાર હોય તો) પરવરદિગાર ! મારા વકારને હજુ વધારે કરી દે. (ક્રમશઃ)

# આપણા ઘરની વાતો

**● સાબરકાંઠાના સાત ગામોમાં ઈસ્લામી જ્ઞાન વધે તે માટેનો એક નવતર પ્રયોગ :સંપૂર્ણ સફળ**

શીઆહ જાફરી મશાયખી મોમિન જમાઅતમાં ઈસ્લામી જ્ઞાન વધે તે માટે ઈસ્લામી જ્ઞાનવર્ધક લેખિત પરીક્ષાઓ, ક્વીઝ કોમ્પિટીશન જેવી સ્પર્ધાઓ અવાર નવાર જુદા જુદા સ્થળે યોજવામાં આવતી હોય છે. આ સ્પર્ધાઓમાં ઘણી જ ઓછી સંખ્યામાં મોમિન ભાઈ-બહેનો ભાગ લેતા હોય છે અને જે મોમિન ભાઈ-બહેનો ભાગ લેતા હોય છે તે કિતાબો વાંચ્યા વગર જ પરીક્ષા આપતા હોય છે, જેના લીધે પરિણામ અપેક્ષા મુજબનું આવતું નથી. આ બાબતને ધ્યાનમાં લઈને એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો.

રમઝાન માસની ૨૧મી તારીખે સાત ગામોમાં ઘેર ઘેર એક પ્રશ્નપત્ર આપવામાં આવ્યું. પ્રશ્નપત્રના જવાબો લખવા માટે ચાર દિવસની સમય મર્યાદા આપવામાં આવી હતી. રમઝાન માસની ૨૪મી તારીખે સાંજે ૫-૦૦ કલાકે જવાબવહીઓ પરત લેવામાં આવી હતી જેમાં ઘરના બધા સભ્યોએ ભેગા મળીને આપેલ પ્રશ્નપત્ર કિતાબમાંથી જવાબો શોધીને લખવાના હતા. પ્રશ્નપત્રનું માળખું જ્ઞાનગોષ્ઠિ ભાગ-૧ અને ૨ માંથી ૮૦% અને અન્ય કિતાબોમાંથી ૨૦% રાખવામાં આવ્યું હતું. ભાગ લીધેલ ગામોના નામ તથા ઘરની સંખ્યા આ મુજબ છે : **ઈલોલ તલાવ-૨૨૭, ઈલોલ પહાડીયા-૭૫, કનાઈ-૧૫૦, કિશોરગઢ-૧૪૦, પીંપોદર-૯૮, કાટવાડ-૫૧ અને સુરપુર-૧૧૭**. વધુ જણાવતાં આનંદ થાય છે કે મોમિનોએ જવાબ શોધવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા હતા. એ ચાર દિવસો દરમિયાન દરેક ગામમાં પેપરના પ્રશ્નો ચર્ચાના વિષય બની ગયા હતા. આમાં મુખ્ય વિશેષતા એ હતી કે દરેક ગામમાં પ્રથમ દસમાં આવનાર પૈકી ત્રણને ઈનામ આપવાનું હોવાથી અમુક ગામોમાં કુરઆન શરીફના પાનાના આધારે નંબર જાહેર કરવામાં આવ્યા હતા. દરેકના માર્કસની ગુપ્તતા જાળવવામાં આવી હતી.



**● શેરપુરા-મુંબઈ-જોગેશ્વરી જમાઅતનું ગૌરવ :**


શેરપુરા નિવાસી અને જોગેશ્વરી-મુંબઈ ખાતે રહેતા **ડૉ.મો.એહમદહુસૈન રહીમ મુસમજી**ની સામાજિક અને વૈદ્યકીય (તબીબી) સેવાઓને બિરદાવીને મહારાષ્ટ્ર સરકારે Special Executive Officerના હોદ્દાથી સન્માનિત કરેલ છે જે બદલ જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ---➔




**● અભિનંદન :**

કઠોર નિવાસી **મો.કનીઝફાતેમા હુસૈનમોહંમદ મોમિન** NEBOSH International certificate Exam in Safety & Health United Kingdom (U.K) માં પાસ થયાં તે બદલ જાફરી આવાઝ(માસિક) પરિવાર તરફથી હાર્દિક અભિનંદન. ---➔

● **ઈન્નાલિલ્લાહે... :**



મેતા નિવાસી **મર્હૂમ મો.હાજી દાઉદઅલી સુલેમાનભાઈ કડીવાલા** મુ.તા.૧૮, શાબાન-૧૪૩૩, તા.૯-૭-૨૦૧૨ને સોમવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. તેઓ ઈમામ હુસૈન(અ.)ની અઝાદારીમાં મશગૂલ રહેતા હતા. ---➜



←--- બાદરપુર નિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ રસુલભાઈ દાદાવાળા** મુ.તા.૭, માહે રમઝાન-૧૪૩૩, તા.૨૮-૭-૨૦૧૨ને શનિવારના રોજ ૬૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે શાંત, ભોળા અને મોહર્રમમાં ઈમામ હુસૈન(અ.)ની અઝાદારીમાં શામેલ થતા હતા.



બાદરપુર નિવાસી **મર્હૂમા મો.ઝયનબબેન ગુલામહુસૈન કામાદાર** મુ.તા.૮, રમઝાન-૧૪૩૩, તા.૨૯-૭-૨૦૧૨ને રવિવારના રોજ ૫૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે દયાળુ, મિલનસાર અને અત્યંત સહનશીલ હતાં. તેઓ આશિક હુસૈન(અ.) હતાં. ---➜

કેસીમ્પા નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ હાસમભાઈ મુખી** મુ.તા.૯, રમઝાન-૧૪૩૩, તા.૩૦-૭-૨૦૧૨ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**શું તમે આ જાફરી આવાઝ વાંચ્યું ?**

## લ્યો ત્યારે, આપો આના જવાબ.

**સંપાદક : મો.અકબરઅલી અબ્બાસભાઈ મસી (ઈલોલ તલાવ)**

(૧) ઈમામ હસન(અ.)એ કેટલી વખત પગપાળા હજ કરી હતી ?

(૨) **'કત્એ રહમ'**નો અર્થ શું થાય ?

(૩) રિઝ્ક (રોજી) વધારવા માટે ખુદાએ આપણા ઉપર શું આપવાનું વાજિબ કરેલ છે ?

(૪) **'વજહુલ્લાહ'**નો અર્થ શું થાય ?

(૫) કઈ મસ્જિદમાં નમાઝ પઢવાથી ઉમ્રહ કરવાનો સવાબ મળે છે ?

(૬) જંગે બદ્રમાં હઝરત હમ્ઝા(રઝી.અ.)એ કયા દુશ્મનને કતલ કર્યો હતો ?

(૭) ઈમામ હસન મુજતબા(અ.)ને કોણે ઝેર આપ્યું હતું ?

(૮) હઝરત આદમ(અ.)ના કેટલા વર્ષ પહેલાં પંજેતન પાક(અ.)નું સર્જન કરવામાં આવ્યું હતું?

(૯) **'અલી'** શબ્દનું બહુવચન શું થાય ?

(૧૦) રસૂલ(સ.)ના ખાનદાનમાંથી કયા શહીદને બે પાંખો મળી છે કે જેના વડે તે જન્નતમાં ઉડે છે?

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

**રૂા.૨૫૦૦/- મો.મર્હૂમ હાજી દાઉદભાઈ સુલેમાનભાઈ કડીવાલા(મેતા)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૧/- મો.એહસાનઅલી સખાવતઅલી મોમિન તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

**રૂા.૧૦૦૦/- મો.અબ્બાસઅલી સુલેમાનભાઈ તથા તેમનાં મહોરદાર મો.ઝુબેદાબેન અબ્બાસઅલી તરફથી તેઓ ઝિયારત કરીને સુખરૂપ વતન પરત આવ્યા તેની ખુશાલી પ્રસંગે.**

રૂા.૧૦૧/- મો.કમાલભાઈ ફતેહભાઈ મોમિન(વડતાલ)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.કમાલભાઈ ફતેહભાઈ મોમિન (વડતાલ)તરફથી જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૧/- મો.કમાલભાઈ તથા તેમનાં મહોરદાર મો.ઝયનબબેન ઉમ્રહ ઝિયારત કરીને વતન સુખરૂપ પાછા આવ્યાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો.મર્હૂમ ફતેહભાઈ મેમનજીભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.મર્હૂમા નાથુબેન ફતેહભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧/- મો.નૂરમહંમદ ફતેહભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૧૧/- મો.ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી મુખી(વસો)તરફથી તેઓ એસ.ટી. ખાતાના ઓફિસર કર્મચારીની નોકરીમાંથી નિવૃત્ત થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ હાજી ગુલામઅલી(વસો)તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦/- મો.મહંમદયૂસુફ એન. સાવદી (જુહાપુરા)તરફથી તેમના પુત્રો પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.હસનઅલી હૈદરઅલી નુરભાણેજ તરફથી તેઓ ફાર્મસીમાં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.કનીઝફાતેમા હુસૈનમોહંમદ મોમિન(કઠોર) તરફથી તેઓ NEBOSH International certificate Exam in Safety & Health United Kingdom (U.K) માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.બતૂલફાતેમા સુલેમાનભાઈ ચૌધરી(ભાંગરોડીયા-ઈમાનપુરા)તરફથી તેઓ T.Y.B.Sc.માં પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.ડૉ.અહમદહુસૈન રહીમભાઈ મુસમજી(શેરપુરા-મુંબઈ)તરફથી જાફરી આવાઝ (માસિક)ને ઉત્તેજન અર્થે.

**મર્હૂમા મો.ઝયનબબેન ગુલામહુસૈન કામાદાર(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી મળેલ ડોનેશન.**

રૂા.૫૦૧/- મો.ગુલામહુસૈન સુલેમાનભાઈ કામાદાર
રૂા.૧૦૧/- મો.અકબરઅલી ગુલામહુસૈન કામાદાર
રૂા.૧૦૧/- મો.આબિદઅલી ગુલામહુસૈન કામાદાર
રૂા.૧૦૧/- મો.કાસમઅલી ગુલામહુસૈન કામાદાર
રૂા.૫૧/- મો.તાહેરાબેન અકબરઅલી કામાદાર
રૂા.૫૧/- મો.નજમાબેન આબિદઅલી કામાદાર
રૂા.૫૧/- મો.હબીબાબાનુ કાસમઅલી કામાદાર
રૂા.૨૧/- મો.અબ્બાસઅલી અકબરઅલી કામાદાર
રૂા.૨૧/- મો.એહસાનઅલી અકબરઅલી કામાદાર
રૂા.૨૧/- મો.મોહસિનહુસૈન આબિદઅલી કામાદાર
રૂા.૨૧/- મો.સાકેરાફાતેમા આબિદઅલી કામાદાર
રૂા.૨૧/- મો.મોહિબહુસૈન કાસમઅલી કામાદાર

રૂા.૨૧/- મો.હૈદરઅબ્બાસ કાસમઅલી કામાદાર
રૂા.૧૦૧/- મો.ખાદિમહુસૈન કાસમભાઈ ધાન્ધારીયા
રૂા.૧૦૧/- મો.આબેદાબેન ખાદિમહુસૈન ધાન્ધારીયા
રૂા.૫૧/- મો.અબ્બાસભાઈ સુલેમાનભાઈ કામાદાર
રૂા.૫૧/- મો.હસનઅલી અબ્બાસભાઈ કામાદાર
રૂા.૫૧/- મો.નાસિરઅલી અબ્બાસભાઈ કામાદાર
રૂા.૫૧/- મો.સાકેરાબેન હસનઅલી કામાદાર
રૂા.૫૧/- મો.આબેદાબેન નાસિરઅલી કામાદાર
રૂા.૫૧/- મો.કુલસુમબેન અબ્બાસભાઈ કામાદાર
રૂા.૨૧/- મો.અબ્બાસઅલી હસનઅલી કામાદાર
રૂા.૨૧/- મો.ઝયનબફાતમા હસનઅલી કામાદાર
રૂા.૫૧/- મો.મહંમદભાઈ અલજીભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.સકીનાબેન મહંમદભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.મોહસિનહુસૈન મહંમદભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.નફીસાબાનુ મહંમદભાઈ ધરખડ
રૂા.૫૧/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ ભંડારી
રૂા.૫૧/- મો.હસનઅલી ઈસ્માઈલભાઈ ભંડારી

**મર્હૂમ મો.સુલેમાનભાઈ રસુલભાઈ દાદાવાળા(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૧/- મો.મર્હૂમ સુલેમાનભાઈ રસુલભાઈ દાદાવાળાના પરિવાર તરફથી
રૂા.૧૦૧/- મો.શબ્બીરઅલી કરીમદભાઈ દાદાવાળા
રૂા.૧૦૧/- મો.ગુલામનબી કરીમદભાઈ દાદાવાળા
રૂા.૧૦૧/- મો.ઈસ્માઈલભાઈ રસુલભાઈ દાસદીયા

**મર્હૂમ મો.રહીમભાઈ હાસમભાઈ મુખી (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૫૧/- મો.વાલીબેન હાસમભાઈ મુખી
રૂા.૧૨૧/- મો.ગુલામઅલી હાસમભાઈ મુખી
રૂા.૧૦૧/- મો.હુસૈનાબાનુ ગુલામઅલી મુખી
રૂા.૨૧/- મો.કનીઝઝેહરા ગુલામઅલી મુખી
રૂા.૨૧/- મો.ખૈરૂન્નિસા ગુલામઅલી મુખી
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા ગુલામઅલી મુખી
રૂા.૨૧/- મો.રહેમતફાતેમા ગુલામઅલી મુખી
રૂા.૨૧/- મો.એહમદઅબ્બાસ ગુલામઅલી મુખી
રૂા.૧૫૧/- મો.મરયમબાનુ રહીમભાઈ મુખી
રૂા.૧૫૧/- મો.આબિદઅલી રહીમભાઈ મુખી
રૂા.૧૨૧/- મો.સકીનાબાનુ આબિદઅલી મુખી
રૂા.૨૧/- મો.સાકેરાબાનુ આબિદઅલી મુખી
રૂા.૨૧/- મો.મેઅરાજફાતેમા આબિદઅલી મુખી
રૂા.૨૧/- મો.શબ્બીરઅલી આબિદઅલી મુખી
રૂા.૨૧/- મો.અકબરઅલી આબિદઅલી મુખી
રૂા.૧૦૧/- મો.ઝેહરાબાનુ રહીમભાઈ મુખી
રૂા.૧૫૧/- મો.એહમદઅલી રહીમભાઈ મુખી
રૂા.૧૨૧/- મો.કુલસુમબાનુ અહમદભાઈ મુખી
રૂા.૨૧/- મો.કનીઝઝેહરા અહમદભાઈ મુખી
રૂા.૨૧/- મો.અઝમતફાતેમા અહમદભાઈ મુખી
રૂા.૨૧/- મો.મહેમૂદહુસૈન અહમદભાઈ મુખી
રૂા.૨૧/- મો.હસનઅબ્બાસ અહમદભાઈ મુખી
રૂા.૧૦૧/- મો.ઝયનબબાનુ રહીમભાઈ મુખી
રૂા.૨૧/- મો.સિરાજએહમદ ઈમદાદઅલી નાગલપરા
રૂા.૧૬૬/- મો.સાબેરાબાનુ ગુલામભાઈ શેરસીયા
રૂા.૨૧/- મો.સાકેરાબાનુ ગુલામભાઈ શેરસીયા
રૂા.૨૧/- મો.મહેદીહસન ગુલામભાઈ શેરસીયા
રૂા.૨૧/- મો.તાહેરાફાતેમા ગુલામભાઈ શેરસીયા
રૂા.૫૧/- મો.સકીનાબાનુ સુલેમાનભાઈ સાઠીયા
રૂા.૫૧/- મો.સુગરાબાનુ અબ્દુલભાઈ બાલીસણા
રૂા.૫૧/- મો.હાજરાબાનુ હૈદરભાઈ ધારાવાડા
રૂા.૫૧/- મો.અમીનાબાનુ શબ્બીરભાઈ નાગલપરા
રૂા.૫૧/- મો.હાસમભાઈ અલજીભાઈ બાલીસણા
રૂા.૫૧/- મો.રહીમભાઈ અલજીભાઈ બાલીસણા
રૂા.૫૧/- મો.અબ્દુલભાઈ અલજીભાઈ બાલીસણા
રૂા.૫૧/- મો.કમરઅલી અલજીભાઈ બાલીસણા

રૂા.૫૦૦/- મો.અહમદહુસૈન અકબરઅલી અઘારીયા(સુરત) તરફથી તેમની દીકરી ઝયનબફાતેમા એસ.એસ.સી.માં ૯૨% ગુણ મેળવી ઉત્તીર્ણ થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- મો.હુસૈન યંગ કમિટી (સેવાલણી) તરફથી બાવા સાહેબની પધરામણીની ખુશાલી પ્રસંગે.


રૂા.૧૧૦/- મો.વજીરભાઈ હબીબભાઈ ચરાવાળા(મોલીપુર)તરફથી નાસેરાફાતેમા કાસમભાઈ ચરાવાળા તથા અકીલાફાતેમા નજરઅલી મસીના જન્મની ખુશાલી પ્રસંગે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**રબ્બે ઝિદ્‌ની ઈલ્મા વર્ઝુકની ફહ્‌મા.** رَبِّ زِدۡنِیۡ عِلۡماً وَارۡزُقۡنِیۡ فَهۡماً

**અર્થ : અય મારા પાલનહાર ! મારું ઈલ્મ વધાર અને મને સમજદારીની રોઝી આપ.**


**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**જાફરી આવાઝ**

વર્ષ : ૩૨ ❖ અંક : ૧ ❖ ૧૦, સપ્ટેમ્બર-૨૦૧૨

૨૨, શવ્વાલ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૭૩

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ ✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી મો.૯૮૨૫૪૯૭૧૭૮

અનવરઅલી એચ. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)

મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com

Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)


## લેખ સૂચિ


| | |
|---|---|
| ❋ ઊઘડતે પાને | ૦૧ |
| ❋ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❋ અહાદીસ | ૦૭ |
| ❋ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૦૯ |
| ❋ ગડમથલ | ૧૨ |
| ❋ અલ્લાહની પહેચાન | ૧૩ |
| ❋ હિજાબ | ૨૩ |
| ❋ નહજુલ અસરાર | ૨૭ |
| ❋ અલ ઈર્શાદ | ૩૧ |
| ❋ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૫ |
| ❋ નબવી અદાલત | ૩૭ |
| ❋ સૂરએ કહફની તફસીર | ૩૯ |
| ❋ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૪૬ |
| ❋ જાફરી પંચાંગ | ૪૮ |
| ❋ મશાયખવાણી | ૪૯ |
| ❋ શહીદે આઝમ : હઝરત ઈમામ હુસૈન(અ.) | ૫૨ |
| ❋ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૫૫ |
| ❋ જ્ઞાનગોષ્ઠિ | ૫૭ |
| ❋ આપણા ઘરની વાતો | ૬૧ |
| ❋ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૬૩ |


## ઊઘડતે પાને...

હઝરત ઉમર(રઝી.) રાવી છે :

'અમે બધા રસૂલે કરીમ(સ.)ની પાસે બેઠેલા હતા તેવામાં અચાનક એક માણસ નજરે પડ્યો કે જેણે ખૂબ જ સફેદ પોષાક પહેરેલો હતો અને તેના વાળ બેહદ કાળા હતા. તે ન તો મુસાફર જેવો લાગતો હતો કે ન તે અમારામાંથી હતો. તે આવ્યો અને રસૂલે કરીમ(સ.) તરફ આગળ વધ્યો અને પોતાના ઘૂંટણોને રસૂલે કરીમ(સ.)ના ઘૂંટણો સાથે

મિલાવીને અને હાથને હઝરત(સ.)ના બન્ને સાથળો ઉપર મૂકીને બેસી ગયો અને કહેવા લાગ્યો,

'અય મોહંમદ ! ઈસ્લામની તા'રીફ કરો.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'ઈસ્લામ એ છે કે તમે અલ્લાહની વહદાનિયત, મોહંમદ(સ.)ની રિસાલતની ગવાહી આપો અને નમાઝ પઢો, ઝકાત આપો, રોઝા રાખો અને શક્તિ હોય તો હજ કરો.'

નવ આગંતુકે કહ્યું,

'આપે સાચું ફરમાવ્યું,'

(હઝરત ઉમર(રઝી.) કહે છે કે મને તેના પૂછવા ઉપર અને પછી તસ્દીક (સમર્થન) કરવા ઉપર ખૂબ જ નવાઈ લાગી.)

નવ આગંતુક બોલ્યો,

'સારું, ઈમાનની જરા સ્પષ્ટતા કરો.'

રસૂલે કરીમ(સ.)એ કહ્યું,

'ઈમાન એ બાબત છે કે તમે અલ્લાહ અને તેના મલાએકા અને તેની પવિત્ર કિતાબો, તેના સન્માનનીય રસૂલો અને આખેરતના દિવસ ઉપર ભરોસો અને યકીન રાખો અને પ્રગટ રીતે સારી અને ખરાબ બાબતોનો સર્જનહાર તેને સમજો.'

નવ આગંતુકે કહ્યું,

'આપે સાચું ફરમાવ્યું. સારું ત્યારે હવે એહસાનની સ્પષ્ટતા કરો.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'એહસાન તો એ છે કે તમે અલ્લાહની ઈબાદત એવી રીતે કરો કે તમે તેને જોઈ રહ્યા હો નહિતર એવો ખયાલ કરો કે તે તમને જોઈ રહ્યો છે.'

નવ આગંતુકે કહ્યું,

'સારું, હવે એ બતાવો કે કયામત ક્યારે આવશે?'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'જેને આ વાત પૂછવામાં આવી રહી છે તે પૂછવાવાળા(ને કહેવું) જાએઝ નથી સમજતો.'

નવ આગંતુકે કહ્યું,

'તો પછી તેની નિશાનીઓ ઈરશાદ ફરમાવો.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'જયારે લોંડી (ગુલામડી) પોતાના આકાને જન્મ આપવા માંડે અને જ્યારે તમે એવું જુઓ કે ફકીર તંગદસ્ત બન્યા છે, માથું અને પગ ઊઘાડા હોય તેવા બકરીઓના ચરાવવાવાળા મજબૂત ઈમારતોમાં રહેવા લાગ્યા છે, તો સમજી લેજો કે કયામત આવવાની છે.'

હઝરત ઉમર(રઝી.) કહે છે,

'પછી તે ચાલ્યો ગયો અને મને હઝરત(સ.)એ ફરમાવ્યું,'

'તમે જાણો છો ખરા કે આ સવાલ કરનારો કોણ હતો ?'

મેં અરજ કરી,

'અલ્લાહ અને તેનો રસૂલ(સ.) બેહતર જાણે છે.'

આપે ફરમાવ્યું,

'એ જિબ્રઈલ હતા અને તમને તમારા દીનની બાબતે સબક આપવા માટે આવ્યા હતા.

*

અબુબકર બિન અબી શયબા નાકિલ છે :

એક વખત આં હઝરત(સ.) આમ જનતા વચ્ચે નીકળી આવ્યા. એ વખતે એક માણસ આવ્યો અને તેણે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! ઈમાનની તા'રીફ ફરમાવો.'

હઝરત(સ.)એ ફરમાવ્યું,

'ઈમાન એ છે કે તમે અલ્લાહ, મલાએકા અને ખુદાની કિતાબનો સ્વીકાર કરી લો. તેની મુલાકાત અને તેના રસૂલોની રિસાલત પર ભરોસો રાખો, હશ્ર અને નશ્રના (કયામતના અને

કબરમાંથી ફરી ઉઠવાના) દિવસ ઉપર યકીન રાખો.'

ફરીથી સવાલ કરનારે પૂછ્યું,

'સારું, (એ બતાવો કે) ઈસ્લામ શું છે ?'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તે એ છે કે તમે અલ્લાહની ઈબાદત કરો. કોઈને તેનો શરીક (ભાગીદાર) ન બનાવો, નમાઝ પઢો, ઝકાત આપો, માહે રમઝાનના રોઝા રાખો.'

સવાલ પૂછનારે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! એહસાનની તફસીર (વિગતવાર) ફરમાવો.'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'એહસાન એ છે કે તમે અલ્લાહની ઈબાદત એવી રીતે કરો કે જેવી રીતે તમે તેને જોઈ રહ્યા હો. નહિતર એવો તો ચોક્કસ ખયાલ રાખો કે તે તમને જોઈ રહ્યો છે.'

સવાલ પૂછનારે કહ્યું,

'યા રસૂલિલ્લાહ ! કયામત ક્યારે આવશે?'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'હું આ બાબતમાં સવાલ પૂછનારના કરતાં વધારે વાકેફ નથી. પરંતુ તેની નિશાનીઓ ચોક્કસ બતાવી શકું છું. જ્યારે લોંડી (દાસી) પોતાના આકાને જન્મ આપવા લાગે અને ઊઘાડા માથાવાળા અને ઊઘાડા પગવાળા લોકો માણસોના હાકિમ થઈ જાય અને ગોવાળિયા પાકી ઈમારતોમાં રહેવા લાગે તો યકીન કરી લેજો કે કયામત નજીકમાં જ છે.'

*

અમ્ર બિન મોહંમદ કહે છે :

એક દિવસ રસૂલે કરીમ(સ.)એ દરેક પ્રકારના સવાલો પૂછવાની મનાઈ કરી દીધી પરંતુ મને ખૂબ નવાઈ લાગી કે જ્યારે અમે જોયું તો એક બદવી(બદ્દુ) આં હઝરત(સ.)ની ખિદમતમાં આવ્યો અને રસૂલે કરીમ(સ.)થી સવાલો કરવા

**જાફરી આવાઝ(માસિક)નો ૩૨મા વર્ષમાં પ્રવેશ**

લાગ્યો. તેણે (આવતાંની સાથે જ) પૂછ્યું,

'અય મોહંમદ ! આપનો સંદેશવાહક અમને મળ્યો. તેણે અમને એવું બતાવવાની કોશિશ કરી કે આપનો એવો ખયાલ છે કે આપ અલ્લાહના રસૂલ છો ?'

રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'તેણે સાચું કહ્યું છે.'

બદવી કહેવા લાગ્યો,

'એ બતાવો કે આસમાનનો ખાલિક કોણ છે?'

રસૂલ(સ.)એ કહ્યું,

'અલ્લાહ છે.'

બદવીએ પૂછ્યું,

'જમીનનો ખાલિક કોણ ?'

રસૂલ(સ.)એ જવાબ આપ્યો,

'અલ્લાહ.'

બદવી બોલ્યો,

'આ પહાડોને કોણે કાયમ કર્યા?'

રસૂલ(સ.)એ જવાબમાં કહ્યું,

'અલ્લાહે.'

બદવીએ પૂછ્યું,

'તો એ ખુદાની કસમ કે જેણે આસમાનને ખલ્ક કર્યું, જમીનને બિછાવી અને પહાડોને નસ્બ કર્યા, આપ બતાવો કે શું અલ્લાહે જ આપને રસૂલ બનાવ્યા છે ?'

રસૂલે કરીમ(સ.)એ કહ્યું,

'હા.'

બદવીએ પૂછ્યું,

'આપનો સંદેશવાહક તો એવું કહે છે કે અમારા ઉપર દિવસ-રાતની પંજગાના નમાઝો ફર્ઝ છે. શું આ વાત સાચી છે ?'

રસૂલ(સ.)એ જવાબ આપ્યો,

'હા. એણે સાચું કહ્યું છે.'

બદવી બોલ્યો,

'એની કસમ કે જેણે આપને રસૂલ બનાવ્યા છે, શું અલ્લાહે જ આ બાબતનો હુકમ આપ્યો છે?'

રસૂલ(સ.)એ કહ્યું,

'હા.'

બદવીએ કહ્યું,

'આપનો સંદેશવાહક તો એવું કહે છે કે માલમાંથી ઝકાત કાઢવી જોઈએ.'

રસૂલ(સ.)એ કહ્યું,

'તેણે બરાબર કહ્યું છે.'

બદવી કહેવા લાગ્યો,

'આપના સંદેશવાહકનું તો એવું પણ કહેવું છે કે અમારા ઉપર આખા વર્ષમાં એક મહિનાના રોઝા વાજિબ છે ?'

રસૂલે કરીમ(સ.)એ કહ્યું,

'તેણે યોગ્ય જ કહ્યું છે.'

બદવી બોલ્યો,

'એખુદાની કસમ કે જેણે આપને રસૂલ બનાવ્યા, શું આનો હુકમ પણ અલ્લાહે જ આપ્યો છે?'

રસૂલ(સ.)એ કહ્યું,

'હા.'

બદવી કહેવા લાગ્યો,

'આપનો સંદેશવાહક તો એવું કહેતો હતો કે જો શક્તિ હોય તો હજ પણ કરવી જોઈએ.'

રસૂલ(સ.)એ કહ્યું,

'તે સાચું કહેતો હતો.'

(આ સાંભળીને) તે એઅરાબી એવું કહેતો કહેતો પાછો ચાલ્યો ગયો કે એ ખુદાની કસમ કે જેણે આપને મબઊસ કર્યા છે, હું આ બાબતોમાં ન તો કંઈ વધારો કરીશ કે ન કંઈ ઘટાડો.

એ વખતે રસૂલે કરીમ(સ.)એ ફરમાવ્યું,

'આ માણસ જો ખરેખર સાચા દિલથી કહી રહ્યો હોય તો તે ચોક્કસ જન્નતમાં જશે.' ✻

## મસ્જિદે જુમ્આ

મસ્જિદે કુબાની ઉત્તર દિશામાં આશરે ૯૦૦ મિટરના અંતરે આ મસ્જિદ આવેલી છે. આ મસ્જિદનું નામ મસ્જિદે જુમ્આ એટલા માટે પડ્યું છે કે હુઝૂર (સ.)એ મદીના શરીફ પહોંચ્યા પછી સૌથી પહેલો જુમ્આ આ જગ્યાએ અદા ફરમાવ્યો હતો. તેનું સમારકામ ઘણી વખત થયું છે. છેલ્લું બાંધકામ હિજરી સન-૧૪૧૨માં ઈ.સ.૧૯૯૧માં પૂર્ણ થયું હતું. આ મસ્જિદમાં પુરૂષો માટે તેમજ સ્ત્રીઓ માટે નમાઝ પઢવાની અલગ અલગ વ્યવસ્થા છે. છત ઉપર સુંદર સફેદ ગુંબજ છે જેની ઊંચાઈ બાર મિટર છે. તે ગુંબજની બાજુમાં જ નાના નાના ગુંબજો છે. મસ્જિદની ઉત્તર દિશામાં એક ઊંચો મીનારો પણ બનાવવામાં આવ્યો છે જેની ઊંચાઈ ૨૫ મીટર છે. મસ્જિદની કુલ પહોળાઈ ૧૬૩૦ મીટર જેટલી છે. (જુઓ ટાઈટલ-૧)

## મસ્જિદે કુબા

મસ્જિદે કુબા એવી પહેલી મસ્જિદ છે કે જેનું બાંધકામ ઈસ્લામના જમાનામાં થયું હતું, કે જ્યારે હઝરત રસૂલે ખુદા(સ.) મક્કા મુકર્રમાથી હિજરત કરીને આ જગ્યાએ કે જ્યાં કુબા નામનું એક ગામડું હતું ત્યાં આવી પહોંચ્યા અને રોકાયા. તો આપ(સ.)એ આ જગ્યાએ મસ્જિદ બાંધવા માટેની જગ્યા નક્કી કરી અને તેના બાંધકામમાં પોતે પણ ફાળો આપ્યો. મદીનામાં સ્થિર થયા પછી આપ(સ.) અવારનવાર અહીં તશરીફ લાવતા હતા અને મસ્જિદમાં નમાઝ પઢતા હતા, ખાસ કરીને અઠવાડિયામાં એક દિવસે તશરીફ લાવવાનો આપનો નિત્યક્રમ હતો. જે માણસે પાકોપાકીઝા બનીને (એટલે કે ગુસલ કે વુઝૂ કરીને) આ મસ્જિદમાં આવીને નમાઝ પઢી તો તેને એક ઉમ્રહનો સવાબ મળશે. મસ્જિદે કુબાની આવી ફઝીલત હોઈને દરેક જમાનામાં મુસલમાનો આ મસ્જિદ તરફ ધ્યાન આપે છે અને અહીં નમાઝ પઢે છે. તેથી જ તો આ મસ્જિદની હિફાઝત કરવાની અને તેને સગવડો સાથે વિસ્તૃત કરવામાં આવેલ છે. મસ્જિદના ચારેય ખૂણાઓ ઉપર ચાર મીનારા અને ગુંબજ બનાવવામાં આવેલ છે. આમ રસૂલ(સ.)એ જે સૌ પ્રથમ મસ્જિદનો પાયો નાખ્યો તે છે મસ્જિદે કુબા અને ત્યાર પછી બીજા ક્રમે મસ્જિદે નબવી આવે છે. (જુઓ ટાઈટલ-૪)

# કુરઆન શિક્ષણ

અઝ
આકાએ નામદાર
પીર સૈયદ મોહંમદ
મુશાહિદહુસૈન
જાફરી(મદે.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَيَقُوْلُ الَّذِيْنَ كَفَرُوْا لَسْتَ مُرْسَلًا ؕ قُلْ كَفٰى بِاللّٰهِ شَهِيْدًا بَيْنِيْ وَبَيْنَكُمْ ۙ وَمَنْ عِنْدَهٗ عِلْمُ الْكِتٰبِ ﴿٤٣﴾

● અને જે લોકો ઈમાન નથી લાવ્યા તેઓ કહે છે કે તું કોઈના તરફથી મોકલવામાં આવેલો નથી. (પણ) તું કહે કે મારી અને તમારી વચ્ચે સાક્ષી આપનાર (એક તો) અલ્લાહ પૂરતો છે અને (બીજો) તે છે કે જેની પાસે આ કિતાબ (કુરાન)નું સંપૂર્ણ જ્ઞાન છે. (પારો-૧૩, સૂરએ રઅદ, આયત-૪૩)

---

وَمَاۤ اَرْسَلْنَا مِنْ رَّسُوْلٍ اِلَّا بِلِسَانِ قَوْمِهٖ لِيُبَيِّنَ لَهُمْ ؕ فَيُضِلُّ اللّٰهُ مَنْ يَّشَآءُ وَيَهْدِيْ مَنْ يَّشَآءُ ؕ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿٤﴾

● અને અમોએ કોઈ (કોમમાં કોઈ) રસૂલ નથી મોકલ્યો પણ તેની કોમની ભાષામાં જ (વાતો કરનાર) મોકલ્યો છે કે જેથી તે તેમને ભાવાર્થ સપષ્ટ કરીને સમજાવી શકે; પછી અલ્લાહ જેનાથી ચાહે હિદાયતની તૌફીક ખૂંચવી લે છે અને જેને ચાહે હિદાયત અર્પણ કરે છે, અને તે ઝબરદસ્ત હિકમતવાળો છે.
(પારો-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત-૪)

---

وَاِذْ قَالَ رَبُّكَ لِلْمَلٰٓئِكَةِ اِنِّيْ خَالِقٌۢ بَشَرًا مِّنْ صَلْصَالٍ مِّنْ حَمَاٍ مَّسْنُوْنٍ ﴿٢٨﴾

● અને (તે સમયને યાદ કર) જ્યારે કે તારા પરવરદિગારે સઘળા ફરિશ્તાઓને કહ્યું કે નિઃસંશય હું એક મનુષ્ય ખણખણ કરતા કાળા સડેલા કીચડમાંથી પેદા કરનાર છું.
(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૨૮)

---

فَاِذَا سَوَّيْتُهٗ وَنَفَخْتُ فِيْهِ مِنْ رُّوْحِيْ فَقَعُوْا لَهٗ سٰجِدِيْنَ ﴿٢٩﴾

● પછી જ્યારે હું તેને પૂરેપૂરો બનાવી ચૂકું અને મારી (રૂહમાંથી) તેમાં રૂહ ફૂંકી દઉં તો તમે તેની સામે સિજદામાં પડી જજો.
(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૨૯)

---

فَسَجَدَ الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ اَجْمَعُوْنَ ۙ ﴿٣٠﴾

● જેથી (સર્વે) ફરિશ્તાઓએ તો સિજદો કર્યો:
(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૦)

---

اِلَّاۤ اِبْلِيْسَ ؕ اَبٰٓى اَنْ يَّكُوْنَ مَعَ السّٰجِدِيْنَ ﴿٣١﴾

● (પણ) ન કર્યો તો (તે) માત્ર શેતાને; તેણે સિજદો કરનારાઓને સાથ આપવાનો ઈન્કાર કર્યો.
(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૧)

قَالَ يَـٰٓإِبْلِيسُ مَا لَكَ أَلَّا تَكُونَ مَعَ
السَّـٰجِدِينَ ۝٣٢

● (આથી અલ્લાહે) ફરમાવ્યું કે હે ઈબ્લીસ ! તને શું થઈ ગયું છે કે તું સિજદો કરનારાઓનો સાથ નથી આપતો ?

(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૨)

---

قَالَ لَمْ أَكُن لِّأَسْجُدَ لِبَشَرٍ خَلَقْتَهُۥ
مِن صَلْصَـٰلٍ مِّنْ حَمَإٍ مَّسْنُونٍ ۝٣٣

● તેણે કહ્યું કે હું એવો નથી કે (એક) એવા માણસને સિજદો કરું કે જેને તેં ખણખણ કરતા કાળા કીચડમાંથી પેદા કર્યો છે.

(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૩)

---

قَالَ فَاخْرُجْ مِنْهَا فَإِنَّكَ رَجِيمٌ ۝٣٤

● (અલ્લાહે) ફરમાવ્યું કે ત્યારે તું આ સ્થળેથી નીકળી જા, કારણ કે બેશક તું (અમારી) દરગાહથી હાંકી કાઢવામાં આવેલો છે.

(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૪)

---

وَإِنَّ عَلَيْكَ اللَّعْنَةَ إِلَىٰ يَوْمِ الدِّينِ ۝٣٥

● અને નિઃસંશય ફેંસલા (કયામત)ના દિવસ પર્યંત તારા ઉપર લા'નત થતી રહેશે.

(પારો-૧૪, સૂરએ હિજ્ર, આયત-૩૫)

---

وَيَوْمَ نَبْعَثُ مِن كُلِّ أُمَّةٍ شَهِيدًا ثُمَّ لَا
يُؤْذَنُ لِلَّذِينَ كَفَرُوا وَلَا هُمْ
يُسْتَعْتَبُونَ ۝٨٤

● અને જે દિવસે દરેક ઉમ્મતમાંથી અમે એકેકો સાક્ષી ઊભો કરીશું ત્યારે જેઓ ઈમાન લાવ્યા ન હશે તેમને ન તો કાંઈ (બોલવાની) પરવાનગી આપવામાં આવશે અને ન તેમને માફી માગવાની તક આપવામાં આવશે. (પારો-૧૪, સૂરએ નહલ, આયત-૮૪)

---

وَقُل رَّبِّ أَدْخِلْنِي مُدْخَلَ صِدْقٍ
وَأَخْرِجْنِي مُخْرَجَ صِدْقٍ وَاجْعَل لِّي
مِن لَّدُنكَ سُلْطَـٰنًا نَّصِيرًا ۝٨٠

● અને આ અરજ કર્યા કર કે હે મારા પરવરદિગાર ! મારો પ્રવેશ સત્યમય કર અને મારું નીકળવું પણ સત્યમય થાય (એમ) કર અને મારા માટે તારા તરફથી મદદ આપનારી શક્તિ આપ.

(પારો-૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત-૮૦)

---

يَـٰزَكَرِيَّآ إِنَّا نُبَشِّرُكَ بِغُلَـٰمٍ اسْمُهُۥ
يَحْيَىٰ لَمْ نَجْعَل لَّهُۥ مِن قَبْلُ سَمِيًّا ۝٧

● (જવાબ મળ્યો કે) હે ઝકરીયા ! અમે ખાત્રી-પૂર્વક તને એક એવા પુત્રની ખુશખબરી આપીએ છીએ કે જેનું નામ યહ્યા હશે (અને) એ નામનો (તેની) અગાઉ અમોએ કોઈ નથી બનાવ્યો.

(પારો-૧૬, સૂરએ મરિયમ, આયત-૭)

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ** મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક), આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર. મો.૯૯૨૫૭૩૦૧૦૭



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅહેમદ ઝેડ. જાફરી

કિતાબ
ઈર્શાદાતે
રસૂલ(સ.)

## ૧૪ અહલેબૈત વિષે ફરમાવ્યું

(ગતાંકનું ચાલુ)

(૧૬૮) (ખૈબરના જંગમાં ફરમાવ્યું), કાલે હું અલમ એક એવા બંદાને આપીશ કે જે અલ્લાહ અને રસૂલ સાથે મોહબ્બત રાખે છે અને અલ્લાહ અને તેના રસૂલ(સ.) પણ તેની સાથે મોહબ્બત રાખે છે અને અલ્લાહ તેના હાથ પર ફતેહ આપશે. તેથી અલમ રસૂલ(સ.)એ અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ને સોંપી દીધો.

*(તેહઝીબુલ તેહઝીબ ઈબ્ને હજર, જિલ્દ-૭, સફા-૩૩૭)*

(૧૬૯) હે અલી ! હું તમારા માટે એ જ પસંદ કરું છું કે જે મારા માટે પસંદ કરું છું અને જે મારા માટે અનિચ્છનીય સમજું છું, તેને તમારા માટે પણ અનિચ્છનીય સમજું છું.

*(સહીહ તિરમીઝી, જિલ્દ-૧, સફા-૫૮)*

(૧૭૦) હે અલી ! જે તારી સાથે સાચી મોહબ્બત રાખે તે સદા સુખી રહે અને અફસોસ છે તેના ઉપર કે જે તારી સાથે દુશ્મનાવટ રાખે અને તારા વિષે અસત્ય બોલે.

*(ઝખાએરુલ ઉકબા, સફા-૯૨)*

(૧૭૧) જેણે અલીથી મોહબ્બત રાખી તેણે મારાથી મોહબ્બત રાખી અને જેણે અલીથી દુશ્મનાવટ રાખી તેણે મારાથી દુશ્મનાવટ રાખી. જેણે અલીને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે અલ્લાહને ઈજા પહોંચાડી.

*(રિયાઝુન્નઝરા, જિલ્દ-૨, સફા-૧૬૬)*

(૧૭૨) મોમિનના આમાલનામાની પ્રસ્તાવના અલી સાથેની મોહબ્બત છે.

*(કન્ઝુલ હકાએક અલ મનાવી, સફા-૯૨)*

(૧૭૩) અલી(અ.) સાથે મોહબ્બત રાખવી તે એક એવી નેકી છે કે જેને કોઈ પણ દુર્ગુણ નુકસાન નથી કરી શકતો.

*(કન્ઝુલ હકાએક, સફા-૬૨)*

(૧૭૪) અલીથી દુશ્મનાવટ રાખવી એક એવો દુર્ગુણ છે કે જેની સાથેની કોઈ નેકી લાભ પહોંચાડી શકતી નથી.

*(કન્ઝુલ હકાએક, સફા-૫૩)*

(૧૭૫) અલીથી મોહબ્બત ગુનાહોને એવી રીતે ખાઈ જાય છે કે જેવી રીતે આગ લાકડાને (ખાઈ જાય છે).

*(તારીખે બગદાદ, જિલ્દ-૪, સફા-૧૯૪)*

(૧૭૬) હું ઈલ્મનું શહેર છું અને અલી તેનો દરવાજો છે; તેથી જે શહેરમાં દાખલ થવા ઈચ્છે તેણે દરવાજાથી આવવું જોઈએ.

*(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ-૬, સફા-૪૦૧)*

(૧૭૭) મારા પછી ફિત્ના ઊભા થશે. જ્યારે આવું થવા લાગે તો અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ને સાથ આપજો કારણ કે તે એવો પહેલો બંદો છે કે જે મને જોશે અને કયામતના દિવસે સૌથી પહેલાં મારાથી મુસાફહો કરશે. તે સિદ્દિકે અકબર છે અને આ ઉમ્મતનો ફારૂક છે કે જે હક અને બાતિલમાં ભેદ કરશે અને તે જ મોમિનનો પેશવા છે.

*(અસદુલ ગાબા, જિલ્દ-૫, સફા-૨૮૭)*

(૧૭૮) જ્યાં સુધી અલી(અ.) પરવાનો નહીં લખી

આપે ત્યાં સુધી કોઈ સિરાત પરથી પાર નહીં ઉતરી શકે.

*(રિયાઝુન્નઝરા, જિલ્દ-ર, સફા-૧૭૭)*

(૧૭૯) હે અલી ! તમે કયામતના દિવસે જન્નત અને જહન્નમને વહેંચનારા હશો.

*(સવાએક ઈબ્ને હજર, સફા-૭૫)*

(૧૮૦) હે ફાતેમા ! અલ્લાહ તારી ખુશીથી રાજી થાય છે અને તારી નારાજગીથી નારાજ થાય છે. *(ઝખાએરુલ ઉકબા, સફા-૩૯)*

(૧૮૧) હસન(અ.) અને હુસૈન(અ.) બન્ને મારાં સુગંધીદાર ફૂલો છે.

*(સહીહ તિરમીઝી, જિલ્દ-ર, સફા-૩૦૬)*

(૧૮૨) હસન(અ.) અને હુસૈન(અ.) મારા બેટાઓ છે. જેણે એ બન્ને સાથે મોહબ્બત રાખી, તેણે મારી સાથે મોહબ્બત રાખી અને જેણે મારી સાથે મોહબ્બત રાખી, તેની સાથે અલ્લાહ મોહબ્બત રાખે છે અને અલ્લાહ જેની સાથે મોહબ્બત રાખે છે તેને જન્નતમાં દાખલ કરે છે. જેણે એ બન્નેની સાથે દુશ્મનાવટ રાખી તો જાણે તેણે મારી સાથે દુશ્મનાવટ રાખી અને જેણે મારી સાથે દુશ્મનાવટ રાખી, અલ્લાહ તેની સાથે દુશ્મનાવટ રાખે છે અને જેની સાથે અલ્લાહ દુશ્મનાવટ રાખે છે તેને જહન્નમમાં દાખલ કરે છે.

*(મુસ્તદરક સહીહૈન, જિલ્દ-3, સફા-૧૬૬)*

(૧૮૩) હસન(અ.) અને હુસૈન(અ.) જન્નતના જવાનોના સરદાર છે.

*(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ-૭, સફા-૧૦૭)*

(૧૮૪) હુસૈન(અ.) મારાથી છે અને હું હુસૈન(અ.)થી છું. અલ્લાહ તેનાથી મોહબ્બત રાખે છે કે જે હુસૈન(અ.)થી મોહબ્બત રાખે છે. હુસૈન(અ.) મારા નવાસાઓમાંથી એક નવાસો છે.

*(સહીહ તિરમીઝી, જિલ્દ-ર, સફા-૩૦૭)*

(૧૮૫) ફાતેમા મારા શરીરનો એક ટુકડો છે. જેણે તેને નારાજ કરી, તેણે મને નારાજ કર્યો.

*(ફૈઝુલ કદીર, જિલ્દ-૪, સફા-૪૨૧)*

(૧૮૬) મહદી(અ.) મારી આલમાંથી અને ફાતેમા(સ.)ની ઓલાદમાંથી હશે.

*(સહીહ ઈબ્ને દાઉદ, જિલ્દ-૨૭, સફા-૧૩૪)*

(૧૮૭) જો દુનિયાની મુદતનો ફક્ત એક જ દિવસ બાકી રહી જશે તો અલ્લાહ તે દિવસને એટલો બધો લાંબો કરશે કે તેમાં તે એવા માણસને જાહેર કરશે કે જેનું નામ મારા નામ ઉપરથી હશે.

*(ઝખાએરુલ ઉકબા, સફા-૧૩૬)*

(૧૮૮) કયામત તે સમય સુધી નહીં આવે કે જ્યાં સુધી જમીન જુલ્મો જોર અને દુશ્મનાવટથી ભરાઈ ન જાય. ત્યાર પછી મારી અહલેબૈતમાંથી એક સભ્ય જાહેર થશે અને જમીનને ન્યાયથી એવી રીતે ભરી દેશે કે જેવી રીતે તે જુલ્મથી ભરાઈ ચૂકેલી હતી.

*(મુસ્તદરક અલ સહીહૈન, જિલ્દ-૪, સફા-૫૫૭)*

(૧૮૯) રસૂલ(સ.)એ ફાતેમા ઝહરા(સ.)ને ફરમાવ્યું, અમારો પયગમ્બર બધા નબીઓથી અફઝલ છે કે જે તારો પિતા છે અને અમારો શહીદ બધા શહીદોથી અફઝલ છે કે જે તારા પિતાના કાકા હમ્ઝા(અ.) છે અને અમારામાંથી તે બંદો છે કે જેને બે પાંખો મળી છે કે જેના વડે તે જન્નતમાં જ્યાં ઈચ્છે ઉડે છે અને તે તારા પિતાના કાકાનો દીકરો જાફર છે અને આ ઉમ્મતના બન્ને નવાસા અમારામાંથી જ છે અર્થાત તારા ફરઝંદો હસન(અ.) અને હુસૈન(અ.) અને મહદી(અ.) પણ અમારામાંથી જ છે.

*(ઝખાએરુલ ઉકબા, સફા-૪૪)*